ગ્રંથમાળા નંબર—૨ જો.

# નવતત્ત્વનો સુંદર બોધ.

(અવચૂરી સહિત.)

ભાષાંતર કરી પ્રગટ કર્ત્તા.

## શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર.

ભાવનગર-ધી "વિદ્યાવિજય" પ્રિન્ટિંગ પ્રેસમાં
શાહ પુરૂષોત્તમ ગીગાભાઈએ છાપ્યું.

પ્રત ૨૦૦૦.

વીર સંવત ૨૪૩૦ આત્મ સંવત ૯ સંવત ૧૯૬૦

કીંમત રૂ. ૧-૦-૦ એક રૂપૈયો.

# પ્રસ્તાવના.

જૈન દર્શનના જ્ઞાનના ચાર અનુયોગમાં વિભાગ પડેલા છે. તેમાં પ્રથમ વિભાગ દ્રવ્યાનુયોગ છે. આ ગ્રંથ એ દ્રવ્યાનુયોગ વિભાગનો અંશ છે. નવતત્વના વિષય ઉપર જૂદાજૂદા અનેક વિદ્વાનોએ વૃત્તિઓ ( ટીકા ) કરેલી છે. તેમાં હાલના સમયમાં શા ભીમશી માણેકના તરફથી પ્રસિદ્ધ થયેલ નવતત્વના પુસ્તકનું અધ્યયન કરવામાં આવે છે. નવતત્વ ઉપર એક પ્રાચિન વિદ્વાને અવચૂરી લખેલી છે; તેની જુની પણ સુંદર અને શુદ્ધ પ્રત અમારા વાંચવામાં આવતા માલમ પડયું કે, આ અવચૂરીનું સંસ્કૃત એવું તો સરલ અને રસીક છે કે, નવતત્વનું પ્રાથમિક અધ્યયન કરનારને ઉલ્લાસ સાથે કંઠાગ્ર કરવાની જીજ્ઞાસા થાય તેવું છે તેથી તેમજ નવતત્વના વિશાળ જ્ઞાન રૂપ સમુદ્રમાં પ્રવેશ કરવાને આ પુસ્તક નાવ રૂપે લાગવાથી તેનું મુળ તથા અવચૂરી સાથે ભાષાંતર કરી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેમાં દરેક તત્વની તથા તેના ભેદોની વ્યાખ્યા સ્પષ્ટ અને સંક્ષિપ્ત સ્વરૂપમાં બતાવવામાં આવેલી છે.

આ ગ્રંથ છપાવવામાં ધોરાજીવાળા મરહુમ શેઠ કાનજી કરશનજીના વિધવા બાઈ ઉજમબાઇના વસીયત નામાના ટ્રસ્ટી અને આ સભાના સભાસદ શા દામોદરદાસ હરજીવનદાસે સદરહુ બાઇના કરેલા વીલમાં લખ્યા મુજબ જ્ઞાનખાતામાંથી જ્ઞાનના ઉત્તેજનાર્થે જે મદદ આપી છે તેને માટે આ સભા ઉપકાર માને છે.

આ ગ્રંથ વાંચતાં કોઇ પણ જાતની ભૂલ દ્દષ્ટીએ પડે તો સુજ્ઞ જનો સુધારી વાંચશે અને માફ કરશે એવી વિનંતી છે.

હેરીસ રોડ.
સં. ૧૯૬૦
ધનતેરસ.

પ્રસિદ્ધ કર્તા.

શ્રી જૈન આત્માનંદ સભા.

॥ श्री ॥

# नवतत्त्वबोध :।

## ( अवचूरीसहित : )

जीवाऽजीवा पुण्णं पावासवसंवरो अ निज्जरणा ।
बंधो मुरको अ तहा, नव तत्ता हुंति नायव्वा ॥ १ ॥

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ, એ નવતત્વ જાણવા યોગ્ય છે. ૧

## अवचूरी.

जयति श्रीमहावीरः श्रेयःश्रीश्रेणिसंश्रयः ।
सम्यग् जीवादितत्वानामवबोधनिबंधनम् ॥ १ ॥

કલ્યાણ લક્ષ્મીની શ્રેણીના આશ્રયરૂપ અને સમ્યગ્ જીવાદિ તત્વોના બોધના કારણરૂપ એવા શ્રીમહાવીર ભગવંત જય પામે છે. ૧

नवतत्वस्य परिमितपरिमाणस्य प्रभूततरार्थस्य अतीवगंभीरार्थस्य मुग्धजनावबोधाय विचारः किंचिदुच्यते ।

જેનું[1] પરિમાણ[2] પરિમિત છે પણ જેનો અર્થ વિશેષ વિસ્તારવાળો અને અતિગંભીર છે એવા નવતત્વનો કાંઇક વિચાર મુગ્ધ ( અલ્પબુદ્ધિ ) જનને જ્ઞાન થવા માટે કહીએ છીએ.

तथाहि जीवेति–एतानि नवानां तत्वानां नामान्युक्तानि ।

તે આ પ્રમાણે 'जीवाजीवे' એ ગાથાવડે નવતત્વના નામ કહ્યા.

तथाहि । जीवतत्वं १ अजीवतत्वं २ पुण्यतत्वं ३ पापतत्वं ४ आश्रवतत्वं ५ संवरतत्वं ६ निर्जरातत्वं ७ बंधतत्वं ८ मोक्षतत्वं ९

તે નવ તત્વના નામ આ પ્રમાણે ૧ જીવતત્વ, ૨ અજીવતત્વ, ૩ પુણ્યતત્વ, ૪ પાપતત્વ, ૫ આશ્રવતત્વ, ૬ સંવરતત્વ, ૭ નિર્જરાતત્વ, ૮ બંધતત્વ, અને ૯ મોક્ષતત્વ.

तत्वमिति कोर्थः स तत्वं स्वरूपमिति यावत् ।

તત્વ એ શબ્દનો શું અર્થ? તત્વ એ શબ્દનો અર્થ સ્વરૂપ થાય છે.

तत्र प्रथमं जीवतत्वं ।

તેમાં પેલું જીવતત્વ છે.

जीवः कीदृश उच्यते ।

જીવ કોને કહેવાય ?

जीवति दशविधान् प्राणान् धारयतीति जीवः ।

દશ પ્રકારના પ્રાણને ધારણ કરે તે જીવ કહેવાય.

---

૧ વિસ્તાર. ૨ માપવાળો.

दशविधप्राणाश्च कीदृशाः ।

દશ પ્રકારના પ્રાણ કયા ?

पंचेंद्रियाणि त्रिविधं बलं च
उच्छ्वासनिःश्वासमथान्यदायुः ।
प्राणा दशैते भगवद्भिरुक्ता
स्तेषां वियोजीकरणं तु हिंसा ॥ १ ॥

પાંચ ઇંદ્રિય, ત્રણ પ્રકારનું બલ ( મનોબલ, વચનબલ, કાયબલ ) શ્વાસોચ્છ્વાસ અને આયુષ—એ દશ પ્રાણ ભગવંતે કહેલા છે. તે[1] પ્રાણનો વિયોગ કરવો, તે હિંસા કહેવાય છે. ૧

एवंविधदशप्राणधारको जीवः तस्य स्वरूपं यद्विचार्यते तज्जीवतत्वं ।

એવીરીતના દશ પ્રાણને ધારણ કરનાર જીવ કહેવાય, તેનુ તત્વ એટલે સ્વરૂપ જેમાં વિચારવામાં આવે તે જીવતત્વ કહેવાય છે.

द्वितीयं अजीवतत्वं जीवादन्योऽजीवः प्राणचेतनारहित इतिभावःतस्य तत्वं स्वरूपं यत्तदजीवतत्वम् ।

બીજું અજીવ તત્વ જીવથી બીજું તે અજીવ, એટલે પ્રાણ ચેતના રહિત, તેનું જે તત્વ—સ્વરૂપ તે અજીવ તત્વ કહેવાય છે.

तृतीयं पुण्यतत्वं पुण्यं कीदृशं यत् शुभप्रकृ-

---

૧–તે પ્રાણોથી જીવને રહિત કરવો=છુટો કરવો.

त्यात्मकं कर्म जीवानां सौख्यं ददाति तत्पुण्यं तस्य तत्वं पुण्यतत्वं ।

त्रीजुं पुण्यतत्व. पुण्य એટલે શું ? જે શુભ પ્રકૃતિ રૂપ કર્મ જીવને સુખ આપે તે પુણ્ય કહેવાય છે. તે પુણ્યનું તત્વ—સ્વરૂપ.

चतुर्थं पापतत्वं पापं किमुच्यते यद् अशुभप्रकृत्यात्मकं कर्म जीवानां दुःखं ददाति तत्पापं तस्य तत्वं पापतत्वम् ।

પાપતત્વ. પાપ એટલે શું ? જે અશુભ પ્રકૃતિ રૂપ કર્મ જીવને દુઃખ આપે તે પાપ કહેવાય છે. તેનું તત્વ—સ્વરૂપ તે પાપતત્વ.

पंचमं आश्रवतत्वं आश्रवंति आगच्छंति यस्मात्पापानि जीवेषु स आश्रवः तस्य तत्वं स्वरूपं आश्रवतत्वं ।

પાંચમું આશ્રવતત્વ. જેનાથી જીવોમાં પાપ આવે તે આશ્રવ કહેવાય છે તેનું તત્વ—સ્વરૂપ તે આશ્રવતત્વ.

षष्टं संवरतत्वं संव्रियंते निवार्यंते कर्माणि यस्मात्स संवरः तस्य तत्वं स्वरूपं संवरतत्वं ।

છઠું સંવરતત્વ. જેનાથી આવતા કર્મ અટકે તે સંવર કહેવાય છે. તેનું તત્વ—સ્વરૂપ તે સંવરતત્વ.

सप्तमं निर्जरातत्वं नितरां अतिशयेन जीर्यंते क्षीयंते कर्माणि यया सा निर्जरा द्वादशधा तपोरूपा

तस्यास्तत्वं स्वरूपं निर्जरातत्वं ।

સાતમું નિર્જરાતત્વ. જે વડે કર્મ ( દેશથકી ) વિશેષે કરી ક્ષય પામે તે નિર્જરા કહેવાય છે. તે નિર્જરા, તપ રૂપે બાર પ્રકારની છે. તેનું તત્વ—સ્વરૂપ તે નિર્જરાતત્વ.

अष्टमं बंधतत्वं बध्यं ते जीवेन सह संबद्धानि कर्माणि क्रियंते येन स बंधः तस्य तत्वं—स्वरूपं बंधतत्वं ।

આઠમું બંધતત્વ જે વડે જીવની સાથે લાગેલા ( આવીને રહેલા ) કર્મનો સંબંધ થાય તે બંધ કહેવાય છે. તેનું તત્વ—સ્વરૂપ તે બંધતત્વ.

नवमं मोक्षतत्वं सकलकर्मणां सर्वथा क्षयलक्षणो मोक्षः तस्य तत्वं मोक्षतत्वं ।

નવમું મોક્ષતત્વ સર્વ કર્મનો સર્વથા ક્ષય થાય તે મોક્ષ કહેવાય છે. તેનું તત્વ—સ્વરૂપ તે મોક્ષતત્વ.

च शब्द एवार्थे ।

મૂલમાં च શબ્દનો અર્થ एव ( જ ) થાય છે.

एतान्येव नवतत्वानि यथासिद्धांतोक्तप्रकारेण ज्ञेयानि नतु कुतीर्थिककल्पितानि ।

એટલાજ નવ તત્વો સિદ્ધાંતમાં કહેલા પ્રકાર વડે જાણવા યોગ્ય છે. પરંતુ કુતીર્થિક ( અન્યમતિ ) લોકોએ કલ્પેલા તત્વ જાણવા યોગ્ય નથી.

कुत्रापि पुण्यपापयोर्बंधे अंतर्भावात् सप्तैव तत्वानि उक्तानि ।

કોઈ સ્થલે પુણ્ય અને પાપતત્વને બંધતત્વમાં સમાવેશ થવાથી સાતજ તત્વો કહેલા છે.

एवं नवानां तत्वानां नामान्युक्तानि ।

એવીરીતે નવ તત્વના નામ કહ્યા.

इत्येकगाथा व्याख्याता ॥ ॥

એ પ્રમાણે પેલી ગાથાની વ્યાખ્યા સમાપ્ત થઈ.

अथ नवतत्वानां भेदसंख्यानं कथयति ।

હવે નવ તત્વનાં ભેદની સંખ્યા કહે છે.

चउदस चउदस बाया, लीसा बासीअ हुंति बायाला ।

सत्तावन्नं बारस, चउ नव भेआ कमेणेसिं॥२॥

ચૌદ, ચૌદ, બેંતાલીશ, બ્યાશી, બેંતાલીશ, સત્તાવન, બાર, ચાર અને નવ- એમ અનુક્રમે નવતત્વના ભેદ થાય છે. ૨

## अवचूरी.

चनइति–एतेषां नवानां तत्वानां क्रमेण एते भेदा ज्ञातव्याः ।

એ નવતત્વના અનુક્રમે આ ભેદ જાણવા.

यथा ।

તે આ પ્રમાણે–

चतुर्दश भेदा जीवानां ।

જીવના ચૌદ ભેદ છે.

चतुर्दश भेदा अजीवाना ।

અજીવના ચૌદ ભેદ છે.

द्विचत्वारिंशद्भेदाः पुण्यप्रकृतीनां ।

પુણ્ય પ્રકૃતિના બેંતાલીશ ભેદ છે.

व्यशीतिभेदाः पापप्रकृतीनाम् ।

પાપ પ્રકૃતિના બ્યાશી ભેદ છે.

द्विचत्वारिंशद् भेदा आश्रवद्वाराणां ।

આશ્રવના બેંતાળીશ ભેદ છે.

सप्तपंचाशद्भेदा : संवरस्य ।

સંવર તત્વના સત્તાવન ભેદ છે.

द्वादशभेदा निर्जरायाः ।

નિર્જરાના બાર ભેદ છે.

चत्वारो भेदा बंधस्य ।

બંધતત્વના ચાર ભેદ છે.

नवभेदा मोक्षस्य ।

મોક્ષના નવ ભેદ છે.

एवं नवानां तत्वानां भेदसंख्यां निगद्य अथ एतेषां भेदानां क्रमेण विवरणं वक्ति—

એ નવ તત્વના ભેદની સંખ્યા કહીને હવે એ ભેદનું અનુક્રમે વિવેચન કરે છે—

---

एगविह दुविह तिविहा, चउविहा पंचछविहा जीवा ।
चेयण तस ईयरेहिं, वेय गइ करण काएहिं ॥ ३ ॥
एगिंदिय सुहुमियरा, सन्नियर पणिंदिआ य स बि ति चउ ।
अपजत्ता पजत्ता, कमेण चउदश जियठाणा ॥ ४ ॥

એ જીવ તત્વ चेयण ( चेतन ) રૂપે એકવિધ છે, तस ( त्रस ) રૂપે અને ईयर ( इतर ) સ્થાવર રૂપે દ્વિવિધ છે, वेय

(वेद) રૂપે ત્રિવિધ છે, गई (गति) રૂપે ચતુર્વિધ છે, करण (इंद्रिय) રૂપે પંચવિધ છે અને काए (काय) રૂપે ષડ્વિધ છે ૩

એકેંદ્રિયના સૂક્ષ્મ અને બાદર એમ બે ભેદ છે. પંચેદ્રિયના સંજ્ઞી અને અસંજ્ઞી એમ બે ભેદ છે. (એ બેના મળી-ચાર ભેદ થયા) बि એટલે બેંદ્રિય, ति એટલે તેંદ્રિય અને चउ એટલે ચૌરિંદ્રિય એ પ્રત્યેકના એક એક ભેદ ગણતાં સાત ભેદ થાય છે. તે સાતને અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ બે પ્રકારે ગણતાં અનુક્રમે જીવ તત્વના ચૌદ સ્થાન (ભેદ) થાય છે. ૪

## अवचूरी.

एगविहेति एगेंदियेति—इह अत्र जिनशासने चतुर्दश जीवस्थानानि ज्ञातव्यानि ।

આ જિનશાસનમાં જીવના ચૌદ સ્થાન (ભેદ) જાણવા.

यथा ।

તે આ પ્રમાણે—

एकेंद्रियाः एकं शरीरलक्षणं इंद्रियं येषां ते एकेंद्रियाः ।

એક શરીર રૂપ ઇંદ્રિય છે જેમને તે એકેંદ્રિય કહેવાય છે.

ते च द्विधा सूक्ष्मा बादराश्च ।

તે એકેંદ્રિય જીવ સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારના છે.

तत्र सूक्ष्माश्चर्मचक्षुषा अदृश्याः ।

તેમાં ચર્મચક્ષુથી ન જોઇ શકાય તે સૂક્ષ્મ કહેવાય છે.

बादराः पुनर्दृश्याः ।

ચર્મચક્ષુથી જોઈ શકાય તે બાદર કહેવાય છે.

ते च द्वयेऽपि पृथिवीकाय–अप्काय–तेजःकाय वायुकाय–वनस्पतिकायरूपाः ।

તે બંને (સૂક્ષ્મ અને બાદર) પૃથ્વીકાય, અપ્કાય, તેઊકાય[१], વાયુકાય અને વનસ્પતિકાય રૂપ થાય છે.

तथा द्वींद्रियाः द्वे शरीररसनालक्षणे इंद्रिये येषां ते द्वींद्रियाः ।

શરીર અને રસના (જીભ) એ બે ઇંદ્રિયો જેમને હોય તે બેઇંદ્રિય કહેવાય છે.

शंख–कपर्दक–गंडोल–जलूका–कृमि–पूतरक प्रमुखाः ।

તે શંખલા, કોડા, ગીંગોડા, જલો, કરમીયાં અને પૂરા વિગેરે જાણવા.

तथा त्रींद्रियाः त्रीणि शरीररसनाघ्राणलक्षणानि इंद्रियाणि येषां ते त्रींद्रियाः ।

શરીર, રસના અને નાસિકા રૂપ ત્રણ ઇંદ્રિયો જેમને હોય તે ત્રીંદ્રિય કહેવાય છે.

पिपीलिका–यूका–मत्कूणोपदेहिका–मत्कोटक-गर्दभक–गोकीटक–धान्यकीटक–कुंथुकप्रमुखा-ज्ञातव्याः ।

१—અગ્નિકાય.

કીડી, જૂં, માંકડ, ઊધઈ, મંકોડા, ગધેયા, ગોકીટ, ધનેડા, કુંથવા, વિગેરે તેંદ્રિય જાણવા.

तथा चतुरिंद्रियाः चत्वारि शरीररसनाघ्राणच क्षुर्लक्षणानि इंद्रियाणि येषां ते चतुरिंद्रियाः ।

શરીર, રસના, નાસિકા અને ચક્ષુ—એ ચાર ઇંદ્રિયો જેમને છે તે ચતુરિંદ્રિય કહેવાય છે.

मक्षिका—भ्रमर—दंश—मशक—कंसारिका—शल त्र—पतंग—वृश्चिकप्रमुखा ज्ञातव्याः ।

માંખી, ભમરા, ડાંશ, મશલા, કંસારી, ટીડ, પતંગીયા, અને વીંછી, વિગેરે ચતુરિંદ્રિય જીવ જાણવા.

तथा पंचेंद्रियाः पंच शरीर-रसना-घ्राण-चक्षुः कर्णलक्षणानि इंद्रियाणि येषां ते पंचेंद्रियाः ।

શરીર, રસના, નાસિકા, નેત્ર, અને કાન—એ પાંચ ઇંદ્રિય, જેમને હોય તે પંચેંદ્રિય કહેવાય છે.

ते च द्विधा संज्ञिनः असंज्ञिनश्च ।

તે પંચેંદ્રિય જીવ બે પ્રકારના છે. સંજ્ઞી અને અસંજ્ઞી.

तत्र असंज्ञिनः संमूर्छिमाः खंजन-दर्दुर-मत्स्य-सर्प-प्रमुखाः वांतपित्तश्लेष्मशुक्रमूत्ररुधिरादिप्रभव जंतवश्च मनोरहिता ज्ञेयाः ।

તેમાં અસંજ્ઞી પંચેંદ્રિય મન રહિત સંમૂર્છિમ જાણવા. જેવા કે, ખંજન, દેડકા, માંછલા, અને સર્પ પ્રમુખ તથા વમન (ઉલટી) પિત્ત, શ્લેષ્મ (બડખા) શુક્ર, મૂત્ર, અને રૂધિર વિગેરેમાં ઊપજ

થનારા જંતુઓ તે અસંજ્ઞી પંચેદ્રિય છે.

संज्ञिनः पुनर्गर्भजाः ते च तिर्यंचः जलचराः खेचराः स्थलचरास्तथा मनुष्या देवा नारकाः सर्वेप्येते संज्ञिनो मनः संयुक्ताः ।

સંજ્ઞીં પંચેદ્રિય તે ગર્ભજ ( ગર્ભમાંથી થનારા ) જીવ છે તે. જલચર ( જલમાં ફરનારા ) ખેચર ( આકાશમાં ઊડનારા ) સ્થલચર ( ભૂમિ ઉપર ચાલનારા ) એવા તિર્યંચ જીવ તથા મનુષ્ય, દેવ અને નારકી એ સર્વે મનવાલા હોવાથી સંજ્ઞી પંચેંદ્રિય કહેવાય છે.

एवं एकेंद्रिया द्विभेदाः ।

એવી રીતે બે ભેદવાલા એકેંદ્રિય જીવ,

द्वींद्रियाः त्रींद्रियाः चतुरिंद्रियाः पंचेंद्रिया द्विभेदा : ।

બેંદ્રિય, તેંદ્રિય, ચઉરિંદ્રિય અને બે ભેદવાલા પંચેંદ્રિયજીવ,

इत्येते सप्तभेदा जीवाः सर्वेऽपि पर्याप्ता अपर्याप्ताश्च भवन्ति ।

એવી રીતે એ સાત ભેદવાલા સર્વે જીવો પર્યાપ્તા અને અપર્યાપ્તા થાય છે.

ततश्चतुर्दशभेदा जीवाः संजाताः ।

એ પ્રમાણે એકંદર ચૌદ પ્રકારના જીવ થાય.

तत्र पर्याप्तास्ते कथ्यन्ते ये स्वकीयपर्याप्तिभिः

सर्वाभिः संपूर्णा भवंति ।

તેમાં જે પોતાની સર્વ પર્યાપ્તિથી સંપૂર્ણ હોય તે પર્યાપ્તા કહેવાય છે.

पर्याप्तयः पुनः षड् भवंति ।

પર્યાપ્તિ છ પ્રકારની છે.

आहारपर्याप्तिः १ शरीरपर्याप्तिः २ इंद्रियपर्याप्तिः ३ उच्छ्वासपर्याप्तिः ४ भाषापर्याप्तिः ५ मनःपर्याप्तिः । ६

૧ આહાર પર્યાપ્તિ ૨ શરીર પર્યાપ્તિ, ૩ ઇંદ્રિય પર્યાપ્તિ, ૪ ઊચ્છ્વાસ પર્યાપ્તિ, ૫ ભાષા પર્યાપ્તિ અને ૬ મનઃપર્યાપ્તિ—એ છ પર્યાપ્તિ કહેવાય છે.

पर्याप्तिशब्देन शक्तिरुच्यते ।

પર્યાપ્તિ શબ્દનો અર્થ[1] શક્તિ થાય છે.

तत्र एकेंद्रियाणां आहार–शरीर–इंद्रिय-उच्छ्वास–निःश्वास लक्षणाश्चतस्रः पर्याप्तयो भवंति ।

તેમાં એકેંદ્રિય જીવોને અહાર, શરીર, ઇંદ્રિય, ઊચ્છ્વાસ નિશ્વાસ—એ લક્ષણવાળી ચાર પર્યાપ્તિ હોય છે.

द्वींद्रियत्रींद्रियचतुरिंद्रियाणां आहार–शरीर-

---

૧ જીવની સાથે બંધાયેલા કર્મના દળમાં શક્તિ પ્રગટ થતાં તે શક્તિ વડે અન્ય પુદ્ગળ સ્કંધોનો ઊપચય (સંચય-વૃદ્ધિ)–થવાથી તેમાં પ્રગટથયેલી, અન્ય પુદ્ગળોને પરિણમાવવા રૂપ વિશેષ શક્તિ તે પર્યાપ્તિ કહેવાય છે.

इंद्रिय–उच्छ्वासनिश्वास–भाषालक्षणाः पंचपर्याप्तयः स्युः।

બેંદ્રિય, તેંદ્રિય અને ચઊરિંદ્રિય જીવોને આહાર, શરીર, ઇંદ્રિય, ઊશ્વાસનિશ્વાસ અને ભાષા-એ પાંચ પર્યાપ્તિ હોય છે.

पंचेंद्रियाणां पुनः आहार-शरीर–इंद्रिय-उच्छ्वासनिःश्वास–भाषा–मनोलक्षणाः षट् पर्याप्तयः स्युः।

પંચેંદ્રિય જીવોને આહાર, શરીર, ઇંદ્રિય, ઉચ્શ્વાસનિશ્વાસ, ભાષા અને મન લક્ષણવાળી છ પર્યાપ્તિ હોય છે.

एवं येषां जीवानां यावन्मात्राः पर्याप्तयो भवंति ते जीवास्तावन्मात्राभिः सर्वाभिः पर्याप्तिभिः पर्याप्ताः कथ्यंते।

એવી રીતે જે જીવોની જેટલી પર્યાપ્તિ હોય તે જીવ તેટલી સર્વ પર્યાપ્તિ વડે પર્યાપ્તા કહેવાય છે.

तद्विपरीता पुनः अपर्याप्ता मंतव्याः

તે ઉપર કહેલા પર્યાપ્તા જીવથી જે વિપરીત ( ઉલટા ) તે અપર્યાપ્તા જાણવા.

सूक्ष्मैकेंद्रियपर्याप्ताः सूक्ष्मैकेंद्रियापर्याप्ताः बादरैकेंद्रियपर्याप्ता बादरैकेंद्रियापर्याप्ताः।

સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્તા અને સૂક્ષ્મ એકેંદ્રિય અપર્યાપ્તા. બાદર એકેંદ્રિય પર્યાપ્તા અને બાદર એકેંદ્રિય અપર્યાપ્તા.

एवं द्वित्रिचतुः पंचेंद्रियसंज्ञ्यसंज्ञिनः पर्या-

प्तापर्याप्ताः सर्वे जीवाश्चतुर्दशभेदा ज्ञातव्याः।

એવી રીતે દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય અને પંચેંદ્રિય સંજ્ઞી અસંજ્ઞી પર્યાપ્તા અપર્યાપ્તા સર્વે જીવના ચૌદ ભેદ જાણવા.

## इति जीवतत्वं प्ररूपितम्।

એવી રીતે જીવ તત્વ નિરૂપણ કરેલું છે.

## अथ अजीवतत्वम्।

धम्माधम्मागासा, तिय तिय भेया तहेव अद्धाय।
खंधा देस पएसा, परमाणु अजीव चउद-सहा॥ ५॥

૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય, એ ત્રણુના સ્કંધ, દેશ અને પ્રદેશ એવા ત્રણ ત્રણ ભેદ છે. ( દરેકને ત્રણે ગુણતાં બધા મલી નવ ભેદ થાય છે. ) તેમજ અદ્ધા ( એ કાલ દ્રવ્યનો સમયરૂપ એક પ્રદેશ તે દશમો ભેદ) અને य ( च ) શબ્દથી પુદ્ગલાસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એ ચાર ભેદ એ બધાં સાથે મેલવતાં અજીવ તત્વના ચૌદ ભેદ થાય છે. ૫

## अवचूरी.

धम्माधम्मेति—एते चतुर्दशभेदा अजीवानां।

એ અજીવ તત્વના ચૌદ ભેદ છે.

धर्मास्तिकायः अधर्मास्तिकायः आकाशास्ति-कायः एते प्रत्येकं त्रिधा।

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય,—એ દરેક ત્રણ પ્રકારના છે.

तथाहि । धर्मास्तिकायस्य स्कंधः देशः प्रदेशः तथा अधर्मास्तिकायस्य त्रयः तथा आकाशास्तिकायस्य त्रयः ।

તે આ પ્રમાણે—ધર્માસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશ, એવા ત્રણ ભેદ છે તથા અધર્માસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશ, એવા ત્રણ ભેદ છે. અને આકાશાસ્તિકાયના (એજ) ત્રણ ભેદ છે.

एवं नवन्नेदा अन्नूवन् ।

એવી રીતે નવ ભેદ થયા.

तत्र अस्तीनां प्रदेशानां कायः समूहः अस्तिकायः ।

તેમાં અસ્તિ એટલે પ્રદેશ તેઓનો કાય એટલે સમૂહ તે અસ્તિકાય કહેવાય છે.

तत्रस्कंधः कीदृगुच्यते ।

તેમાં સ્કંધ એટલે શું કહેવાય?

चतुर्दशरज्ज्वात्मके लोके सकलोऽपि यो धर्मास्तिकायः स सर्वोऽपि स्कंधः कथ्यते ।

ચૌદ રાજલોકમાં જે સર્વ ધર્માસ્તિકાય છે, તે સઘળો સ્કંધ કહેવાય છે.

तस्य धर्मास्तिकायस्य कियन्मात्रो न्नागो देश उच्यते ।

તે ધર્માસ્તિકાયનો કાંઈક ઓછો અથવા અમુક પ્રમાણનો ભાગ તે દેશ કહેવાય છે.

तस्य धर्मास्तिकायस्य निर्विभागो भागः प्रदेशः ।

તે ધર્માસ્તિકાયનો વિભાગ ન પડી શકે તેવો ભાગ તે પ્રદેશ કહેવાય છે.

एवं अधर्मास्तिकायाकाशास्तिकाययोरपि स्कंध–देश–प्रदेशा ज्ञेयाः ।

એવીરીતે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયના સ્કંધ, દેશ અને પ્રદેશ જાણી લેવા.

तथाद्धा कालः समयादिलक्षणः स च दशमो भेदः ।

તથા અદ્ધા એટલે સમયાદિલક્ષણવાળો જે કાલ, તે દશમો ભેદ છે.

तथा पुद्गलानां चत्वारो भेदाः स्कंध–देश–प्रदेश–परमाणवश्च ।

તેમ પુદ્ગલના (પુદ્ગલાસ્તિકાયના) સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ–એવા ચાર ભેદ છે.

तत्र द्व्यणुकादयः क्रमेण एकादिवृद्ध्या अणंताणुकावसानाः स्कंधाः ।

તેમાં બે અણુ વિગેરેમાં એક એક વધારતાં અનુક્રમે અનંતા અણુ સુધીના સ્કંધ કહેવાય છે.

तेषां कियन्मात्रा भागा देशाः प्रोच्यंते ।

તેઓના કેટલાએક પ્રમાણના ભાગને દેશ કહે છે.

तेषां निर्विन्नागा न्नागाः पुनः प्रदेशा नण्यंते ।

તેમના ફરી વિભાગ ન થઇ શકે તેવા ભાગને પ્રદેશ કહે છે.

परमाणवः पुनः परस्परमसंबद्धा अतीव सूक्ष्माः स्कंधादिकारणरूपा निर्विन्नागा एव ज्ञातव्याः ।

પરસ્પર સંબંધ વગરના, અતિસૂક્ષ્મ, સ્કંધ વિગેરેના કારણ રૂપ અને જેનો વિભાગ થઈ શકે નહીં તે પરમાણુ જાણવા.

एवं अजीवाः चतुर्दशन्नेदा नवंति ।

એવી રીતે અજીવતત્વ ચૌદ પ્રકારનું છે. ૫

अथ एतेषां विशेषस्वरूपं प्ररुपयति ।

હવે તેમનું વિશેષ સ્વરૂપ કહે છે.

धम्माधम्मापुग्गल,नह कालो पंच हुंति अज्जीवा ।
चलणसहावो धम्मो, थिरसंठाणो अहम्मो अ ॥ ६ ॥

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલ એ પાંચ અજીવ દ્રવ્ય છે. તેમાં જેનો ચલન સ્વભાવ ગુણ હોય તે ધર્માસ્તિકાય અને જેનો સ્થિર સ્વભાવ ગુણ હોય તે અધર્માસ્તિકાય કહેવાય છે. ૬

## अवचूरी.

धम्मेति–धर्मास्तिकायाधर्मास्तिकायपुद्गला-स्तिकायाः नत्र आकाशास्तिकायः कालः समयादिः एतानि पंचद्रव्याणि अजीवाः प्रोच्यन्ते ।

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલ ( સમયાદિવિભાગ ) એ પાંચ દ્રવ્ય અજીવ કહેવાય છે.

षष्ठं जीवद्रव्यं एवं जिनशासने षट् द्रव्याणि कथ्यन्ते ।

છઠું જીવદ્રવ્ય-એવી રીતે જિનશાસનમાં ષટ્ દ્રવ્યકહેવાય છે.

अथ क्रमेण धर्मास्तिकायादीनां लक्षणमाह ।

હવે અનુક્રમે ધર્માસ્તિકાય વિગેરના લક્ષણ કહે છે

चलणेति–चलनस्वभावो धर्मास्तिकायः ।

ચલન ( હાલવું-ચાલવું ) એ જેનો સ્વભાવ છે તે ધર્માસ્તિકાય કહેવાય છે.

* जीवानां पुद्गलानां च गमनं कुर्वतां यद् द्रव्यं साहाय्यं ददाति तद्धर्मास्तिकायः ।

---

* જીવ અને પુદ્ગળને ગતિપણે પરિણમતાં જે અપેક્ષા કારણ હોય તેને ધર્માસ્તિકાય કહે છે. કારણ ચાર પ્રકારના છે. ૧ ઉપાદાન, ૨ નિમિત્ત, ૩ અસાધારણ, ૪ અપેક્ષા. જેમ માટીનો ઘટ બનાવવામાં ભૂમિ અને આકાશ અપેક્ષા કારણરૂપ છે તેમ જીવ અને પુદ્ગળને ગમનાગમન કરવામાં ધર્માસ્તિકાય, અપેક્ષા કારણરૂપ છે.

જીવ અને પુદ્ગલને ગમન કરતાં ( હાલવાચાલવામાં ) જે દ્રવ્ય સહાય આપે છે તે ધર્માસ્તિકાય છે.

यथा मत्स्यानां जलं धर्मास्तिकायः इत्यर्थः ।

જેમ માંછલાને ( સંચાર કરવામાં સહાયરૂપ ) જલ ધર્માસ્તિકાય છે, તેમ અહિં સમજવું એ અર્થ છે.

स्थिरसंस्थानः पुनः अधर्मास्तिकायः ।

સ્થિર રાખવાનો જેનો સ્વભાવ છે તે અધર્માસ્તિકાય કહેવાય.

स्थिरसंस्थान इति किमुच्यते ।

સ્થિર સ્વભાવ એટલે શું કહેવાય?

यद् द्रव्यं जीवपुद्गलानां स्थितिं कुर्वतां सान्निध्यं ददाति सः अधर्मास्तिकाय इति भावः ।

૧ જે દ્રવ્ય જીવ અને પુદ્ગલોને સ્થિતિ કરતાં સાંનિધ્ય ( પાસે રહેવાપણું ) આપે તે ( સ્થિર રાખવાના સ્વભાવવાળો) અધર્માસ્તિકાય-એવો ભાવાર્થ છે.

एतौ धर्माधर्मास्तिकायौ यत्र वर्त्तेते स लोकाकाशः ।

તે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય જ્યાં રહે તે લોકાકાશ કહેવાય છે.

---

૧ જેમ મુસાફરને રસ્તે ચાલતાં વિશ્રામ લેવામાં વૃક્ષાદિની છાંયા તે અપેક્ષા કારણ છે તેમ જીવ તથા પુદ્ગળને સ્થિતિપણે પરિણમતાં અપેક્ષા કારણરૂપ તે અધર્માસ્તિકાય છે

चतुर्दशरज्जुप्रमाणः ।

તે ચૌદ રાજલોકના પ્રમાણવાલો છે.

ततः परस्तु अलोकाकाशः ।

તે લોકાકાશથી બીજો તે અલોકાકાશ છે.

एवं धर्माधर्मास्तिकाययोर्विशेषस्वरूपं प्ररूपितम् ॥ ६ ॥

એવીરીતે ધર્મ્માસ્તિકાય અને અધર્મ્માસ્તિકાયનું વિશેષ સ્વરૂપ નિરૂપણ કર્યું. ૬

---

अथ आकाशपुद्गलयोः स्वरूपमाह ।

હવે આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયનું સ્વરૂપ કહે છે.

अवगाहो आगासं, पुग्गलजीवाण पुग्गला चउहा ।
खंधा देस पएसा, परमाणु अ चेव नायव्वा ॥ ७ ॥

## अवचूरी.

अवगाहो-इति जीवपुद्गलानां अवकाशः जीवानां पुद्गलानां च यद् अवकाशं, ददाति

तत् आकाशं तत् आकाशद्रव्यमिति भावः ।

જીવ પુદ્ગલોનો અવકાશ તે આકાશ અર્થાત્ જીવ અને પુદ્ગલોને જે અવકાશ આપે તે આકાશ એટલે આકાશદ્રવ્ય કહેવાય છે.

पुद्गलाश्चतुर्विधाः स्कंध—देश—प्रदेश—परमाणु भेदैर्ज्ञातव्याः ।

સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ—એવા ભેદથી પુદ્ગલો ચાર પ્રકારના જાણવા.

स्कंधादीनां स्वरूपं पूर्वमेवोक्तं ज्ञातव्यं । ७

સ્કંધ વિગેરેનું સ્વરૂપ પ્રથમ કહેલું છે તે પ્રમાણે જાણી લેવું ७

---

अथ कालस्वरूपमाह ।

હવે કાલનું સ્વરૂપ કહે છે.

एगाकोडी सतसट्ठि लरका सतहुत्तरीसहस्सा य ।
दोयसया सोलहिया, आवलिया इग मुहुत्तम्मि ॥ ८ ॥

એક કરોડ, સડસઠ લાખ સત્યોત્તેર હજાર, બસો અને સોળ, એટલી આવળિકા એક મુહૂર્તમાં થાય છે. ८

समयावली मुहुत्ता, दीहा परका य मासवरिसा य ।

भणिओ पलिआ सागर, उस्सप्पिणी स-
प्पिणी कालो ॥ ९ ॥

સમય, આવળી, મુહૂર્ત, દિવસ, પક્ષ, માસ, વર્ષ, પલ્યો-
પમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અને અવસર્પિણી એ કાલ કહેવાયછે.

## अवचूरी.

समयावलीति–समयोऽत्यंतसूक्ष्मकालः ।

અતિસૂક્ષ્મ કાલને સમય કહે છે.

आवलिका असंख्यातसमयप्रमाणा ।

અસંખ્યાત સમયને એક આવલિકા કહે છે.

निगोदजीवानां एकश्वासोच्छ्वासमध्ये सप्तदश-वारान् यावन्मरणं अष्टादशसंख्योत्पत्तिरपि भवति तेषां आयुः ( २५६ ) आवलिका ।

१ નિગોદના જીવોને એક શ્વાસોચ્છ્વાસમાં સત્તરવાર સુધી મરણ પર્યંત અઢારમી સંખ્યાવાળા ભવની ઉત્પત્તિ પણ થાય છે. તેમનું આયુષ્ય ( ૨૫૬ ) આવલિકા પ્રમાણ છે.

मुहूर्त्तं घटीद्वयप्रमाणं ।

બે ઘડીનું એક મુહૂર્ત્ત થાય છે.

दिवसोऽहोरात्ररूपः त्रिंशन्मुहूर्त्तप्रमाणः ।

---

૧—બસોછપ્પન આવલીનો નિગોદના જીવનો એક ક્ષુલ્લક ભવ-સાડા-સત્તર ક્ષુલ્લકભવ જેટલો કાળ તે શ્વાસોચ્છ્વાસરુપ પ્રાણ—સાતપ્રાણનો એક સ્તોક—સાતસ્તોકનો એક લવ—સત્તોતેર લવનો એક મુહૂર્ત.

તેવા ત્રીશ મુહૂર્ત્તનો અહોરાત્ર રૂપ દિવસ થાય છે.

पक्षः पंचदशाहोरात्ररूपः ।

પંદર અહોરાત્ર રૂપ દિવસનો એક પક્ષ (પખવાડીયું) થાય છે.

मासः पक्षद्वयप्रमाणः ।

બે પખવાડીયાનો એક માસ થાય છે.

वर्षं द्वादशमासप्रमाणं ।

બાર માસનું એક વર્ષ થાય છે.

पल्योपमं कूपदृष्टांतेन प्रसिद्धम् ।

કુવાના દૃષ્ટાંત વડે પલ્યોપમ પ્રસિદ્ધ છે.

सागरोपमं दशकोटाकोटी पल्योपमप्रमाणम् ।

દશ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે.

उत्सर्पिणी दशकोटाकोटीसागरोपमप्रमाणा ।

દશ કોડાકોડી સાગરોપમે એક ઉત્સર્પિણી થાય છે.

उत्सर्पिणीप्रमाणा एव अवसर्पिणी ।

ઊત્સર્પિણીના પ્રમાણ જેટલું જ અવસર્પિણીનું પ્રમાણ છે.

एष सर्वोऽपि कालः सूर्यगतिक्रियापरिच्छिन्नो ज्ञातव्यः

આ સર્વે કાલ સૂર્યની ગતિ અને ક્રિયાના પરિમાણ ઉપર જાણવો.

एवं अजीवतत्वस्य चतुर्दशभेदाः प्रोक्ताः ।

એવી રીતે અજીવતત્વના ચૌદ ભેદ કહેલા છે. ૯

॥ इति अजीवतत्वम् ॥

अथ पुण्यतत्वभेदान् द्विचत्वारिंशतं विवृणोति ।

હવે પુણ્યતત્વના બેંતાળીશ ભેદનું વિવેચન કરે છે.

सा उच्चगोअ मणुदुग, सुरदुग पंचिंदि जाइ पणदेहा ।
आइ तितणूणु वंगा, आइमसंघयण संठाणा ॥ १० ॥
वण्ण चउक्काऽगुरुलहु, परघा ऊसास आयवु-ज्जोअं ।
सुभ खगइ निमिण तसदस, सुरनर तिरि-आउ तित्थयरं ॥ ११ ॥

૧ સાતા વેદનીય, ૨ ઉચ્ચગોત્ર, ૩ મનુષ્યની ગતિ ૪ મનુષ્યની આનુપૂર્વીની પ્રાપ્તિ, ૫ દેવતાની ગતિ, ૬ દેવતાની આનુપૂર્વીની પ્રાપ્તિ, ૭ પચેંદ્રિય જાતિ પંચ દેહા એટલે પાંચ શરીર રૂપ નામકર્મ. ૮ ઔદારિક શરીર. ૯ વૈક્રિય શરીર, ૧૦ આહારક શરીર, ૧૧ તૈજસ શરીર, ૧૨ કાર્મણ શરીર,

આદિ ત્રિતનુ એટલે આદિના ઔદારિક વૈક્રિય તથા આહારક એ ત્રણ શરીરના અંગ ઉપાંગ, અને અંગોપાંગ છે. જેમકે- ૧૩ ઔદારિક અંગોપાંગ, ૧૪ વક્રિય અંગોપાંગ, ૧૫ આહારક અંગોપાંગ, ૧૬ પહેલુ સંઘયણ, ૧૭ પેહેલુ સંસ્થાન, વર્ણાદિક ચાર એટલે ૧૮ શુભ વર્ણ, ૧૯ શુભ ગંધ, ૨૦ શુભ રસ, ૨૧ શુભ સ્પર્શ, ૨૨ અગુરૂ લઘુ, ૨૩ પરાઘાત, ૨૪ શ્વાસોચ્શ્વાસ, ૨૫ આતપ, ૨૬ ઉદ્યોત, ૨૭ શુભવિહાયોગતિ, ૨૮ નિર્માણ ૩૮ ત્રસદશક, ૩૯ સુરાયુષ્ય, ૪૦ મનુષ્યાયુષ્ય, ૪૧ તિર્યંચાયુષ્ય અને ૪૨ તીર્થંકર નામ કર્મ—એપુણ્યકર્મના બેંતાલીશ ભેદ કહ્યા. ૧૦—૧૧—

## अवचूरी.

साउच्चगोअ इति, वण्णचउक्क इति पुण्य तत्वस्य एते द्विचत्वारिंशद्भेदा भवंति ।

—પુણ્યતત્વના એ બેંતાલીશ ભેદ થાય છે.

यथा—सातं सातावेदनीयं कर्म येन जीवः सौख्यानि लभते ॥ १ ॥

૧ સાત એટલે સાતાવેદનીય કર્મ, જે વડે જીવ સુખ પામે છે.

उच्चैर्गोत्रं यस्मिन्नुत्पन्नो जीवः सर्व जनमान्यः स्यात् ॥ २ ॥

૨ બીજુ ઉચ્ચગોત્ર. જેમાં ઉત્પન્ન થયેલો જીવ સર્વ લોકોને માનવા યોગ્ય થાય છે.

मनुष्यद्विकं मनुष्यगति—मनुष्यानुपूर्वीरूपम् ॥ ३—४ ॥

૩-૪ મનુષ્યદ્વિક એટલે મનુષ્ય ગતિ અને મનુષ્ય આનુપૂર્વી.

यया कर्मप्रकृत्या जीवो मनुष्यगतित्वं लभते सा मनुष्यगतिः।

જે કર્મની પ્રકૃતિથી જીવને મનુષ્ય ગતિ પણું પ્રાપ્ત થાય, તે મનુષ્યગતિ કહેવાય છે.

यया कर्म प्रकृत्या मनुष्यगतिबद्धायुः जीवोऽन्यत्र गच्छन् मनुष्यगतौ आनीयते सा मनुष्यानुपूर्वी।

જે કર્મ પ્રકૃતિથી જીવ મનુષ્યગતિનું આયુષ્ય બાંધી બીજે જતો હોય તેને પાછો મનુષ્યગતિમાં જેણે ફરીલાવવામાં આવે તે મનુષ્યાનુપૂર્વી ૧ કહેવાય છે.

सुरद्विकं सुरगति–सुरानुपूर्वीरूपं। ४

૫-૬ સુરદ્વિક—એટલે દેવતાની ગતિ અને દેવતાની આનુપૂર્વી.

सा मनुष्यगति–मनुष्यानुपूर्वीवत् ज्ञेया।

તે મનુષ્યગતિ અને મનુષ્ય આનુપૂર્વીની જેમ જાણી લેવી.

पंचेंद्रियजातिः यया जीवस्य पंचेंद्रियत्वं स्यात्। ७

૭ જેનાથી જીવને પંચેંદ્રિયપણું થાય તે પંચેંદ્રિય જાતિ કહેવાય છે.

पंच देहाः शरीराणि।

પંચ દેહ એટલે પાંચ પ્રકારના શરીર.

---

૧ જેમ વાંકા ચાલતા બળદને નાથ ઘાલીને સીધો ચલાવવામાં આવે તેમ પરભવમાં વક્રગતિએ જતાં એવા જીવને પોતાના ઉપજવાના સ્થાનકે જે કર્મ ખેંચીને લઇ જાય તે આનુપૂર્વી કહેવાય છે.

औदारिकं वैक्रियं आहारकं तैजसं कार्मणं च ।

૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તૈજસ અને ૫ કાર્મણ.

औदारिकं उदारैः स्फारैः पुद्गलैः निष्पन्नं तत् औदारिकम् । ८

૮ ઉદાર-મોટા પુદ્ગલોથી બનેલું તે ઔદારિક શરીર કહેવાય છે.

तिर्यग्मनुष्याणां योग्यं शरीरम् । ८

તે ઔદારિક શરીર તિર્યંચ તથા મનુષ્યોને યોગ્ય છે.

* वैक्रियं विविधक्रियाया निष्पन्नं । ९

૯ વિવિધ ક્રિયાથી બનેલું શરીર વૈક્રિય શરીર કહેવાય છે.

देवनारकाणां शरीरं वैक्रियलब्धिकृतं शरीरं ज्ञेयम् ।

દેવ નારકીનું શરીર વૈક્રિય લબ્ધિથી થયેલું શરીર જાણવું.

आहारकशरीरं यत्र चतुर्दशपूर्वधरैः संदेहोच्छेदाय तीर्थंकरऋद्धिदर्शनाय वा महाविदेहगमनार्थं एकहस्तप्रमाणात्यंतविशिष्टरूपसंपन्नं विधीयते शरीरं तत् आहारकशरीरम् । १०

૧૦ જેમાં ચૌદ પૂર્વધારી પોતાનો સંદેહ છેદવાને અથવા

---

* વૈક્રિય શરીરના બે ભેદ છે. ૧ ઔપપાતિક તે દેવતા અને નારકીને જે હોય છે. તે ૨ લબ્ધિ પ્રાપ્ત થવાથી, તે તિર્યંચ તથા મનુષ્ય લબ્ધિવંતને જે હોય છે તે.

તીર્થંકરની રીદ્ધિ જોવાને અર્થે મહાવિદેહ ક્ષેત્રમાં જવાને એક હાથ પ્રમાણનું અતિ વિશિષ્ટ રૂપવાળું શરીર કરે તે આહારક શરીર કહેવાય છે.

तैजसशरीरं तत् येन शरीरेण जीवैः आहारो गृहीतः खलु रसादिधातुरूपतया परिणतिं नीयते यद्वशात्तपोलब्ध्या तेजोलेश्यानिर्गमश्च क्रियते तत्तैजसं । ११

૧૧ જે શરીર વડે જીવે ગ્રહણ કરેલો આહાર રસાદિ ધાતુ રૂપે પરિણામ પામે અને જેથી તપોલબ્ધિ વડે તેજોલેશ્યા નિષ્પન્ન થાય, તે તૈજસ શરીર કહેવાય છે.

कार्मणशरीरं अष्टविधकर्मविकाररूपं सर्वशरीरकारणभूतं । १२

૧૨ આઠ પ્રકારના કર્મના વિકાર રૂપ અને સર્વ પ્રકારના શરીરનું કારણ ભૂત કાર્મણ શરીર કહેવાય છે.

तैजसकार्मणशरीरे संसारिजीवानां अनादिकाल संबद्धे भवतः ।

તૈજસ અને કાર્મણ શરીર સંસારી જીવોને અનાદિકાલથી સંબદ્ધ થયેલા છે.

मोक्षगमनं विना तयोः कदापि वियोगो न स्यात् ।

મોક્ષે જવા શિવાય તે તૈજસ અને કાર્મણ શરીરનો વિયોગ કદી પણ થતો નથી.

एवं द्वादशपुण्य प्रकृतयोऽनूवन् ।

એવી રીતે બાર પુણ્ય પ્રકૃતિ થઇ.

आदिशरीरत्रयस्य उपांगानि ।

પેલા ત્રણ શરીરને ઊપાંગ છે.

औदारिकस्य १३ वैक्रियस्य १४ आहारकस्य १५

૧૩ ઔદારિક, ૧૪ વૈક્રિય અને ૧૫ આહારક— એ ત્રણ શરીરને ઊપાંગ છે.

तैजसकार्मणयोर्न नवति ।

તૈજસ અને કાર્મણ શરીરને ઊપાંગ નથી.

आदिसंहननं वज्ररिषन्ननाराचसंहननलक्षणं। १६

૧૬ વજ્રરીષભનારાચ નામે પેહેલું સંહનન ( સંઘયણ )

संस्थानं समचतुरस्त्ररूपं । १७

૧૭ સમચતુરસ્ર સંસ્થાન.

वर्णचतुष्कं वर्ण १८ गंध १९ रस २० स्पर्श २१ रूपम् ।

વર્ણચતુષ્ક એટલે ૧૮ વર્ણ, ૧૯ ગંધ, ૨૦ રસ, અને ૨૧ સ્પર્શ.

अत्र पुण्यप्रकृत्यधिकारे प्रशस्तं ग्राह्यं अप्रशस्तं पुनः पापप्रकृत्यधिकारे कथयिष्यते ।

આ પુણ્ય પ્રકૃતિનો અધિકાર છે તેથી વર્ણ ચતુષ્કમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ પ્રશસ્ત એટલે શુભ જાણવા. અને આગલ પાપ પ્રકૃતિના અધિકારમાં અપ્રશસ્ત એટલે અશુભ કહેવામાં આવશે.

अगुरुलघुनामकर्म येन कर्मणा जीवानां शरीरं न गुरुलघु स्यात् किंतु समतान्नावे स्यात् । २२

૨૨ જે કર્મથી જીવનું શરીર બહુ ભારે કે બહુ હલકું ન થાય પણ સમતા ભાવે (સરખું) થાય; તે અગુરૂલઘુ નામ કર્મ કહેવાય છે.

पराघातनामकर्म येन परेषां बलवतामपि जीवः अनाकलनीयः स्यात् । २३

૨૩ જે કર્મથી જીવ બીજા બલવાન્ જીવોથી પણ અજિત થાય તે પરાઘાત નામ કર્મ કહેવાય છે.

उच्छ्वासनामकर्मयेन जीवः श्वासोच्छ्वासलब्धि युक्तः स्यात् । २४

૨૪ જેનાથી જીવ શ્વાસોચ્છ્વાસની લબ્ધિવાલો થાય, તે ઊચ્છ્વાસ નામ કર્મ કહેવાય છે.

आतपनामकर्म येन जीवस्यस्वयमनुष्णमपि उष्णप्रकाशसंयुक्तं शरीरं स्यात् यथा सूर्यमंडले पृथ्वीकायजीवानां इदं सूर्यमंडले एव नान्यत्र २५

૨૫ જેનાથી જીવનું ઉષ્ણતાવગરનું શરીર ઉષ્ણ પ્રકાશવાળું થાય, તે આતપ નામ કર્મ કહેવાય છે. તેનું શરીર સૂર્યના મંડલમાં રહેલા પૃથ્વીકાય જીવોનું હોય છે. તે સૂર્યમંડલમાંજ હોય બીજે હોતું નથી.

उद्योतनामकर्म यत्र जीवानां अनुष्णप्रकाश-युक्तं शरीरं स्यात् यथाचंद्रमंडले ज्योतिश्चक्रादिषु । २६

२६ જેમાં જીવનું શરીર અનુષ્ણ ( શીતલ ) પ્રકાશવાલું થાય તે ઉદ્યોત નામ કર્મ કહેવાય છે. જેમ ચંદ્રમંડલમાં જયોતિશ્ચક્ર વિગેરેમાં હોય છે તેમ.

शुभखगति शुभविहायोगति नामकर्म विहायसा नभसागतिः गमनं विहायोगतिः । २७

२७ શુભખગતિ એટલે શુભ વિહાયોગતિ નામકર્મ વિહાયસા એટલે આકાશ વડે ગમન તે વિહાયોગતિ કહેવાય છે.

विहायोग्रहणं चतुर्गतिव्यामोहविच्छेदार्थं ।

અહિં ' विहायस् ' શબ્દનું ગ્રહણ ચારગતિના વ્યામોહનો વિચ્છેદ કરવાને કરેલું છે.

यया जीवानां शुभा गतिः स्यात् यथा हंसगज वृषभादीनाम् ।

જે વડે જીવને હંસ, હાથી અને વૃષભ વિગેરેના જેવી શુભગતિ ( ચાલવું ) થાય છે.

निर्माण नामकर्म येन जीवशरीरे अंगप्रत्यंगानां नियतप्रदेशव्यवस्थापनं क्रियते यथा सूत्रधारेण पुत्तलिकादौ । २८

२८ જેનાથી પુતળી વિગેરેમાં સૂત્રધાર ( કારીગર ) ની જેમ જીવના શરીરમાં અંગ અને પ્રત્યંગની નિયમિત પ્રદેશમાં વ્યવસ્થા કરવામાં આવે તે નિર્માણ નામકર્મ કહેવાય છે.

त्रसदशकं अग्रेतनगाथाया व्याख्यास्यते ।

૩૮ ત્રસદશક નામકર્મની વ્યાખ્યા પછીની ગાથામાં કરવામાં આવશે.

सुरनरतिर्यगायुस्त्रितयं यैः कर्मन्निः देवमनुष्यतिर्यग्न्नवेषु जीव्यते । ४१

૪૧ જે કર્મથી દેવ, મનુષ્ય અને તિર્યંચના ભવમાં જીવાય તે દેવતાયુષ્ય મનુષ્યાયુષ્ય અને તિર્યંચાયુષ્ય—એમ ત્રણ કર્મ કહેવાય છે.

तीर्थंकर नामकर्म येन चतुस्त्रिंशदतिशयादि तीर्थंकरऋद्धिसंयुक्तो जीवः त्रिन्नुवनस्यापि पूज्यः स्यात् । ४२

૪૨ જેનાથી ચોત્રીશ અતિશય વિગેરે તીર્થંકરની સમૃદ્ધિએ યુક્ત એવો જીવ ત્રણ ભુવનને પણ પૂજ્ય થાય તે તીર્થંકર નામકર્મ કહેવાય છે.

केवल्यवस्थायां तस्योदयः स्यात् ।

તે તીર્થંકર કર્મનો ઉદય કેવલી અવસ્થામાં થાય છે.

इति द्विचत्वारिंशत् न्नेदाः पुण्यप्रकृतिनां ज्ञेयाः ।

એ પુણ્ય પ્રકૃતિના બેંતાલીશ ભેદ જાણવા.

अथ पूर्वोक्तं त्रसदशकं व्याख्यानयति ।

હવે પ્રથમ કહેલ ત્રસદશકની વ્યાખ્યા કરે છે.

तस बायर पज्जत्तं पत्तेअ थिरं सुभं च सुभगं च ।
सुस्सर आइज्ज जसं तसादिदसगं इमं होइ ॥१२॥

त्रस, બાદર, પર્યાપ્તિ, પ્રત્યેક, સ્થિર, શુભ, શુભગ, સુસ્વર, આદેય, અને યશ નામ કર્મ-આ ત્રસાદિદશક (ત્રસ વિગેરે દશ) કહેવાય છે. ૧૨

## अवचूरी.

तसइति गाथाव्याख्या—त्रसनाम कर्म येन "त्रस्यंति उष्णाद्यभितप्ताः छायादौ गच्छंतीति त्रसाः" द्वींद्रियादिनामकर्मोदयः । १

૧ ઊષ્ણતા વિગેરેથી તપેલા છાયા વિગેરેમાં જાય તે ત્રસ જીવ કેહેવાય છે. તેવા બેઇંદ્રી વિગેરે નામકર્મનો જેનાથી ઊદય થાય તે ત્રસ નામકર્મ કહેવાય છે.

बादर नामकर्म येन जीवा बादरा स्थूलाश्चक्षुर्ग्राह्या भवंति येन मनुष्यैर्जीवशरीरं दृश्यते इति भावः । २

૨ જેનાથી જીવ બાદર એટલે નેત્રથી જોઈ શકાય તેવા સ્થૂલ જીવ થાય તે બાદર નામકર્મ કહેવાય છે. ભાવાર્થ એવો છે કે, જે બાદર જીવનું શરીર મનુષ્યોથી જોઈ શકાય છે.

पर्याप्ति नामकर्म येन जीवा निजपर्याप्तियुक्ता भवंति । ३

૩ જેનાથી જીવ પોતપોતાની પર્યાપ્તિ એ યુક્ત થાય તે પર્યાપ્તિ નામકર્મ કહેવાય છે.

प्रत्येक नामकर्म येन एकस्मिन् जीवशरीरे एक एव जीवः । ४

૪ જેનાથી જીવના એક શરીરમાં એકજ જીવ હોય તે પ્રત્યેક નામકર્મ કહેવાય છે.

येन बह्वो जीवा एकशरीरे भवंति तत्साधारणं नामकर्म पापप्रकृतिमध्ये कथयिष्यते ।

જેનાથી એક શરીરમાં ઘણાં જીવો થાય તે સાધારણ નામ કર્મ પાપ પ્રકૃતિમાં આગલ કહેવામાં આવશે.

स्थिरनामकर्म येन जीवानां दंतास्थ्यादि स्थिरं स्यात् । ५

૫ જેનાથી જીવને દાંત, અસ્થિ વિગેરે સ્થિર—દૃઢ થાય તે સ્થિર નામકર્મ કહેવાય છે.

शुभनामकर्म येन जीवानां नाभेरूर्ध्वशरीरं शुभं स्यात् । ६

૬ જેનાથી જીવને નાભિની ઉપરનું શરીર સારૂં પ્રાપ્ત થાય તે શુભ નામ કર્મ કહેવાય છે.

सुभग नामकर्म येन जीवः सर्वजनवल्लभः स्यात् । ७

૭ જે વડે જીવ સર્વજનને પ્રિય થાય તે સુભગ નામકર્મ કહેવાય છે.

सुस्वरनामकर्म येन जीवानां माधुर्यादिगुणः सुस्वरः स्यात् । ८

૮ જે વડે જીવનો સ્વર મધુરતા વિગેરે ગુણ વાળો થાય, તે સુસ્વર નામકર્મ કહેવાય છે.

आदेयनामकर्म येन जीवः सर्वजनमान्यवचनः स्यात् । ए

૯ જેનાથી જીવ જે વચન બોલે તે સર્વ જનને માન્ય થાય તે આદેય નામ કર્મ કહેવાય છે.

यशःकीर्तिनामकर्म येन जीवो यशःकीर्ति युक्तो जवति । १०

૧૦ જેનાથી જીવ યશ—કીર્ત્તિવાલો થાય તે યશ:કીર્ત્તિ નામ કર્મકહેવાય છે.

एवं द्विचत्वारिंशद्भेदभिन्नं तृतीयं पुण्यतत्वं प्ररूपितम् ।

એવી રીતે બેંતાલીશ ભેદવાલું ત્રીજું પુણ્યતત્વ નિરૂપણ કર્યું.

इति पुण्यतत्वम्

---

अथ चतुर्थं पापतत्वं कथ्यते ।

હવે ચોથું પાપતત્વ કહે છે.

---

नाणंतरायदसगं, नव बीए नीअ साय मिच्छत्तं ।

थावरदस नरयतिगं, कसायपणवीस तिरिय-
दुगं ॥ १३ ॥
इग बि ति चउ जाईओ, कुखगइ उवघाय
हुंति पावस्स ।
अपसत्थं वण्णचउ, अपढम संघयण संठाणा
॥ १४ ॥

જ્ઞાનાવરણીયકર્મ અંતરાયકર્મ વિગેરે દશ— (૧ મતિજ્ઞાનાવરણીય, ૨ શ્રુતજ્ઞાનાવરણીય, ૩ અવધિજ્ઞાનાવરણીય, ૪ મનઃપર્યવજ્ઞાનાવરણીય, ૫ કેવલ જ્ઞાનાવરનીય, ૬ દાનાંતરાય ૭ લાભાંતરાય, ૮ ભોગાંતરાય, ૯ ઉપભોગાંતરાય ૧૦ વીર્યાંતરાય, ) બીજા નવ પ્રકાર દર્શનાવરણીયના— ૧૯ (ચાર ભેદ દર્શનના અને પાંચ નિદ્રાના ) ૨૦ નીચગોત્ર, ૨૧ અસાતાવેદનીય, ૨૨ મિથ્યાત્વ મોહનીય. ૩૨ સ્થાવરદશક ( સ્થાવર પ્રમુખ દશ ભેદ ) ૩૫ નરકત્રિક ( ત્રણ ભેદ નારકીના ) ૬૦ પચવીશ કષાયના ૬૨ તિર્યંચ દ્વિક ( તિર્યંચના બે ભેદ ) ૬૬ એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિય જાતિનામકર્મ, ૬૭ અશુભવિહાયોગતિ નામકર્મ, ૬૮ ઉપઘાત નામ કર્મ, ૭૨ અપ્રશસ્ત અશુભ ) વર્ણચતુષ્ક ( અશુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ) ૭૭ અપ્રથમ સંઘયણ ( પેહેલી સંઘયણ વિનાની પાંચ સંઘયણ ) ૮૨ પેહેલા સંસ્થાન શિવાયના પાંચ સંસ્થાન એ બ્યાશી ભેદ પાપતત્વના છે. ૧૩—૧૪—

## अवचूरीः

नाणंतरायदसगं इति इगबितिश्रति—ज्ञाना-

वरणीयपंचकं अंतरायपंचकं च एवं दसकं ज्ञातव्यं।

પાંચ પ્રકારનુ જ્ઞાનાવરણીય કર્મ અને પાંચ પ્રકારનું અંતરાયકર્મ—એ બે મળી દશ જાણવા.

ज्ञानावरणपंचकं नच्यते।

પાંચ જ્ઞાનાવરણીય કહે છે—

मतिज्ञानावरणं १ श्रुतज्ञानावरणं २ अवधिज्ञानावरणं ३ मनःपर्यायज्ञानावरणं ४ केवलज्ञानावरणं ५।

૧ મતિજ્ઞાનાવરણીય, ૨ શ્રુતજ્ઞાનાવરણીય, ૩ અવધિ જ્ઞાનાવરણીય, ૪ મનઃપર્યાયજ્ઞાનાવરણીય અને ૫ કેવલજ્ઞાના વરણીય.

तत्र मतिज्ञानावरणं पंचन्निः इंड्यिैः षष्ठेन मनसा जीवस्य यद् ज्ञानंस्यात् तन्मतिज्ञानम्। तस्य आवरणं मतिज्ञानावरणं। १

૧ તેમાં પાંચ ઇંદ્રિય અને છઠા મનથી જીવને જે જ્ઞાન થાય તે મતિજ્ઞાન કહેવાય છે. તેનું આવરણ ( આચ્છાદન ) મતિજ્ઞાનાવરણ કહેવાય છે.

श्रुतं द्विधा इव्यश्रुतं नावश्रुतं च

શ્રુત બે પ્રકારનું છે. દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત.

इव्यश्रुतं द्वादशांगीलक्षणं। नावश्रुतं द्वादशांगीसमुत्पन्नोपयोगरूपं तस्य श्रुतज्ञानस्य आवरणं श्रुतज्ञानावरणं। २

૨ દ્વાદશાંગી જેનું લક્ષણ છે તે દ્રવ્યશ્રુત અને જે દ્વાદશાંગીથી ઉત્પન્ન થયેલ ઉપયોગરૂપ છે તે ભાવશ્રુત કહેવાય છે. તેવા શ્રુતજ્ઞાનનું જે આવરણ, તે શ્રુતજ્ઞાનાવરણ કહેવાય છે.

**अवधिज्ञानं द्विप्रकारं गुणहेतुकं भवहेतुकं च ।**

અવધિજ્ઞાન બે પ્રકારનું છે. ગુણહેતુક ભવહેતુક.

**देवनारकाणां भवहेतुकं श्राद्धसाधूनां गुणहेतुकं स्यात् ।**

દેવતા અને નારકીને ભવહેતુક અવધિજ્ઞાન થાય છે અને શ્રાવક તથા સાધુને ગુણહેતુક અવધિજ્ઞાન થાય છે.

**तस्य आवरणं अवधिज्ञानावरणं ।३**

૩ તે અવધિજ્ઞાનનું જેમાં આવરણ તે અવધિજ્ઞાનાવરણ કર્મ કહેવાય છે.

**मनः पर्यवज्ञानावरणं मनः पर्यायज्ञानं सार्द्धद्वितिय द्वीपसमुद्रस्थितसंज्ञिपंचेंद्रियमनोविषयं द्विभेदं ऋजुमति विपुलमति रूपं साधूनामेव भवति ।**

અઢી દ્વીપ સમુદ્રમાં રહેલા સંજ્ઞી પંચેંદ્રિય જીવોના મનના વિષયને જણાવનારૂં જે જ્ઞાન તે મન:પર્યાય જ્ઞાન કહેવાય. તે રીજુમતિ અને વિપુલમતિ એમ બે પ્રકારનું છે. તે જ્ઞાન સાધુઓનેજ થાય છે.

**तस्य आवरणं मनः पर्यवज्ञानावरणं । ४**

૪ તે મન:પર્યવજ્ઞાનનુ જેમાં આવરણ થાય તે મન:પર્યવજ્ઞાનાવરણ કર્મ કહેવાય છે.

केवलज्ञानावरणं घनघातिचतुष्टयक्षयसमुत्पन्नं सकललोकालोकविषयं केवलज्ञानं तस्य आवरणं केवलज्ञानावरणं । ५

૫ જે ઘન—ઘાટા ઘાતિ ચતુષ્ટય ( ચાર પ્રકારના ઘાતિ કર્મ ) ના ક્ષય થવાથી ઉત્પન્ન થાય અને સકલ લોકાલોકનો વિષય જેમાં જાણી શકાય તે કેવલજ્ઞાન કહેવાય છે. તેનું જે આવરણ તે કેવલજ્ઞાનાવરણ કર્મ કહેવાય છે.

तथा अंतरायपंचकं व्याख्यायते ।

હવે પાંચ પ્રકારનાં અંતરાય કર્મની વ્યાખ્યા કરે છે.

तत्र दानांतराय—लाभांतराय—भोगांतराय—उपभोगांतराय—वीर्यांतराय रूपं ।

તે ૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪ ઉપભોગાંતરાય અને ૫ વીર્યાંતરાય—એમ પાંચ પ્રકારનું છે.

येन कर्मणा वित्ते पात्रे च प्राप्ते सति दानफलं जानन्नपि न ददाति तद्दानांतरायं । ६

૬ જે કર્મથી દ્રવ્ય અને પાત્ર પ્રાપ્ત થતાં અને દાનનું ફલ જાણતાં છતાં આપી શકાય નહીં તે દાનાંતરાય કર્મ કહેવાય છે.

येन सामग्रीसमायोगेऽपि लाभो न स्यात् तल्लाभांतरायं । ७

૭ જે કર્મથી સામગ્રીનો યોગ થયા છતાં લાભ ન થાય તે લાભાંતરાય કર્મ જાણવું.

येन भोग्यवस्तुप्राप्तावपि भोक्तुं न लभते तद्भोगांतरायं । ८

८ જેનાથી ભોગ્ય ( ભોગવવાયોગ્ય ) વસ્તુની પ્રાપ્તિ થયા છતાં પણ ભોગવવાં મલે નહીં, તે ભોગાંતરાય કર્મ કહેવાય છે.

येन उपभोग्यवस्तुषु विद्यमानेष्वपि भोक्तुं न शक्नोति तत् उपभोगांतरायम् । ४

૯ જેનાથી ઉપભોગ્ય વસ્તુ વિદ્યમાન છતાંપણ તે ભોગવી શકાય નહીં તે ઉપભોગાંતરાય કર્મ કહેવાય છે.

येन नीरोगोऽपि वयस्थो हीनबलः स्यात् तद्वीर्यांतरायं । ५

૧૦ જેનાથી નીરોગી અને યુવાન છતાં પણ જીવ બલહીન થાય તે વીર્યાંતરાય કર્મ કહેવાય છે.

पंचकद्वयमीलने दशकं ज्ञातव्यम् ।

એ જ્ઞાનાવરણીય કર્મ પાંચ અને પાંચ અંતરાય કર્મ—એ બંને મળી દસ ભેદ જાણવા.

अथ द्वितीये कर्मणि नवभेदाः ।

હવે બીજા કર્મમાં નવ ભેદ થાય છે.

ते चेत्थं । चत्वारि दर्शनावरणानि पंच निद्राश्च ।

તે આ પ્રમાણે-ચાર પ્રકારના દર્શનાવરણ અને પાંચ પ્રકારની નિદ્રા.

तत्र दर्शनावरणानि चक्षुर्दर्शनावरणं अचक्षुर्दर्शनावरणं अवधिदर्शनावरणं केवलदर्शनावरणं ।

તેમાં દર્શનાવરણના ચાર પ્રકાર આ પ્રમાણે-૧ ચક્ષુર્દર્શનાવરણ, ૨ અચક્ષુર્દર્શનાવરણ, ૩ અવધિદર્શનાવરણ અને ૪ કેવલદર્શનાવરણ.

**येन चक्षुर्दर्शनमाव्रियते तच्चक्षुर्दर्शनावरणम् ११**

૧૧ જેનાથી ચક્ષુ-નેત્રનું દર્શન આવરણ પામે ( આચ્છાદિત થાય તે ચક્ષુર્દર્શનાવરણ કહેવાય છે.

**येन अपरेंद्रियदर्शनमाव्रियते तत् अचक्षुर्दर्शनावरणम् १२**

૧૨ જેનાથી બીજી ( ચક્ષુવિનાની ) ઇંદ્રિયોનું આવરણ થાય તે અચક્ષુર્દર્શનાવરણ કહેવાય છે.

**येन अवधिदर्शनमाव्रियते तत् अवधिदर्शनावरणं । १३**

૧૩ જેનાથી અવધિદર્શનનું આવરણ થાય તે અવધિદર્શનાવરણ કહેવાય છે.

**येन केवलदर्शनमाव्रियते तत् केवलदर्शनावरणम् १४**

૧૪ જેનાથી કેવલદર્શનનું આવરણ થાય તે કેવલદર્શનાવરણ કહેવાય છે.

**घटपटादिसार्थसामान्याकारपरिज्ञानं दर्शनं ज्ञातव्यम् ।**

ઘડા, વસ્ત્ર વિગેરેના સમૂહના સામાન્ય આકારનું જેથી જ્ઞાન થાય તે દર્શન જાણવું.

**पदार्थविशेषाकार परिज्ञानं पुनर्ज्ञानं ज्ञातव्यं ।**

પદાર્થના વિશેષ આકાર-સ્વરૂપનું જેથી પરિજ્ઞાન થાય તે જ્ઞાન જાણવું.

अयमेवं च ज्ञानदर्शनयोर्भेदः

આ પ્રમાણે જ્ઞાન અને દર્શનના લક્ષણમાં ભેદ છે.

अथ निद्रापंचकं निद्रा-निद्रानिद्रा-प्रचला-प्रचलाप्रचला-स्त्यानर्द्धि लक्षणं ।

હવે પાંચ પ્રકારની નિદ્રા કહે છે-૧ નિદ્રા, ૨ નિદ્રાનિદ્રા, ૩ પ્રચલા, ૪ પ્રચલાપ્રચલા, અને સ્ત્યાનર્દ્ધિ-એવા તેના નામ છે.

तत्र यस्यां सत्यां सुखेन जागर्त्ति सा निद्रा । १५

૧૫ તેમાં-જેમાં માણસ સુખે જાગે તે નિદ્રા કહેવાય છે.

यस्यां पुनर्दुःखेन जागर्त्ति सा निद्रानिद्रा । १६

૧૬ જેમાં માણસ દુઃખે જાગે તે નિદ્રાનિદ્રા કહેવાય છે.

स्थितस्य उपविष्टस्य वा या समागच्छति सा प्रचला । १७

૧૭ ઉભા અથવા બેઠાં જે નિદ્રા આવે તે પ્રચલા કહેવાય છે.

मार्गे गच्छतः स्वतः या समागच्छति सा प्रचला प्रचला । १८

૧૮ માર્ગે ચાલતાં જે નિદ્રા આવે તે પ્રચલાપ્રચલા કહેવાય છે.

या दिनाचिंतितं कार्यं रात्रौ करोति वासुदेवार्द्धबला च स्यात् सा स्त्यानर्द्धिः । १९

૧૯ જેમાં દિવસે ચિંતવેલું કાર્ય રાત્રે કરે અને જેમાં વાસુ-

દેવનું અર્ધું બળ આવે તે સ્ત્યાનર્દ્ધિ કહેવાય છે.

एवं दर्शनचतुष्कनिद्रापंचकमीलने नव भेदाः पूर्वोक्तसहिता एकोनाविंशतिर्जाता ।

એવીરીતે દર્શનના ચાર ભેદ અને નિદ્રાના પાંચ ભેદ મેળ-વતાં નવ ભેદ થાય અને તેમને પૂર્વે કહેલા દશ ભેદ સાથે મેળ-વતાં બધા મળીને ઓગણીશ ભેદ થયા.

नीचैर्गोत्रं यदुदयाज्जीवानां नीचकुले जन्म-स्यात् । २०

૨૦ જેના ઉદયથી જીવનો જન્મ નીચા કુલમાં થાય તે નીચ ગોત્ર કર્મ કહેવાય છે.

असातावेदनीयं येन जीवा दुःखपरंपरां लभंते तच्च प्रायस्तिर्यग्नरकेषु स्यात् । २१

૨૧ જેનાથી જીવ દુઃખની પરંપરા પામ્યા કરે તે આસાતા-વેદનીય કહેવાય છે તે પ્રાયે કરીને તિર્યંચ તથા નારકીને હોયછે.

मिथ्यात्वं–" अदेवे देवबुद्धिर्या गुरुधीरगुरौ चया ।
अधर्मे धर्मबुद्धिश्च मिथ्यात्वं तन्निगद्यते"१

इत्यादि लक्षणम् । २२

૨૨ " અદેવમાં દેવબુદ્ધિ કરવી, અગુરૂમાં ( કુગુરૂમાં ) ગુરૂબુદ્ધિ કરવી, અને અધર્મમાં ધર્મબુદ્ધિ કરવી–એ મિથ્યાત્વ કહેવાય છે. " ઇત્યાદિ મિથ્યાત્વનું લક્ષણ છે.

स्थावरदशकं अग्रेतनगाथायां व्याख्यास्यते । ३२

૩૨ સ્થાવર વિગેરે દશભેદની વ્યાખ્યા આગલની ગાથામાં કહેવાશે.

नरकत्रिकं नरकगति—नरकायु—नरकानुपूर्वी-लक्षणं ।

નરકત્રિક એટલે ૧ નરકગતિ, ૨ નરકનું આયુષ્ય અને નરકની આનુપૂર્વી.

यया जीवो नरके याति सा नरकगतिः । ३३

૩૩ જેવડે જીવ નર્કમાં જાય તે નરકગતિ કર્મ કહેવાય છે.

येन जीवो नारके तिष्टति तन्नरकायुः । ३४

૩૪ જેવડે જીવ નારકીમાં રહે તે નરકાયુ કહેવાય છે,

यया जीवो बलान्नरके नीयते सा नरकानुपूर्वी । ३५

૩૫ જેનાથી જીવ બલાત્કારે નરકમાં દોરાઇ જાય તે નરકાનુ-પૂર્વી કહેવાય છે.

कषायाः पंचविंशतिः ते चैवं षोडश कषायाः नव नोकषायाः ।

કષાય પચવીશ છે. તે આ પ્રમાણે સોળ કષાય અને નવ નોકષાય-(તે બંને મળી પચવીશ થાય છે.)

तत्र कषायाः क्रोध-मान—माया—लोभरूपाः । प्रत्येकं चतुः प्रकाराः । अनंतानुबंधिक—अप्रत्याख्यानक—प्रत्याख्यानक—संज्वलनभेदैर्बोद्धव्याः ।

ક્રોધ, માન, માયા, અને લોભ,—એ ચાર કષાય છે. અનંતાનુબંધિ, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલન એવા તે પ્રત્યેકના ચાર ચાર ભેદ થાય છે.

तत्र अनंतानुबंधिका आजन्मावधिभाविनः नरकगतिप्रदायिनः सम्यक्त्वघातिनो ज्ञेयाः ।

તેમાં અનંતાનુબંધી કષાય જન્મ પર્યંત રહેનારા, નરકગતિને આપનારા અને સમ્યકત્વનો ઘાત કરનારા જાણવા.

अप्रत्याख्याना वर्षावधिभाविनः तिर्यग्गतिदायिनः देशविरतिघातिनः ।

અપ્રત્યાખ્યાન કષાય વર્ષ સુધી રહેનારા, તિર્યંચગતિને આપનારા અને દેશ વિરતિને નાશ કરનારા જાણવા.

प्रत्याख्याना मासचतुष्टयभाविनः मनुष्यगतिदायिनः साधुधर्मघातिनः ।

પ્રત્યાખ્યાન કષાય, ચાર માસ સુધી રહેનારા, મનુષ્યગતિ આપનારા અને સાધુ ધર્મનો ઘાત કરનારા જાણવા.

संज्वलनाः पुनः पक्षावधयो देवगतिप्रदाः केवलज्ञानघातिनः ।

સંજવલન કષાય એક પખવાડીઆ સુધી રહેનારા, દેવગતિ આપનારા અને કેવળજ્ઞાનને નાશ કરનારા જાણવા.

एवं क्रोधादयः प्रत्येकं चतुर्भेदाः षोडशाऽभुवन् ।

એવી રીતે ક્રોધાદિક ચારના પ્રત્યેકના ચાર ચાર ભેદ થવાથી સોળ ભેદ થયા.

नोकषाया नव हास्यादिषट्कवेदत्रयरूपाः ।

હાસ્ય વિગેરે ૭ અને ત્રણ વેદ એ નવ નોકષાય છે

तत्र हास्यषट्कं हास्य-रति-अरति-शोक-भय जुगुप्सालक्षणं ज्ञातव्यम् ।

તેમાં ૧ હાસ્ય, ૨ રતિ, ૩ અરતિ, ૪ શોક, ૫ ભય, અને ૬ જુગુપ્સા,-એ છ હાસ્યાદિષટ્ક (હાસ્ય વિગેરે છ) કહેવાય છે.

तत्र येन सनिमित्तं निर्निमित्तं वा हास्य स्यात् तत् हास्यमोहनीयं ।

તેમાં જે વડે કાંઈ નિમિત્તથી વા નિમિત્ત વગર હાસ્ય થાય તે હાસ્યમોહનીય કહેવાય છે.

येन मनोहरेषु शब्दरूपादिपदार्थेषु रागः स्यात् रतिमोहनीयम् ।

જે વડે શબ્દ, રૂપ વિગેરે મનોહર પદાર્થોમાં રાગ થાય તે રતિમોહનીય કહેવાય છે.

येन पुनः अमनोहरेषु तेषु उद्वेगः स्यात् तत् अरतिमोहनीयं ।

જે વડે જો તે શબ્દ રૂપાદિ પદાર્થ મનોહર ન હોય તો ઊદ્વેગ થાય તે અરતિમોહનીય કહેવાય છે.

येन अभीष्टवियोगादिदुःखं ध्रियते तत् शोकमोहनीयं ।

જેનાથી ઇષ્ટનો વિયોગ વિગેરે દુઃખ ધારણ થાય તે શોકમોહનીય કહેવાય છે.

येन जीवानां नानाविधनिमित्तैर्भयमुत्पद्यते तत् भयमोहनीयं ।

જે વડે જીવને વિવિધ જાતના નિમિત્તથી ભય ઉત્પન્ન થાય તે ભયમોહનીય કહેવાય છે.

येन बीभत्सवस्तुदर्शनेन निंदादिकं करोति तत् जुगुप्सामोहनीयं ।

જે વડે બીભત્સ વસ્તુ જોવાથી નિંદા વિગેરે કરે તે જુગુપ્સામોહનીય કહેવાય છે.

अथ वेदत्रयं पुंवेद—स्त्रीवेद—नपुंसकवेदरूपं ।

હવે ત્રણ વેદ કહે છે—૧ પુરૂષવેદ, ૨ સ્ત્રીવેદ, ૩ નપુંસકવેદ.

तत्र येन स्त्रियं प्रति अभिलाषः स्यात् स पुंवेदः तृणदाहतुल्यः ।

તેમાં-જે વડે સ્ત્રી પ્રત્યે અભિલાષ થાય તે પુરૂષવેદ કહેવાય છે. તે ઘાસના દાહ જેવો છે.

येन पुरुषं प्रत्यभिलाषः स्यात्स स्त्रीवेदः करीषदाहतुल्यः ।

જેનાથી પુરૂષ પ્રત્યે અભિલાષ થાય તે સ્ત્રી વેદ કહેવાય છે. તે છાણાના અગ્નિના દાહ જેવો છે.

येन पुंस्त्रीविषये अभिलाषः स्यात् स नपुंसकवेदः नगरदाहतुल्यः ।

જે વડે પુરૂષ અને સ્ત્રી બંને તરફ મૈથુન અભિલાષ થાય તે નપુંસકવેદ કહેવાય છે. તે નગરના દાહના અગ્નિ જેવો છે.

एवं षोडशकषायैः नव नोकषायैः कषायपंचविंशतिर्व्याख्याता ।

એવી રીતે સોળ કષાય અને નવ નોકષાય મળી પચવીશ કષાયની વ્યાખ્યા થઈ.

एवं पूर्वोक्तपंचत्रिशत्कषायपंचविंशतिमीलने षष्टिर्भेदाः ।

એ પ્રમાણે પૂર્વે કહેલા પાંત્રીશ અને આ પચવીશ કષાય-બ'ને મળી સાઠ ભેદ થયા.

तिर्यगूद्विकं तिर्यग्गतितिर्यगानुपूर्वीरूपं ।

તિર્યંચની ગતિ અને તિર્યંચની આનુપૂર્વી-એ બે તિર્યગૂદ્વિક કહેવાય છે.

येन तिर्यग्गतौ गम्यते सा तिर्यग्गतिः । ६१

૬૧ જે વડે તિર્યંચની ગતિમાં જવાય તે તિર્યગ્ગતિ કહેવાય છે

येन तिर्यग्गतौ बलान्नीयते सा तिर्यगानुपूर्वी । ६२

૬૨ જે વડે તિર્યંચ ગતિમાં બલાત્કારે દોરવી શકાય તે તિર્યગાનુપૂર્વી કહેવાય છે.

एकेंद्रियजातिः यया जीवानां एकेंद्रियत्वं भवति सा एकेंद्रियजातिः । ६३

૬૩ જે વડે જીવને એકે'દ્રિય પણું પ્રાપ્ત થાય તે એકે'દ્રિય જાતિ નામકર્મ કહેવાય છે.

एवं द्वि-त्रि-चतुरिंद्रियजातयो ज्ञेयाः । ६४-६५-६६

૬૪-૬૫-૬૬ એવી રીતે દ્વીંદ્રિયજાતિ, ત્રીંદ્રિયજાતિ અને ચતુરિંદ્રિયજાતિ નામકર્મ જાણી લેવા.

कुखगतिः यया जीवानां अशुभगतिः यथा खरोष्ट्रादीनाम् । ६७

૬૭ જે વડે જીવની ગધેડા, ઊંટ વિગેરેના જેવી અશુભગતિ થાય તે કુખગતિ ( અશુભવિહાયોગતિ ) નામ કર્મ કહેવાય છે.

उपघातनामकर्म येन स्वशरीरावयवः प्रतिजिव्हा—गलकंठिका—चोरदंतादिभिः उपहन्यते तत् उपघातनाम कर्म । ६८

૬૮ જેનાથી પોતાના શરીરના અવયવ, બીજીજિભ, ( પડજીભ ) ગલકંઠ ( કંઠમાળ ) ર ચોર દાંત વિગેરેથી હણાય તે ઉપઘાત નામ કર્મ કહેવાય છે.

अप्रशस्तं वर्णचतुष्कं वर्ण—गंध—रस—स्पर्शस्वरूपं । ६९—७०—७१—७२

૬૯-૭૦-૭૧-૭૨ અશુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ-એ ચાર વર્ણચતુષ્ક.

प्रथमं संहननं प्रथमं संस्थानं वर्जयित्वा शेषाणि पंच संहननानि पंच संस्थानानि च पापप्रकृतिमध्ये ज्ञातव्यानि ।

પેહેલું સંહનન અને પેહેલું સંસ્થાન વર્જીને બાકીના પાંચ સંહનન અને પાંચ સંસ્થાન પાપ પ્રકૃતિની અંદર જાણવા.

प्रथमं संहननं प्रथमं संस्थानं पुण्यप्रकृतिमध्ये पूर्वमेव कथितं ।

પેહેલું સંઘયણ અને પેહેલું સંસ્થાન પુણ્યપ્રકૃતિની અંદર પ્રથમજ કહેલું છે.

तत्र संहननानि वज्रऋषभनाराच १ ऋषभनाराच २ नाराच ३ अर्द्धनाराच ४ कीलिका ५ सेवार्त्तरूपाणि ।

તેમાં ૧ વજ્રરૂષભનારાચ, ૨ ઋષભનારચ ૩ નારાચ ૪ અર્ધનારાચ, ૫ કીલિકા અને ૬ સેવાર્ત્ત-એ ૭ સંહનન કહેવાય છે.

यस्मिन् अस्थिसंधौ उभयतो मर्कटबंधः पट्टकीलिका च स्यात् तत् वज्रऋषभनाराचं तत्पुण्यप्रकृतिमध्ये ज्ञातव्यम् ।

જેમાં અસ્થિના સાંધામાં બંને બાજુ મર્કટબંધ અને તેપર પટ્ટારૂપે ખીલી હોય તે વજ્રઋષભનારાચ નામે પેહેલું સંહનન કહેવાય છે. તે પુણ્યપ્રકૃતિમાં જાણવું.

कीलिकारहितं ऋषभनाराचं । ७३

૭૩ જેમાં કીલિકા ફક્ત ન હોય બાકી બીજું હોય તે ઋષભનારાચ કહેવાય છે.

अस्थिसंधौ उभयतो मर्कटबंधः स्यात् तन्नाराचं । ७४

૭૪ જ્યાં અસ્થિના સાંધામાં ફક્ત બંને તરફ મર્કટબંધ હોય તે નારાચ કહેવાય છે.

यत्रैकपार्श्वे मर्कटबंधोऽपरपार्श्वे च कीलिका स्यात् तत् अर्द्धनाराचं । ७५

૭૫ જેમાં એક તરફ મર્કટબંધ અને બીજી તરફ ખીલી હોય તે અર્દ્ધનારાચ કહેવાય છે.

यत्रास्थीनि कीलिकामात्रबद्धानि स्युः तत्कीलिकाख्यं । ७६

૭૬ જ્યાં અસ્થિ માત્ર ખીલીના બંધથી રહ્યા હોય તે કીલિકા કહેવાય છે.

यत्र पुनः अस्थीनि पृथक् स्थितानि परस्परं संलग्नानि भवंति तत् सेवार्त्तं । ७७

૭૭ જ્યાં જુદા જુદા રહેલા અસ્થિ પરસ્પર સંલગ્ન થાય તે સેવાર્ત્ત કહેવાય છે.

नित्यं स्नेहाभ्यंगादिसेवया ऋतं व्याप्तं सेवार्त्तं इति नामार्थः ।

હંમેશા તેલ ચોલવા વિગેરે સેવાથી વ્યાપ્ત હોય તે સેવાર્ત્ત કહેવાય, એવો તેના નામનો અર્થ છે.

एवं पंचसंहननानि पापप्रकृतिमध्ये गतानि व्याख्यातानि ।

એવી રીતે પાંચ સંહનન પાપપ્રકૃત્તિમાં વ્યાખ્યાન કરવામાં આવ્યા.

अथ संस्थानानि तान्याकारविशेषरूपाणि सम चतुरस्त्रपर्यंक–न्यग्रोधपरिमंडल–सादि–कुब्जक–वामन–हुंडाख्यानि ।

હવે ૭ સંસ્થાન કહે છે—સંસ્થાન એક જાતની આકૃતિ વિશેષ છે. ૧ સમચતુરસ્રપર્યંક-૨ ન્યગ્રોધપરિમંડલ, ૩ સાદિ, ૪ કુબ્જક, ૫ વામન અને ૬ હુંડ એવા તેમના નામ છે.

तत्र समचतुरस्रपर्यंकं पर्यंकासनोपविष्टजिनबिंबानामिव ज्ञातव्यं तच्च पुण्यप्रकृति पूर्वोक्तं ।

તેમાં સમચતુરસ્રપર્યંક નામે સંસ્થાન પર્યંક આસન ઊપર બેઠેલા જિન બિંબના જેવું જાણવું. તે પૂર્વે પુણ્યપ્રકૃતિમાં કહેલું છે.

न्यग्रोधं यथा न्यग्रोधो वटः उपरि संपूर्णावयवः अधस्तु हीनः तथा नाभेरुपरिलक्षणोपेततया संपूर्णं अधस्तु हीनं यत्संस्थानं तन्यग्रोधपरिमंडलं । ७८

૭૮ જેમ ન્યગ્રોધ એટલે વડનું ઝાડ ઊપર પૂર્ણ અવયવવાળું હોય અને નીંચે હીન ( ઓછું ) હોય, તેમ નાભિની ઊપરનો ભાગ લક્ષણવાલો હોઇ પૂર્ણ હોય અને નીંચેનો ભાગ હીન—ઓછો હોય તેવું જે સંસ્થાન તે ન્યગ્રોધપરિમંડળ કહેવાયછે.

सादि संस्थानं सह आदिना वर्त्तते तत्सादि । नाभेरधस्तात् यथोक्तलक्षणप्रमाणोपेतं पुनः उपरिहीनं इति भावः । ७९

૭૯ આદિએ સહિત તે સાદિ એટલે તેનો એવો ભાવાર્થ છે કે, નાભિની નીંચે યથાર્થ લક્ષણ તથા પ્રમાણવાલું અને ઊપરના ભાગે હીન તે સાદિ સંસ્થાન કહેવાય છે.

कुब्जसंस्थानं यत्र पादपाणिशिरोग्रीवादिकं प्रमाणलक्षणोपेतं उरउदरादि च हीनं तत् कुब्जं । ८०

८० જેમાં પગ, હાથ, માથું અને ડોક વિગેરે પ્રમાણ તથા લક્ષણવાલા હોય અને છાતીનો ભાગ (ઊરસ્થલ) તથા ઊદર હીન હોય તે કુબ્જ સંસ્થાન કહેવાય છે.

तद्विपरीतं वामनसंस्थानं । ८१

८१ ઊપર કહેલા કુબ્જ સંસ્થાનથી વિપરીત હોય તે વામન સંસ્થાન કહેવાય છે.

सर्वावयवैरशुभं हुंडसंस्थानं । ८२

८२ શરીરના સર્વ અવયવ અશુભ હોય તે હુંડ સંસ્થાન કહેવાય છે.

सांप्रतं प्रायो मनुष्याणां तदेव ।

સાંપ્રત કાલે પ્રાયે કરીને મનુષ્યોમાં તે હુંડ સંસ્થાનજ જોવામાં આવે છે.

एवं द्व्यशीतिः पापप्रकृतयो व्याख्याताः ।

એવી રીતે પાપની બ્યાશી પ્રકૃતિઓની વ્યાખ્યા કરવામાં આવી.

अथ पूर्वमुक्तं स्थावरदशकं व्याख्यानयति ।

---

હવે પ્રથમ કહેલ સ્થાવરદશકની વ્યાખ્યા કરેછે.

थावर सुहुम अपज्जं, साहारणमथिर मसु-
भदुभगाणि ।

दुस्सरणाइज्जजसं, थावर दसगं विवज्ज-
त्थं ॥ १५ ॥

૧ સ્થાવર, ૨ સૂક્ષ્મ, ૩ અપર્યાપ્તિ, ૪ સાધારણ, ૫ અસ્થિર, ૬ અશુભ, ૭ દુર્ભગ, ૮ દુઃસ્વર, ૯ અનાદેય, અને ૧૦ અયશ એ સ્થાવરદશક કહેવાય છે. તે પુણ્યતત્વના ત્રસદશકથી વિપરીત અર્થવાળું છે. ૧૫

## अवचूरी.

थावर० इति–गाथा–तिष्टंति उष्णादिता-पिता अपि तत्परिहारासमर्था नवंति ते स्थावराः ते सर्वेप्येकेंड्रिया ज्ञातव्याः ।

ઊષ્ણતા વિગેરેથી તપતા–પીડા પામતા હોય તથાપિ તેનાથી દૂર થવાને–નાસવાને સમર્થ ન હોય તે સ્થાવર કહેવાય છે. તે એકેંદ્રિય જીવ જાણવા.

स्थावरत्व प्रदायकंकर्म स्थावरनामकर्म । १

૧ તેવા સ્થાવરપણાને આપનારૂં જે કર્મ તે સ્થાવર નામ કર્મ કહેવાય છે.

सूक्ष्मनामकर्म येन जीवाश्चर्मचक्षुषामदृश्या नवंति यथा निगोदादयः । २

૨ જેનાથી જીવ ચર્મચક્ષુઓને અદશ્ય થાય છે, તે સૂક્ષ્મ નામ કર્મ કહેવાય છે. જેવા કે નિગોદ વિગેરેના જીવ.

अपर्याप्तनामकर्म येन जीवा पर्याप्तिं विना म्रियंते । यथा सर्वकालं निगोदाः ३

૩ જેનાથી જીવ પર્યાપ્તિ વિના મૃત્યુ પામે તે અપર્યાપ્ત નામ કર્મ કહેવાય છે. જેવા કે, સર્વ કાલના નિગોદના જીવ.

साधारणनामकर्म येन एकस्मिन् शरीरे अनंतानां जीवानां अवस्थानं भवति यथा कंदाद्यनंतकायमध्ये । ४

૪ જે વડે એક શરીરમાં અનંતા જીવોનું સ્થાન થાય તે સાધારણનામકર્મ કહેવાય છે. જેવા કે કંદ વિગેરે અનંતકાયમાં રહેલા જીવ.

अस्थिरनामकर्म येन जीवानां ओष्टजिह्वादयो ऽवयवा अस्थिराः स्युः । ५

૫ જે વડે જીવના હોઠ, જીભ વિગેરે અવયવ અસ્થિર થાય તે અસ્થિરનામકર્મ કહેવાય છે.

अशुभनामकर्म येन नाभेः अधः शरीरं अशुभं स्यात् । ६

૬ જેનાથી નાભિની નીંચેનું શરીર અશુભ થાય તે અશુભનામકર્મ કહેવાય છે.

दुर्भगनामकर्म येन जीवा दौर्भाग्यवंतो भवन्ति । ७

૭ જે વડે જીવ દુર્ભાગી થાય તે દુર્ભગનામકર્મ કહેવાય છે

दुःस्वरनामकर्म येन जीवानां अमनोज्ञः स्वरः स्यात् । ८

૮ જેનાથી જીવનો સ્વર મનોજ્ઞ-મધુર ન થાય તે દુઃસ્વરનામકર્મ કહેવાય છે.

अनादेयनामकर्म येन जीवानां वचनं केनापि न मन्यते । ए

૯ જે વડે જીવનું વચન કોઈ માન્ય કરે નહીં તે અનાદેય-નામકર્મ કહેવાય છે.

अयशःकीर्त्तिनाम कर्म येन जीवामां लोके अयशः कीर्त्तिः स्यात् । १०

૧૦ જેનાથી જીવની લોકમાં અપયશ-અપકીર્તિ થાય તે અયશકીર્તિ નામ કર્મ કહેવાય છે.

एवं स्थावरदशकं व्याख्यातं ।

એ પ્રકારે સ્થાવરદશકની વ્યાખ્યા કરવામાં આવી.

इति चतुर्थं पापतत्वं प्ररूपितम् ।

એ પ્રકારે ચોથું પાપતત્વ નિરૂપણ કર્યું.

अथ पंचमं आश्रवतत्वं व्याख्यानयति ।

હવે પાંચમાં આશ્રવ તત્વની વ્યાખ્યા કરે છે.

इंदिअ कसाय अव्वय, जोगा पंच चउ पंच
तिन्नि कमा ।
किरिआओ पणवीसं, इमा उ ताओ अणु-
कमसो ॥ १६ ॥

પાંચ ઇંદ્રિયો, ચાર કષાય, પાંચ અવ્રત, ત્રણ યોગ (સત્તર ભેદ) તથા પચવીશ ક્રિયા—એ અનુક્રમે (આશ્રવતત્વના) બેંતાલીશ ભેદ કહેલા છે. ૧૬

## अवचूरी.

इंदिअ० इति—इंद्रियाणि कषायाः अव्रतानि योगाः एतेषां क्रमेण पंच चत्वारः पंच त्रयः भेदा भवंति ।

ઇંદ્રિયો, કષાય, અવ્રત અને યોગ એમના અનુક્રમે પાંચ, ચાર, પાંચ અને ત્રણ એમ ભેદ થાય છે.

तत्र इंद्रियाणि पंच श्रोत्रादीनि प्रसिद्धान्येव सामान्यतः ।

તેમાં શ્રોત્ર (કાન) વિગેરે પાંચ ઇંદ્રિયો સામાન્ય રીતે પ્રસિદ્ધજ છે.

विशेषतः पुनस्तानि द्विधा द्रव्येंद्रियाणि भावेंद्रियाणि ।

વિશેષ રીતે તે બે પ્રકારની છે. દ્રવ્યેંદ્રિય અને ભાવેંદ્રિય.

तत्र द्रव्येंद्रियाणि पुद्गलद्रव्यरूपाणि भावेंद्रियाणि लब्ध्युपयोगलक्षणानि ।

જે પુદ્ગલ દ્રવ્ય રૂપ તે દ્રવ્યેંદ્રિય અને લબ્ધિના ઉપયોગ રૂપ લક્ષણવાળી તે ભાવેંદ્રિય કહેવાય છે.

पुनः द्रव्येंद्रियाणि निर्वृत्त्युपकरणभेदात् द्विधा ।

દ્રવ્યેંદ્રિયના નિવૃત્તિ અને ઊપકરણ એવા બે ભેદ છે.

निवृत्तिरपि द्विधा अंतः बहिश्च ।

નિવૃત્તિ પણ અંતર્ અને બાહ્ય એવા બે પ્રકારની છે.

तत्र श्रोत्रेंद्रियमध्ये कदंबकुसुमाकारा देहावयवरूपा निवृत्तिरस्ति या शब्दप्रकारग्रहणे वर्त्तते ।

તેમાં શ્રોત્રેંદ્રિયની અંદર કદંબના પુષ્પ જેવી દેહના અવયવ રૂપ અંતર નિવૃત્તિ છે. જે શબ્દના પ્રકારને ગ્રહણ કરવામાં રહેલી છે.

चक्षुरिंद्रियस्य धान्यमसूराकारा, घ्राणेंद्रियस्य अतिमुक्तकपुष्पाकारा, काहलिकासदृशी वा रसनेंद्रियस्य क्षुरप्राकारा, स्पर्शनेंद्रियस्य नानाकारा अभ्यंतरा निवृत्तिः ।

ચક્ષુ ઇંદ્રિયની અંતર્ નિવૃત્તિ મસૂરના દાણા જેવી છે. ઘ્રાણેંદ્રિયની અંતર્નિવૃત્તિ અતિમુક્તના વેલાના પુષ્પ જેવી અથવા કાહલ[1] જેવી છે. રસના ઇંદ્રિયની અંતર્ નિવૃત્તિ સજાયા–અસ્ત્રાની ધાર જેવી છે અને સ્પર્શ ઇંદ્રિયની અંતર્નિવૃત્તિ વિવિધ આકારવાળી છે.

बाह्या निवृतिः पुनः सर्वेषां इंद्रियाणां या दृश्यमानास्ति सैव ज्ञातव्या ।

સર્વ ઇંદ્રિયોને જે ખુલ્લી જોવામાં આવે છે તેજ બાહ્યનિવૃત્તિ જાણવી.

---

૧ એક જાતનું વાજિંત્ર

उपकरणं तेषामेव पुनः कदंबाकारादीनां खड्ग-स्य छेदनशक्तिरिव स्वस्वविषयग्रहणशक्तिः तद्रुपं ज्ञातव्यं ।

તે કદંબના પુષ્પ વિગેરેના જેવા આકારવાળી અંતર્ નિવૃત્તિમાં ખડ્ગમાં જેમ કાપવાની શક્તિ છે, તેમ પોતપોતના વિષય ગ્રહણકરવાની જે શક્તિ તે રૂપ ઊપકરણ કહેવાય છે.

एवं द्रव्येंद्रियस्वरूपं प्रोक्तं ।

એવી રીતે દ્રવ્યેંદ્રિયનું સ્વરૂપ કહ્યું.

भावेंद्रियाणि लब्ध्युपयोगरूपाणि ।

લબ્ધિના ઊપયોગ રૂપ ભાવેંદ્રિય કહેવાય છે.

जीवस्य ज्ञानावरणादिकर्मक्षयोपशमभावात् या शब्दादिग्रहणशक्तिः सा लब्धिः ।

જીવને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષયોપશમ થવાથી શબ્દાદિ વિષયોને ગ્રહણ કરવાની જે શક્તિ થાય તે લબ્ધિ કહેવાય છે.

येन पुनः शब्दादीनां ग्रहणपरिणामः स उप-योगः ।

જે વડે શબ્દાદિ વિષયોને ગ્રહણ કરવાનો પરિણામ થાય તે ઊપયોગ કહેવાય છે.

एतद् द्वयरूपाणि भावेंद्रियाणि ।

એ લબ્ધિ અને તેનો ઊપયોગ રૂપ ભાવેંદ્રિય કહેવાય છે.

इति पंचापि इंद्रियाणि व्याख्यातानि ।

એ પ્રમાણે પાંચ ઇંદ્રિયોની વ્યાખ્યા કરવામાં આવી.

चत्वारः कषायाः पंच अव्रतानि त्रयो योगाः इति सप्तदशभेदा आश्रवस्य व्याख्याताः ।

ચાર કષાય, પાંચ અવ્રત અને ત્રણ યોગ-એ આશ્રવના સત્તર ભેદની વ્યાખ્યા કરવામાં આવી છે.

शेषाः पंचविंशतिक्रियारूपाः प्रोच्यन्ते ।

બાકીના પચવીશ ક્રિયા રૂપ આશ્રવના ભેદ કહે છે.

क्रियाः पंचविंशतिः ताः पुनः इमा वक्ष्यमाण लक्षणानुक्रमेण ज्ञातव्याः ।

તે પચવીશ ક્રિયાઓ કે જેઓના લક્ષણ અનુક્રમે આગળ કહેવામાં આવશે, તે પ્રમાણે જાણી લેવા.

तासामेव लक्षणमाह ।

તે પચવીશ ક્રિયાઓનું લક્ષણ કહે છે.

काइअ अहिगरणीया, पाउसिया पारितावणी किरिया ।
पाणाइवाइरंभिअ, परिग्गहिया मायवत्तीया ॥ १७ ॥

मिच्छादंसणवती, अप्पच्चरकाणा य दिठ्ठी पुठ्ठी अ।
पाडुच्चि य सामंतो, वणीअ नेसत्थि साहत्थि ॥ १८ ॥
आणवणि विआरणिआ, अणभोगा अणवकंख पच्चइआ।
अन्नापओगसमुदा, णापिज्ज दोसेरिआ वहिआ ॥ १९ ॥

૧ કાયિકી, ૨ અધિકરણિકી, ૩ પ્રાદ્વેષિકી, ૪ પારિતાપનિકી ૫ પ્રાણાતિપાતિકી, ૬ આરંભિકી, ૭ પારિગ્રહિકી, ૮ માયાપ્રત્યયિકી, ૯ મિથ્યાદર્શનપ્રત્યયિકી, ૧૦ અપ્રત્યાખ્યાનિકી, ૧૧ દૃષ્ટિકી, ૧૨ સ્પૃષ્ટિકી, ૧૩ પ્રાતિત્યકી, ૧૪ સામંતોપનિપાતિકી, ૧૫ નૈસસ્ત્રિકી, ૧૬ સ્વહસ્તિકી, ૧૭ આનયિનિકી, ૧૮ વિદારણિકા, ૧૯ અનાભોગિકી, ૨૦ અનવકાંક્ષાપ્રત્યયિકી, ૨૧ પ્રાયોગિકી ૨૨ સમુદાનકી, ૨૩ પ્રેમિકી, ૨૪ દ્વેષિકી અને ૨૫ ઈર્યાપથિકી—એ વીશ ક્રિયાઓ કહેવાય છે. ૧૭-૧૮ ૧૯.

## अवचूरी.

काइअ, इति मिच्छादंसण इति आणवणि इति—कायेन अयतमानेन निर्वृत्ता सा कायिकी कथ्यते । १

૧ કાયા—શરીરને યતના વગર પ્રવર્ત્તાવતાં જે લાગે તે કાયિકી ક્રિયા કહેવાય છે.

अधिकरणिकी पशुवधादिप्रवर्त्तनेन खड्गादि निर्वर्त्तनेन चाधिकरणेन निर्वृत्ता अधिकरणिकी । २

૨ પશુનો વધ વિગેરે પ્રવર્ત્તન અને ખડ્ગ વિગેરેથી તેમનું નિર્વર્તન કરવા રૂપ અધિકરણ વડે જે લાગે તે અધિકરણિકી ક્રિયા કહેવાય છે.

जीवाजीवयोरुपरि प्रद्वेषेण प्राद्वेषिकी । ३

૩ જીવ તથા અજીવ ઊપર દ્વેષ કરવાથી લાગે તે પ્રાદ્વેષિકી ક્રિયા કહેવાય છે.

क्रोधादेः स्वपरयोः परितापेन पारितापनिकी । ४

૪ ક્રોધ વિગેરેથી પોતાને અને બીજાને પરિતાપ ઊપજાવવાથી જે લાગે તે પારિતાપનિકી ક્રિયા કહેવાય છે.

प्राणातिपातेनं प्राणातिपातिकी । ५

૫ જીવના પ્રાણોને હાનિ કરવાથી જે લાગે તે પ્રાણાતિપાતિકી ક્રિયા કહેવાય છે.

कृष्याद्यारंभनेन आरंभिकी । ६

૬ ખેતી વિગેરેના આરંભથી જે લાગે તે આરંભિકી ક્રિયા કહેવાય છે.

धान्यादिपरिग्रहेण परिग्रहिकी । ७

૭ ધાન્ય વિગેરેના પરિગ્રહ—સંગ્રહ, તે ઊપર મમતાથી જે લાગે તે પારિગ્રહિકી ક્રિયા કહેવાય છે.

मायया परवंचनेन संजाता मायाप्रत्ययिकी। ८

૮ કપટથી બીજાને છેતરવાથી જે લાગે તે માયાપ્રત્યયિકી ક્રિયા કહેવાય છે.

जिनवचनविपरीतपरिणामेन मिथ्यादर्शनेन संजाता मिथ्यादर्शनप्रत्ययिकी । ९

૯ જિન ભગવંતના વચનથી વિપરિત પરિણામવાલા મિથ્યાદર્શન વડે જે લાગે તે મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા કહેવાય છે.

अप्रत्याख्यानेन अविरत्या जाता अप्रत्याख्यानिकी । १०

૧૦ અપ્રત્યાખ્યાન—અવિરતિ વડે જે લાગે તે અપ્રત્યાખ્યાનિકી ક્રિયા કહેવાય છે.

कौतुकान्निरीक्षणेन दृष्टिकी । ११

૧૧ કૌતુકથી દૃષ્ટિ કરવા વડે જે લાગે તે દષ્ટિકી ક્રિયા કહેવાય છે.

रागाद् द्वेषाद्वा जीवाजीवयोः स्वरूप पृच्छनेन अथवा रागादेश्ववृषजबालकादिविशिष्टवस्तूनां हस्त स्पर्शनेन निर्वृत्ता पृष्ठिकी तथा स्पृष्टिकी वा। १२

૧૨ રાગ કે દ્વેષથી જીવ અજીવનું સ્વરૂપ પુછવાથી અથવા રાગ વિગેરેથી બેલ—બાળક વિગેરે મૃદુ વસ્તુ પર હસ્તસ્પર્શ કરવાથી જે લાગે તે પૃષ્ટિકી અથવા સ્પૃષ્ટિકી નામે ક્રિયા કહેવાય છે.

जीवाजीवादौ प्रतीत्य—आश्रित्य कर्मबंधनेन संजाता प्रातित्यकी । १३

१३ જીવ—અજીવ વિગેરે આશ્રી કર્મબંધ થવાથી જે લાગે તે પ્રાતિત્યકી ક્રિયા કહેવાય છે.

स्वकीयगजाश्ववृषभादिविशिष्टपदार्थं विलोकयितुं लोकं सर्वतः समागच्छंतं प्रशंसां कुर्वंतं दृष्ट्वा हर्षकरणेन अथवा अनाच्छादितस्नेहादि भाजने त्रसाणां जीवानां निपातनेन संजाता सामंतोपनिपातिकी । १४

१४ પોતાના હાથી, ઘોડા, બેલ વિગેરે ઉંચા પદાર્થ જોવાને સર્વ તરફથી લોકો આવતા અને પ્રશંસા કરતાં જોઈ હર્ષ કરવાથી જે લાગે અથવા તેલ વિગેરેના પાત્ર ઉઘાડા રાખતાં તેમાં ત્રસજીવના પડવાથી જે લાગે તે સામંતોપનિપાતિકી ક્રિયા કહેવાય છે.

राजाद्यादेशान्नितरां यंत्रशस्त्राद्याकर्षणेन संजाता नैशस्त्रिकी । १५

१५ રાજા વિગેરેની આજ્ઞાથી યંત્ર શસ્ત્ર વિગેરેના અતિ આકર્ષણથી જે લાગે તે નૈશસ્ત્રિકી ક્રિયા કહેવાય છે.

जीवेन श्वानादिना अजीवेन शस्त्रादिना शशकादिकं स्वहस्तेन मारयतः स्वाहस्तिकी । १६

१६ જીવ-શ્વાન વિગેરેથી અને અજીવ-શસ્ત્રાદિકથી પોતાને હાથે સસલા પ્રમુખને મારતાં જે લાગે તે સ્વહસ્તિકી ક્રિયા.

जीवाजीवयोराज्ञापनेन स्वेच्छया व्यापाररूपेण आनयनेन वा आज्ञापनिकी आनयनिकी वा। १७

१७ જીવ અજીવને સ્વેચ્છા વ્યાપાર વડે પ્રરૂપણા કરવાથી અથવા લાવવાથી જે લાગે તે આજ્ઞાપનિકી અથવા આનયનિકી ક્રિયા કહેવાય છે.

जीवाजीवयोर्विदारणेन स्फोटनेन वैदारणिकी। १८

૧૮ જીવ તથા અજીવને વિદારવા—ફોડવાથી જે ક્રિયા લાગે તે વૈદારણિકી ક્રિયા કહેવાય છે.

शून्यचित्ततया वस्तूनामादान—ग्रहणेन अनाभोगिकी। १९

૧૯ શૂન્ય ચિત્ત રાખી વસ્તુનું ગ્રહણ કરવાથી જે લાગે તે અનાભોગિકી ક્રિયા કહેવાય છે.

इहपरलोकविरुद्धाचरणेन अनवकांक्षप्रत्ययिकी। २०

૨૦ આ લોક અને પરલોકની વિરૂદ્ધ આચરણ કરવાથી જે લાગે તે અનવકાંક્ષપ્રત્યયિકી નામે ક્રિયા કહેવાય છે.

अन्या अपरा एकविंशतितमा।

બીજી એકવીશમી ક્રિયા કહે છે.

मनोवचनकाययोगदुःप्रणिधानेन निर्वृत्ता प्रायोगिकी। २१

૨૧ મન, વચન અને કાયાના યોગનું અયોગ્ય પ્રણિધાન કરવાથી જે લાગે તે પ્રાયોગિકી ક્રિયા કહેવાય છે.

अष्टानां कर्मणां समुदायेन या भवति सा सामुदायिकी । २२

२२ આઠ કર્મના સમુદાયથી જે લાગે તે સામુદાયિકી ક્રિયા કહેવાય છે.

मायालोभाश्रिता प्रेमिकी । २३

२૩ માયા અને લોભના આશ્રયથી જે લાગે તે પ્રેમિકી ક્રિયા કહેવાય છે.

क्रोधामानाश्रिता द्वेषिकी । २४

૪૨ ક્રોધ અને માનના આશ્રયથી જે લાગે તે દ્વેષિકી ક્રિયા કહેવાય છે.

केवलिनां केवलकाययोगजनितबंधेन संजाता ऐर्यापथिकी । २५

૨૫ કેવલીને માત્ર કાયાના યોગથી ઊત્પન્ન થયેલ બંધ વડે જે ક્રિયા લાગે તે ઐર્યાપથિકી ક્રિયા કહેવાય છે.

एवं क्रियाः पंचविंशतिः ।

એવી રીતે પચવીશ ક્રિયાઓ છે.

एवं पूर्वोक्त सप्तदशभेदानां पंचविंशतिक्रियाणां च मीलने द्विचत्वारिंशत् भेदा आश्रवस्य ज्ञातव्याः ।

એવી રીતે પ્રથમ કહેલ સત્તર ભેદ અને આ પચવીશ ક્રિયાના ભેદ મળતાં કુલ મળીને આશ્રવતત્વના બેંતાલીશ ભેદ જાણુવા.

इत्थं पंचमं आश्रवतत्वम् ।

એવી રીતે પાંચમું આશ્રવતત્વ સમાપ્ત થયું.

षष्टं संवरतत्वं विवृणोति ।

છઠું સંવર તત્વ કહે છે.

समिइ गुत्ति परीसह, जइधम्मो भावणा चरित्ताणि ।
पण ति दुवीस दस बार, पंच भेएहिं सगवन्ना ॥ २० ॥

પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, બાવીશ પરીષહ, દશ પ્રકારનો યતિધર્મ, બાર ભાવના, પાંચ પ્રકારનું ચારિત્ર, એવી રીતે સંવરતત્વના સત્તાવન ભેદ થાય છે. ૨૦

## अवचूरी.

समिइ इति—संवरतत्वस्य सप्तपंचाशत् भेदाः ।

સંવર તત્વના સત્તાવન ભેદ છે.

ते च एवं ज्ञातव्याः ।

તે આ પ્રમાણે જાણવા—

यथा समितयः पंच गुप्तयस्तिस्रः परीषहा द्वाविंशतिः यतिधर्मो दशभेदः भावना द्वादशधा चारित्राणि पंच एवं क्रमेण समित्यादीनां षण्णां उत्तरार्द्धप्रोक्तभेदसंख्यायोजने सर्वाग्रे सप्तपंचाशद् भेदा ज्ञातव्याः ।

તે આ પ્રમાણે-પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, બાવીશ પરીષહ, દશ પ્રકારનો યતિ ધર્મ, બાર પ્રકાની ભાવના, પાંચ પ્રકારનું ચારિત્ર-એ સમિતિ વિગેરે છ ઊત્તરાર્દ્ધગાથામાં કહેલ સંખ્યા સાથે જોડતાં સર્વ મળીને સત્તાવન ભેદ જાણવાં

तत्र समितयः पंच ईर्यासमितिः १ भाषासमितिः २ एषणासमितिः ३ आदाननिक्षेपणासमितिः ४ पारिष्टापनिका समितिः ५ ।

તેમાં ૧ ઈર્યાસમિતિ, ૨ ભાષાસમિતિ, ૩ એષણાસમિતિ ૪ આદાનનિક્ષેપણાસમિતિ અને ૫ પારિષ્ઠાપનિકાસમિતિ—એ પાંચ સમિતિ.

तत्र सम्यक् प्रशस्तार्हत्प्रवचनानुसारेण इतिः गमनं चेष्टासमितिः ।

તેમાં સમ્ એટલે સમ્યક્ પ્રકારે શ્રી અર્હંતના શ્રેષ્ઠ પ્રવચનને અનુસારે इतिः એટલે ગમન—ચેષ્ટા તે સમિતિ કહેવાય છે.

ईर्यायाः गमनस्य समितिः ईर्यासमितिः ।

ઈર્યા—ગમન તેની સમિતિ— ચેષ્ટા વિશેષ તે ઈર્યાસમિતિ કહેવાય છે.

मार्गे गच्छन् धूसर—युग प्रमाणभूमौ दत्तदृष्टिः साधुः समस्तजीवानां रक्षां कुर्वन् याति सा-ईर्यासमितिः इतिभावः । १

૧ માર્ગે ચાલતાં ધુંસર—પ્રમાણ ભૂમિ ઊપર દૃષ્ટિ રાખી સર્વ જીવની રક્ષા કરતા સાધુ વિચરે તે ઇર્યાસમિતિ કહેવાય છે. એવો ભાવાર્થ છે.

भाषासमितिः भाषाया निरवद्यवचनस्य समितिः । २

२ ભાષા એટલે નિર્દોષ વચન, તેની સમિતિ, તે ભાષાસમિતિ કહેવાય છે.

एषणासमितिः या द्विचत्वारिंशद्दोषविवर्जितः आहारः साधुभिः गृह्यते सा एषणासमितिः । ३

૩ જે બેંતાલીશ દોષ વગરનો આહાર સાધુ ગ્રહણ કરે તે એષણાસમિતિ કહેવાય છે.

आदाननिक्षेपसमितिः आदानं वस्तूनां ग्रहणं निक्षेपो वस्तूनां स्थापनं तयोः आदाननिक्षेपयोः समिति यद् वस्तूनां ग्रहणं मोचनंच प्रथमं चक्षुषा निरीक्ष्य ततो रजोहरणादिना प्रमार्ज्य विधीयते सा आदाननिक्षेपसमितिः इति भावः । ४

૪ આદાન એટલે વસ્તુનું ગ્રહણ અને નિક્ષેપ એટલે વસ્તુનું સ્થાપન તે આદાન અને નિક્ષેપની સમિતિ તે આદાનનિક્ષેપસમિતિ કહેવાય છે. ભાવાર્થ એવો છે કે, વસ્તુ લેવી કે મુકવી તેમાં પ્રથમ ચક્ષુથી જોઇ તે પછી રજોહરણ વિગેરેથી પુંજવી તે આદાન નિક્ષેપ સમિતિ જાણવી..

पारिष्टापनिकासमितिः परिष्टाप्यते परित्यज्यते सदोषादि वस्तु सा पारिष्टापनिका समितिः ।५

૫ જેમાં સદોષાદિ વસ્તુનો પરિત્યાગ થાય તે પારિષ્ટાપનિકા સમિતિ કહેવાય છે.

यत्र कफमूत्रमलादि निर्जीवस्थाने यतनया परिष्ठाप्यते सा पारिष्ठापनिकासमितिः ।

જેમાં કફ, મૂત્ર, મલ વિગેરે નિર્જીવ સ્થલે જતનાથી મુકવામાં આવે તે પારિષ્ઠાપનિકા સમિતિ કહેવાય છે.

एवं पंच समितयः व्याख्याताः

એવી રીતે પાંચ સમિતિની વ્યાખ્યા કરવામાં આવી.

अथ गुप्तयः तिस्रः मनोगुप्तिः १ वचनगुप्तिः २ कायगुप्तिः । ३

ગુપ્તિ ત્રણ પ્રકારની છે—૧ મનોગુપ્તિ, ૨ વચનગુપ્તિ, ૩ કાયગુપ્તિ.

तत्र मनोगुप्तिः त्रिधा आर्त्तरौद्रध्यानानुबंधिकल्पनाजालपरिहारः १ धर्मध्यानानुबंधिनी माध्यस्थ्यपरिणतिः २ केवलज्ञानयोगनिरोधावस्थायां सकलमनोद्रव्यनिरोधश्च ३ इति मनोगुप्तिः ।

તેમાં મનોગુપ્તિ ત્રણ પ્રકારની છે. ૧ આર્ત તથા રૌદ્ર ધ્યાન સંબંધી કલ્પનાઓની જાલની નિવૃત્તિરૂપ તે[१] પેહેલી. ૨ ધર્મધ્યાન સંબંધી મધ્યસ્થ—સમતા પણાની પરિણતિ તે[२] બીજી. ૩ કેવલજ્ઞાન પછી સકળ યોગને નિરોધ કરવાની અવસ્થામાં મનના સર્વ દ્રવ્યનો નિરોધ કરવો. તે[३] ત્રીજી—એવી રીતે ત્રણ પ્રકારની મનોગુપ્તિ છે.

वचनगुप्तिः द्विधा भ्रूसंज्ञादिपरिहारात् मौना-

૧ અસત્કલ્પનાવિયોગી. ૨ સમતાભાવિની. ૩ આત્મારામતા.

न्निग्रहः । १ वाचनापृच्छनादिषु मुखवस्त्रिकाच्छादित वक्त्रस्य न्नाषमाणस्यापि वागूनियंत्रणं । २

વચનગુપ્તિ બે પ્રકારની છે. ૧ ભ્રગુટીની સંજ્ઞા વિગેરે છોડી દઈ મૌન ધારણ કરવાનો અભિગ્રહ કરવો તે[1] પેહેલી ૨ વાચના પૃચ્છના વિગેરે કરવામાં મુખે મુહપત્તિ રાખીને બોલતાં જે વાણીની નિયંત્રણા કરવામાં આવે તે[2] બીજી.

वचनगुप्तिः सर्वथा वचननिरोधः निरवद्यसम्यक्वचनन्नाषणाभ्यां कृत्वा द्विन्नेदा न्नाषासमिति पुनः सम्यक्वचनप्रवृत्तिरूपतया एकन्नेदा एव इति वचनगुप्ति न्नाषा समित्योर्न्नेदः ।

વચનગુપ્તિ, ૧ સર્વથા વચનનો નિરોધ કરવા રૂપ તથા ૨ નિર્દોષ અને સમ્યક્ વચન ભાષણ કરવા રૂપ બે ભેદવાળી વચનગુપ્તિ છે અને સમ્યક્ વચનની પ્રવૃત્તિ કરવા રૂપ એકજ ભેદવાળી ભાષા સમિતિ છે— એવી રીતે વચનગુપ્તિ અને ભાષાસમિતિ વચ્ચે ભેદ છે.

कायगुप्तिः द्विधा उपसर्गादिसद्न्नावे कायोत्सर्गादचलनं, केवलिनां योगनिरोधावस्थायां सर्वथा शरीरचेष्टापरिहारः वा १ तथा सिद्धांतोक्तविधिना मुनीनां कायव्यापारस्य २ ।

કાયગુપ્તિ બે પ્રકારની છે[3] ઉપસર્ગાદિ થતાં કાયોત્સર્ગમાંથી ચલિત થવું નહીં તે અથવા કેવલીને યોગ નિરોધની અવસ્થામાં

૧ મૌનાવલંબિની ૨ વાંકનિયમિની. ૩ ચેષ્ટાનિવૃત્તિરૂપ.

સર્વથા શરીરની ચેષ્ટાનો ત્યાગ તે ૧ પેહેલી તથા ૨ સિદ્ધાંતમાં કહેલ વિધિ પ્રમાણે મુનિની કાયાના વ્યાપારની પ્રવૃત્તિ તે [1] બીજી.

एवं तिस्रो गुप्तयः व्याख्याताः । २०

એવી રીતે ત્રણ ગુપ્તિની વ્યાખ્યા કરવામાં આવી. ૨૦

अथ परीषहाः द्वाविंशतिः

હવે બાવીશ પરિષહ કહે છે.

खुहा पिवासा सी उण्ह, दंसा चेला रइत्थिओ।
चरिआ निसिहिया सिज्जा, अक्कोस वह जायणा ॥ २१ ॥
अलाभ रोग तण फासा, मल सक्कार परीसहा ।
पन्ना अन्नाण सम्मत्तं, इअ बावीस परीसहा ॥ २२ ॥

૧ ક્ષુધા, ૨ પિપાસા, ૩ શીત, ૪ ઊષ્ણ, ૫ દંશ, ૬ ચેલ, ૭ અરતિ, ૮ સ્ત્રી, ૯ ચર્યા, ૧૦ નૈષેધિકી, ૧૧ શય્યા, ૧૨ આક્રોશ, ૧૩ વધ, ૧૪ યાચના, ૧૫ અલાભ, ૧૬ રોગ, ૧૭ તૃણસ્પર્શ, ૧૮ મલ, ૧૯ સત્કાર, ૨૦ પ્રજ્ઞા, ૨૧ અજ્ઞાન અને ૨૨ સમ્યકત્વ એ બાવીશ પરીષહ જાણવા. ૨૧-૨૨.

---

૧ યથાસૂત્રચેષ્ટાનિયમિની.

## अवचूरी.

खुहा इति अलाभ इति क्षुधापरीषहः निरवद्याहारालाभे क्षुधा सहनीया न पुनः सावद्याहार ग्रहणं कार्यं इत्येवंस्वरूपः । १

१ નિર્દોષ આહારનો લાભ ન થાય ત્યાં સુધી ક્ષુધા સહન કરવી. પણ સાવદ્ય આહાર લેવો નહીં. એવી રીતે વર્તવું તે ક્ષુધાપરીષહ કહેવાય છે.

पिपासापरीषहः तृषा सहनीया न पुनः गाढ तृषापीडितैरपि सचित्तजलं पेयं । २

૨ તૃષા સહન કરવી. ગાઢ તૃષાથી પીડિત થતાં પણ સચિત્ત જલ પીવું નહીં. એ તૃષાપરીષહ કહેવાય છે.

शीतपरीषहः कायोत्सर्गविहारादि कुर्वतां शीतं लगति तत् सहनीयं अग्निसेवादि न चिंतनीयं । ३

૩ કાયોત્સર્ગ તથા વિહાર કરતાં જે ટાઢ લાગે તે સહન કરવી પણ અગ્નિથી તાપવા વિગેરેનું ચિંતવન ન કરવું, તે શીતપરીષહ કહેવાય છે.

उष्णपरीषहः ग्रीष्मतापाक्रांतैरपि स्नानवायुव्यंजन वातायनश्रयणादि न विधेयं आतापनादि कष्टं सहनीयं । ४

૪ ઉનાળાના તાપથી પીડિત થતાં પણ સ્નાન, વાયુ, પંખો, ગોખ ઉપર બેસવું વિગેરે ન કરવું, આતાપનાદિ કષ્ટ સહન કરવું તે ઉષ્ણપરીષહ કહેવાય છે.

दंशमशकपरीषहः कायोत्सर्गादिषु दंशमशककृता विघाताः सहनीयाः । ५

૫ કાયોત્સર્ગ વિગેરેમાં ડાંસ, અને મશલાએ દીધેલા ચટકા સહન કરવા, તે દંશમશકપરીષહ કહેવાય છે.

चेलपरीषहः मानप्रमाणोपेतैर्वस्त्रैर्मलिनजीर्णशीर्णैः रपि खेदोमनसि न कार्यः । ६

૬ બરાબર થાય તેટલા પ્રમાણવાલા, મેલા, જુના અને સડી ગયેલા વસ્ત્રો મલે તોપણ મનમાં ખેદ ન કરવો, તે ચેલપરીષહ કહેવાય છે.

अरतिपरीषहः अमनोज्ञोपाश्रयाहारादिषु अरतिः न कार्या । ७

૭ ઉપાશ્રય તથા આહાર સારા નહીં મળતાં તે વિષે અરતિ—અપ્રીતિ ન કરવી, તે અરતિપરીષહ કહેવાય છે.

स्त्रीपरीषहः स्त्रीणां मनोहररूपविभूषाविलासवाक्यहावभावादिकं दृष्ट्वा चित्तक्षोभो न कार्यः । ८

૮ સ્ત્રીઓના મનોહર રૂપ, અલંકાર, વિલાસ, વચન, અને હાવભાવ વિગેરે જોઈ ચિત્તમાં ક્ષોભ ન કરવો તે સ્ત્રીપરીષહ કહેવાય છે.

चर्यापरीषहः वायुवत् अप्रतिबद्धतया विहारः कार्यः न पुनः एकत्र वासः । ९

૯ વાયુની જેમ પ્રતિબંધ પામ્યા વગર વિહાર કરવો, એક સ્થળે વાસ કરવો નહીં તે ચર્યાપરીષહ કહેવાય છે.

नैषेधिकीपरीषहः श्मशाने शून्यागारे सर्पबिले सिंहगुहादिषु कायोत्सर्गस्थैः नानाविधोपसर्गसद्भावेऽपि अशिष्टा चेष्टा न कार्या । १०

૧૦ શ્મશાન, શૂન્યગ્રહ, સર્પનો રાફડો અને સિંહની ગુફા વિગેરેમાં કાર્યોત્સર્ગપણે રહેતાં વિવિધ જાતના ઉપસર્ગ થાય તે છતાં નઠારી ચેષ્ટા ન કરવી તે નૈષેધિકીપરીષહ કહેવાય છે.

शय्यापरीषहः उच्चावचासु शय्यासु शीतोष्णकालादौ मनसि उद्वेगो न विधेयः । ११

૧૧ ઉંચી નીંચી શય્યા—સંથારો મલતાં શીતકાલ અને ઉષ્ણકાલ વિગેરેમાં મનમાં ઉદ્વેગ ન કરવો તે શય્યાપરીષહ કહેવાય છે.

आक्रोशपरीषहःअज्ञानलोकप्रोक्तवैज्ञाष्यवाक्य श्रवणे कोपो न कार्यः दृढप्रहारिवत् । १२

૧૨ અજ્ઞાનીલોક ઉંચે સ્વરે ખરાબ વચન બોલે તે સાંભળી દૃઢપ્રહારીની જેમ કોપન કરવો તે આક્રોશપરીષહ કહેવાય છે.

वधपरीषहः कोपि दुरात्मा साधूनां वधं करोति तथापि साधुभिः क्रोधो न विधेयः स्कंदकसूरिशिष्य वत् । १३

૧૩ કોઈ દુરાત્મા સાધુનો વધ કરે તથાપિ સાધુએ સ્કંધક સૂરિના શિષ્યની જેમ ક્રોધ કરવો નહીં; તે વધપરીષહ કહેવાય છે.

याञ्चापरीषहः भिक्षावृत्तिकाले परगृहेषु याचने दुःखं मनसि न धार्यं । १४

૧૪ ભિક્ષાવૃત્તિ વખતે બીજાને ઘેર માગતાં મનમાં દુઃખ ન લાવવું તે યાચનાપરીષહ કહેવાય છે.

अलाभपरीषहः अंतरायकर्मोदयात् निर्दोषभिक्षालाभाभावेऽपि चित्ते उद्वेगो न कार्यः ढंढणकुमारवत् । १५

૧૫ અંતરાય કર્મના ઉદયથી નિર્દોષ ભિક્ષાનો લાભ ન થાય તોપણ ઢંઢણકુમારની જેમ મનમાં ઉદ્વેગ ન કરવો તે અલાભપરીષહ કહેવાય છે.

रोगपरीषहः उग्ररोगसंभवेपि आर्त्तध्यानं न कार्यं सम्यक् सह्यं सनत्कुमारवत् । १६

૧૬ કદિ ભયંકર રોગ થાય તોપણ આર્ત્તધ્યાન ન કરવું. સનત્કુમારની જેમ સહન કરવું, તે રોગપરીષહ કહેવાય છે.

तृणपरीषहः संस्तारकादौ दर्भादितृणव्यापारे देहपीडायामपि दुःखं न चिंत्यं । १७

૧૭ સંથારા વિગેરેમાં ડાભ, વિગેરે ઘાસના વ્યાપારથી દેહને પીડા થાય તથાપિ દુઃખ ન ચિંતવવું. તે તૃણપરીષહ કહેવાય છે.

मलपरीषहः मलस्वेदादि शरीरात् न स्फेटनीयं किंतु यावज्जीवं सम्यक् सहनीयं । १८

૧૮ મેલ પસીનો વિગેરે શરીર ઉપરથી ઉતારવા નહીં પણ તે જાવજીવ સુધી સારી રીતે સહન કરવા; તે મલપરીષહ કહેવાય છે.

सत्कारपुरस्कारपरीषहः बहुलोकनरेश्वरादिकृत

स्तुतिवंदनादेः चित्तोन्मादो न कार्यः उत्कर्षो मनसि न कार्यः । १९

१९ ઘણાં લોક કે રાજા વિગેરે સ્તુતિ વંદના કરે તેથી ચિત્તમાં ઉન્માદ કરવો નહીં તેમ મનમાં ઊત્કર્ષ લાવવો નહી, તે સત્કાર-પુરસ્કાર પરીષહ કહેવાય છે.

प्रज्ञापरीषहः बहुज्ञान संभवेऽपि आत्मीयचित्ते गर्वो न कार्यः । २०

૨૦ બહુજ્ઞાન હોય તોપણ પોતાના મનમાં ગર્વ ન કરવો તે પ્રજ્ઞાપરીષહ કહેવાય છે.

अज्ञानपरीषहः ज्ञानावरणीयकर्मोदयात् पठतामपि पाठो नागच्छति तथापि दुःखं मनसि न कार्यं किंतु कर्मविपाक एव चिंत्यः । २१

૨૧ જ્ઞાનાવરણીય કર્મના ઊદયથી કદિ ભણે તોપણ પાઠ આવડે નહીં, તથાપિ મનમાં દુઃખ લાવવું નહીં પણ પોતાના કર્મનો તેવો વિપાકજ ચિંતવવો, તે અજ્ઞાનપરીષહ કહેવાય છે.

सम्यक्तपरीषहः जिनशासनविषये देवगुरुधर्मविषये च संदेहो न विधेयः । २२

૨૨ જિનશાસન વિષે કે દેવ, ગુરૂ તથા ધર્મને વિષે સંદેહ કરવો નહીં તે સમ્યકત્વ પરીષહ કહેવાય છે.

एवं द्वाविंशतिः परीषहा व्याख्याताः । २१–२२

એવી રીતે બાવીશ પરીષહોની વ્યાખ્યા કરવામાં આવી. ૨૧—૨૨

अथ यतिधर्मो दशधा—दशप्रकारः ।

હવે દશ પ્રકારનો યતિધર્મ કહે છે.

खंति मद्दय अज्जव, मुत्ती तव संजमे अ
बोधव्वे ।
सच्चं सोअं आकिं, चणं च बंभं च जइध-
म्मो ॥ २३ ॥

૧ ક્ષમા, ૨ માર્દવ, ૩ આર્જવ, ૪ મુક્તિ, ( સંતોષ ) ૫ તપ, ૬ સંયમ, ૭ સત્ય, ૮ શૌચ, ૯ અકિંચનત્વ અને ૧૦ બ્રહ્મચર્ય, એ દશ પ્રકારનો યતિધર્મ જાણવો. ૨૩

## अवचूरी.

खंति इति—क्षमा—मार्दव—आर्जव—निर्लोभता—तपः—संयम—सत्य—शौच—अकिंचनत्व—ब्रह्मस्वरूपः ।

૧ ક્ષમા, ૨ માર્દવ, ૩ આર્જવ, ૪ નિર્લોભતા, ૫ તપ, ૬ સંયમ, ૭ સત્ય, ૮ શૌચ, ૯ અકિંચનત્વ, અને ૧૦ બ્રહ્મચર્ય— એ દશ પ્રકારનો યતિધર્મ છે.

तत्र क्षमा क्रोधजयः स च उपशमेन स्यात् १

૧ તેમાં ક્રોધનો જય કરવો તે ક્ષમા નામે યતિધર્મ કહેવાય તે ક્રોધનો જય ઉપશમ ( સમતા ) થી થાય છે.

मार्दवं मृदोर्न्नावः मार्दवं अहंकारपरिहारः २

२ મૃદુ—કોમલનો ભાવ એટલે અહંકારનો ત્યાગ તે માર્દવ નામે યતિધર્મ કહેવાય છે.

आर्जवं ऋजोर्न्नावः मायात्यागः । ३

૩ ઋજુ—સરલનો ભાવ એટલે માયા—કપટનો ત્યાગ તે આર્જવ નામે યતિધર્મ કહેવાય છે.

निर्लोन्नता लोन्नपरिहारः । ४

૪ લોભનો ત્યાગ તે નિર્લોભતા યતિધર્મ કહેવાય છે.

तपः बाह्यांतरन्नेदैर्द्वादशधा । ५

૫ બાહ્ય અને અંતર એવા ભેદથી જે બાર પ્રકારે થાય છે તે તપ યતિધર્મ કહેવાય છે.

संयमः प्राणातिपातविरमणरूपः । ६

૬ પ્રાણુતિપાતથી વિરામ પામવું, તે સંયમયતિધર્મ કહેવાય છે.

सत्यं सद्भ्यो जीवेन्न्यो हितं पथ्यं सत्यं । ७

૭ સત્ એટલે જીવને હિતકારી તે સત્ય યતિધર્મ કહેવાય છે.

शौचं सर्वजीवेषु सुखकारि वर्त्तनं शौचं अदत्तादानपरिहारः । ८

૮ સર્વ જીવને સુખ ઉપજે તેવી રીતે વર્ત્તવું અને અદત્તાદાન (ચોરી) નો ત્યાગ તે શૌચ યતિધર્મ કહેવાય છે.

आकिंचनत्वं न विद्यते किंचन यस्य सः आकिंचनः

अकिंचनस्यन्नावः अकिंचनत्वं सर्वपरिग्रह त्यागः। ए

૯ જેની પાંસે કાંઈપણ ન હોય તે અકિંચન, તેનો ભાવ તે અકિંચનત્વ એટલે સર્વ પરિગ્રહનો ત્યાગ તે અકિંચનત્વ યતિ-ધર્મ કહેવાય છે.

ब्रह्म औदारिकवैक्रियसंबंधमैथुनपरिहारः। १०(२३)

૧૦ ઔદારિક અને વૈક્રિય સંબંધી મૈથુનનો ત્યાગ તે બ્રહ્મ યતિધર્મ કહેવાય છે. ૨૩

अथ न्नावना द्वादश. ।

હવે બાર ભાવના કહે છે.

पढममणिच्चमसरणं, संसारो एगया य अ-
णत्तं ॥
असुइत्तं आसव सं,वरो अ तह णिज्जरा
नवमी ॥ २४ ॥
भोगसहावो बोही, दुल्लहा धम्मस्स साहगा
अरिहा ॥
एआओ भावणाओ, भावेअव्वा पयत्तेणं॥२५॥

૧ અનિત્ય ભાવના, ૨ અશરણ ભાવના, ૩ સંસાર ભાવના, ૪ એકત્વ ભાવના, ૫ અન્યત્વ ભાવના, ૬ અશુચિત્વ ભાવના ૭ આશ્રવ ભાવના, ૮ સંવર ભાવના, ૯ નિર્જરા ભાવના, ૧૦

લોકસ્વભાવ ભાવના, ૧૧ બોધિદુર્લભ ભાવના, અને ૧૨ ધર્મના સાધક અરિહંત પણ પામવા દુર્લભ છે એવી ધર્મ ભાવના, એ બાર ભાવના પ્રયત્નથી ભાવવી. ૨૪-૨૫.

## अवचूरी.

पढम इति लोग सहावोऽइति-अनित्यन्नावना१ अशरणन्नावना २ न्नवन्नावना ३ एकत्वन्नावना ४ अन्यत्वन्नावना ५ अशौचन्नावना ६ आश्रवन्नावना ७ संवरन्नावना ८ निर्जरान्नावना ए धर्मन्नावना १० लोकन्नावना ११ बोधिन्नावना १२

૧ અનિત્ય ભાવના, ૨ અશરણુ ભાવના, ૩ ભવ ભાવના ૪ એકત્વ ભાવના, ૫ અન્યત્વ ભાવના, ૬ અશૌચ ભાવના, ૭ આશ્રવ ભાવના, ૭ સંવર ભાવના, ૯ નિર્જરા ભાવના, ૧૦ ધર્મ ભાવના, ૧૧ લોક ભાવના અને બોધિ ભાવના—એ બાર ભાવના છે.

तत्र संसारे सर्वपदार्थानां अनित्यता यत् चिंत्यते सा अनित्यन्नावना । १

૧ તેમાં સંસારના સર્વ પદાર્થ અનિત્ય છે એમ જે ચિંતવવું તે અનિત્ય ભાવના કહેવાય છે.

अशरणं देहिनां मरणादिन्नये संसारे शरणं किमपि नास्ति इत्यादिचिंतनं अशरणन्नावना । २

૨ મૃત્યુ વિગેરે ભયવાલા આ સંસારમાં પ્રાણીને કાંઇ પણ શરણુ નથી ' એમ ચિંતવવું, તે અશરણુ ભાવના કહેવાય છે.

जीवानां चतुरशीतिलक्षजीवयोनिपरिभ्रमण चिंतनं भवभावना । ३

૩ જીવ ચોરાશી લાખ જીવાયોનિમાં ભ્રમણ કરે છે—એમ ચિંતવવું, તે ભવ ભાવના કહેવાય છે.

एकाक्येव जीवः उत्पद्यते विपद्यते कर्माण्युपार्जयति भुंक्ते चेत्यादिचिंतनं एकत्वभावना । ४

૪ જીવ એકલોજ ઉત્પન્ન થાય છે, એકલોજ મૃત્યુ પામે છે એકલોજ કર્મ બાંધે છે અને એકલોજ કર્મ ભોગવે છે—ઇત્યાદિ ચિંતવન કરવું તે એકત્વ ભાવના કહેવાય છે.

जीवानां देहात् पृथक्त्वे सति पुत्रकलत्रादिधनादिपदार्थेभ्यः अत्यंतभेद एकत्वं अतः तत्ववृत्त्या कोपि कस्यापि संबंधी नास्ति—इत्यादि चिंतनं अन्यत्वभावना । ५

૫ જીવને દેહથી જુદાંપણાને લીધે પુત્ર, સ્ત્રી, ધન વિગેરે પદાર્થોથી અત્યંત ભેદપણું છે, તેથી તત્વરીતે જોતાં કોઈ પણ કોઇનો સંબંધી નથી આ પ્રમાણે જે ચિંતન કરવું, તે અન્યત્વ ભાવના કહેવાય છે.

देहस्य सप्तधातुमयस्य नव स्रोतांसि निरंतरं स्रवंति मलमूत्रश्लेष्मादि—वस्तूनि बीभत्सानि सहचारीणि संति अतः शुचित्वं कुतः स्यादिति चिंतनं अशौचभावना । ६

६ સાત ધાતુના બનેલા આ દેહના નવ દ્વાર નિરંતર ઝર્યા કરે છે. મલ, મૂત્ર બડખા વિગેરે બીભત્સ વસ્તુઓ તેની સાથે રહ્યા કરે છે, એથી એ દેહમાં શુચિપણું—પવિત્રતા ક્યાંથી હોય- એ પ્રકારે જે ચિંતવન કરવું તે અશૌચ ભાવના કહેવાય છે.

संसारमध्यस्थितसमस्तजीवानां मिथ्यात्व कषायाविरतिप्रमादार्त्तरौद्रध्यानादिहेतुभिः निरंतरं- कर्माणि बध्यमानानि संति इतिचिंतनं आश्रव- भावना । ७

७ સંસારમાં રહેલા સમસ્ત જીવોને મિથ્યાત્વ, કષાય, અવિરતિ, પ્રમાદ, આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન વિગેરે હેતુથી નિરંતર કર્મ બંધાયા કરે છે, ઈત્યાદિ ચિંતવન કરવું, તે આશ્ર- વભાવના કહેવાય છે.

मिथ्यात्वादीना बंधहेतुभूतानां संवरणोपायाः सम्यक्त्वादयः तेषां चिंतनं संवरभावना । ८

૮ ઊપર કહેલી ( આશ્રવભાવનામાં ) મિથ્યાત્વ વિગેરે ને રોકવાના ઊપાય સમ્યકત્વ વિગેરે છે, તે સમ્યકત્વ વિગેરેનું ચિંતવન કરવું, તે સંવરભાવના કહેવાય છે.

निर्जराभावना कर्मनिर्जराख्या द्विधा सकामा अकामा च ।

કર્મની નિર્જરા કરવા રૂપ નિર્જરા ભાવના સકામા અને અકામા એમ બે પ્રકારની છે.

तत्र सकामा साधूनां ।

તેમાં સાધુઓને સકામા નિર્જરા છે.

अकामा च अज्ञानकष्टजनिताजीवानां ।

અને અજ્ઞાન કષ્ટથી થયેલી જીવોને અકામા નિર્જરા છે.

तत्र सकामा द्वादशप्रकारतपोहितकर्मक्षय-रूपा । १

१ તેમાં તપથી કર્મનો ક્ષય થવા રૂપ બાર પ્રકારની સકામા નિર્જરા છે.

अकामा पुनः तिर्यगादिजीवानां तृषाबुभुक्षा छेदनभेदनभारोद्धारसावद्यकामकष्टसहनेनय:कर्मक्षयः तद्रूपा ज्ञातव्या ।

તિર્યંચ વિગેરે જીવને તૃષા, ભુખ, છેદન, ભેદન, ભારવહન, સાવદ્ય કામ અને કષ્ટને સહન કરવાથી જે કર્મનો ક્ષય થાય તે રૂપ અકામા નિર્જરા જાણવી.

एवंविधाया निर्जरायाः चिंतनं निर्जराभावना। ए

૯ એવી નિર્જરાનું ચિંતવન કરવું તે નિર્જરાભાવના કહેવાય છે.

दुस्तरसंसारसागरसमुत्तारणप्रवहणप्रायश्री जिनप्रणीतश्रीधर्मभावचिंतनं धर्मभावना । १०

૧૦ દુસ્તર એવા સંસાર સાગરને ઊતારનાર વ્હાણ સમાન શ્રી જિનપ્રણીત એવા ધર્મ ભાવનાનું ચિંતવન કરવું તે ધર્મ-ભાવના કહેવાય છે.

चतुर्दशरज्ज्वात्मकलोकस्य कटिसंस्थापितकर

तिर्यक्प्रसारित पादपुरुषाकारस्य धर्माधर्मास्तिकायादिषट्द्रव्यैः परिपूर्णस्य लोकस्य चिंतनं लोकभावना । ११

११ કટી ઊપર હાથ મુકી પગ તિરછાં પોહોલા કરી ઊભા રહેલા પુરૂષની આકૃત્તિ જેવા આકૃત્તિવાળા અને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વિગેરે છ દ્રવ્યથી પરિપૂર્ણ આ ચૌદ રાજલોકનું ચિંતવન કરવું, તે લોકભાવના કહેવાય છે.

अनंतानंतकालदुर्लभमनुष्यादिसामग्रीयोगेऽपि दुःप्रापं प्रायो बोधिबीजं जीवानां इत्यादि चिंतनं बोधिभावना । १२

१२ અનંતા અનંત કાલે દુર્લભ એવી મનુષ્યપણા વિગેરે સામગ્રીનો યોગ થતાં પણ જીવને બોધિબીજ ( સમકિત ) પામવું મુસ્કેલ છે, ઈત્યાદિ ચિંતવન કરવું તે બોધિભાવના કહેવાય છે.

एवं द्वादशभावनाः व्याख्याताः । २५

એવી રીતે બાર ભાવનાની વ્યાખ્યા કરવામાં આવી. ૨૫

## अथ चारित्राणि पंच ।

હવે પાંચ પ્રકારનું ચારિત્ર કહે છે.

सामाइअत्थ पढमं, छेओवठावणं भवे बीअं ।
परिहारविसुद्धीअं, सुहमं तह संपरायं च ॥ २६ ॥

तत्तोअ अहक्खायं, खायं सव्वंमि जीवलोगंमि ।
जं चरिऊण सुविहिया, वच्चंति अयरामरं
ठाणं ॥ २७ ॥

૧ પેહેલું સામાયિક ચારિત્ર, ૨ બીજું છેદોપસ્થાપનીય ચારિત્ર, ૩ ત્રીજું પરિહારવિશુદ્ધિ ચારિત્ર, ૪ ચોથું સૂક્ષ્મસંપરાય ચારિત્ર તે પછી પાંચમું ૫ યથાખ્યાત ચારિત્ર, જે યથા એટલે યથાવિધિએ સર્વ જીવલોકમાં ખ્યાત એટલે પ્રસિદ્ધ છે તે યથાખ્યાત ચારિત્ર, જેને આચરીને સાધુ અજરામર સ્થાનને પામે છે. ૨૬—૨૭

## अवचूरी.

सामाइ इति तत्तोअ इति—चारित्राणि पंच सामायिक १ छेदोपस्थापनीय २ परिहारविशुद्धिक ३ सूक्ष्मसंपराय ४ यथाख्यात ५ नामानि।

૧ સામાયિક, ૨ છેદોપસ્થાપનીય, ૩ પરિહારવિશુદ્ધિક, ૪ સૂક્ષ્મસંપરાય, અને ૫ યથાખ્યાત,—એ પાંચ ચારિત્ર છે.

तत्र सामायिकं सर्वसावद्यव्यापारपरित्याग निरवद्यव्यापारासेवनरूपं ज्ञातव्यं । १

૧ સર્વ સાવદ્યવ્યાપારનો ત્યાગ અને નિરવદ્ય—નિર્દોષ વ્યાપારનું સેવન, તે સામાયિકચારિત્ર કહેવાય છે.

छेदोपस्थापनीयं गणाधिपेन प्रदत्तं प्राणातिपातविरमणादिपंचमहाव्रतरूपं । २

२ साधुसमुदायना अधिपतिए आपेला प्राणातिपात विरमण विगेरे पंच महाव्रत, ते छेदोपस्थापनीय चारित्र कहेवाय छे.

परिहारविशुद्धिकं नव साधवो गच्छात् पृथग् भूत्वा अष्टादशमासान् यावत् यत्सिद्धांतप्रोक्तरीत्या तपः कुर्वंति तत्परिहारविशुद्धिकं ज्ञेयं । ३

३ नव साधुओ गच्छथी बहार निकली अढार मास सुधी सिद्धांतमां कह्या प्रमाणे तप करे, ते परिहारविशुद्धि चारित्र कहेवाय छे.

सूक्ष्मसंपरायं सूक्ष्मसंपरायाख्यदशमगुणस्थानकप्राप्तानां साधूनां यच्चारित्रं तत् सूक्ष्मसंपरायं । ४

४ सूक्ष्मसंपराय नामे दशमा गुणठाणे प्राप्त थयेला साधुओनुं जे चारित्र ते सूक्ष्मसंपराय चारित्र कहेवाय छे.

यथाख्यातं सर्वेषु कषायेषु सर्वक्षयं प्राप्तेषु साधूनां यच्चारित्रं तत् यथाख्यातं । ५

५ सर्व कषायनो सर्वथा क्षय थतां साधुओनुं जे चारित्र ते यथाख्यात चारित्र कहेवाय छे.

एतेषां चारित्राणां मध्ये सांप्रतं प्रथमचारित्रद्वयं विद्यमानमस्ति शेषाणि त्रीणि चारित्राणि व्युच्छिन्नानि ।

ए पांच चारित्रमां हाल पेहेला बे चारित्र विद्यमान छे, बाकीना त्रण चारित्र विच्छेद पाम्या छे.

एवं चारित्रपंचकं व्याख्यातं ।

એવી રીતે પાંચ ચારિત્રની વ્યાખ્યા કરવામાં આવી.

एवं समितीनां पंच ज्ञेदाः गुप्तीनां त्रयः परीषहानां द्वाविंशतिः यतिधर्मस्य दश ज्ञावनानां द्वादश चारित्राणां पंच ज्ञेदाः इति सप्तपंचाशज्ञ्वेदाः संवरतत्वस्य संजाताः ।

એવી રીતે સમિતિના પાંચ ભેદ, ગુપ્તના ત્રણ ભેદ, પરીષહના બાવીશ, યતિધર્મના દશ, ભાવનાના બાર, અને ચારિત્રના પાંચ-એમ સર્વ મળી સત્તાવન ભેદ સંવરતત્વના થયા.

इति षष्टं संवरतत्वं संक्षेपतो व्याख्यातम् ।२६-२७

એવી રીતે છઠ્ઠાં સંવરતત્વની વ્યાખ્યા સંક્ષેપથી કરેલી છે. ૨૬-૨૭

अथ सप्तमं निर्जरातत्वं व्यख्यानयति ।

હવે સાતમા નિર્જરા તત્વની વ્યાખ્યા કરે છે.

अणसण मूणोआरिया, वित्ती संखेवणं रस-
च्चाओ ।
कायकिलेसो संली, णया य बज्झो तवो होइ
॥ २८ ॥

पायच्छित्तं विणओ वेयावच्चं तहेव सज्झाओ।
झाणं उस्सग्गो विअ, अभिंतरओ तवो होई ॥ २९ ॥
बारसविहं तवो णि, ज्जरा य बंधो चउ विगप्पो अ।
पयई ठिइ अणुभागो, पएस भेएहिं नायव्वो ॥ ३० ॥

બાર પ્રકારનું તપ છે, તેમાં છ પ્રકારનું બાહ્ય તપ છે, ૧ અનશન, ૨ ઊનોદરી, ૩ વૃત્તિસંક્ષેપ, ૪ રસત્યાગ, ૫ કાયકલેશ અને ૬ સંલેખના—એ છ પ્રકારનું બાહ્ય તપ છે, ૧ પ્રાયશ્ચિત્ત, ૨ વિનય, ૩ વૈયાવૃત્ય, ૪ સ્વાધ્યાય, ૫ ધ્યાન અને ૬ ઊત્સર્ગ—એ છ પ્રકારનું અભ્યંતર તપ છે, એ બાર પ્રકારનું તપ એજ બાર ભેદ વડે નિર્જરાતત્વ કહેવાય છે, તે પછી ૧ પ્રકૃતિ, ૨ સ્થિતિ, ૩ અણુભાગ અને ૪ પ્રદેશ—એ ચાર ભેદ વડે ચાર પ્રકારનું બંધતત્વ જાણવું. ૨૮-૨૯-૩૦

## अवचूरी.

अणसण इति पायच्छित्तं इति-बारसविहं इति। तत्र बारसविहं इति–गाथामध्यात् पद मेकं। ( व्याख्यानयति )

बारसविहं એ ગાથામાંથી એક પદની વ્યાખ્યા કરે છે.

द्वादशप्रकारं तपो निर्जरा प्रोच्यते ।

બાર પ્રકારનું તપ એ નિર્જરા કહેવાય છે.

तत् तपो बाह्याभ्यंतरभेदाभ्यां द्विधा स्यात् ।

તે તપ બાહ્ય અને અભ્યંતર એવા બે ભેદથી બે પ્રકારનું છે.

तत्र बाह्यं तपः षड्विधं अनशन १ ऊनोदरता २ वृत्तिसंक्षेप ३ रसत्याग ४ कायक्लेश ५ संलीनता ६ लक्षणं ।

૧ અનશન, ૨ ઊનોદરી, ૩ વૃત્તિસંક્ષેપ, ૪ રસત્યાગ, ૫ કાયકલેશ અને ૬ સંલીનતા-એ છ પ્રકારનું બાહ્યતપ છે.

तत्र अनशनं आहारपरित्यागरूपं द्विधा इत्वरं यावत्कथिकं च । १

૧ તેમાં આહારનો ત્યાગ કરવો તે અનશનવ્રત કહેવાય છે તે ઈત્વર અને યાવત્કથિક એવા બે ભેદવાલું છે.

इत्वरंचतुर्थषष्टाष्टमादि यावत्कथिकं यावज्जीव मनशनग्रहणरूपं ।

ચોથ, છઠ અને અઠ્ઠમ વિગેરે ઈત્વર અનશન કહેવાય છે અને જાવજીવ સુધી અનશન કરવું તે યાવત્કથિક અનશન કહેવાય છે.

ऊनोदरता एकद्वित्र्यादिकवलहान्या ज्ञेया । २

૨ એક, બે, ત્રણ વિગેરે ગ્રાસ ઓછા કરવા તે ઊનોદરી તપ કહેવાય છે.

वृत्तिसंक्षेपः द्रव्यक्षेत्रकालभावविषयाभिग्रहण रूपः । ३

૩ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ વિષય સંબંધી અભિગ્રહ કરવો તે વૃત્તિસંક્ષેપ તપ કહેવાય છે.

यथा श्री महावीरस्य चतुर्विधाभिग्रहश्चंदनबालया पूरीतः ।

જેમ શ્રી મહાવીર ભગવંતનો ચતુર્વિધ અભિગ્રહ ચંદન બાલાએ પૂર્યો હતો.

रसत्यागो विकृति परित्यागः । ४

૪ વિકૃતિ ( વિગયનો ) ત્યાગ કરવો તે રસત્યાગ તપ કહેવાય છે.

कायः क्लेशो लोचादिकष्टसहनं । ५

૫ લોચ વિગેરે કષ્ટને સહન કરવા તે કાયક્લેશ તપ કહેવાય છે.

संलीनता चतुर्विधा इंद्रियकषाययोगनिवारण स्त्र्यादि विवर्जितोपाश्रयनिवसनभेदैर्ज्ञातव्या । ६

૬ ઇંદ્રિય, કષાય અને યોગનું નિવારણ તથા સ્ત્રી પશુ પંઢ વિગેરેથી વર્જિત એવા ઉપાશ્રયમાં રહેવું એ ભેદથી સંલીનતા તપ ચાર પ્રકારનું છે. એટલે ૧ ઇંદ્રિય સંલીનતા, ૨ કષાયસંલીનતા, ૩ યોગસંલીનતા અને ૪ વિવિક્તચર્યાસંલીનતા એવા તેના ચાર ભેદ છે.

एवं बाह्यं तपः षड्विधं लोकप्रसिद्धं व्याख्यातम् ।

એવી રીતે લોકપ્રસિદ્ધ ૭ પ્રકારનાં બાહ્ય તપની વ્યાખ્યા કરવામાં આવી.

---

अथ आभ्यंतरं तपः षड्विधं ।

હવે ૭ પ્રકારનું અભ્યંતર તપ કહે છે.

---

प्रायश्चित्त १ विनय २ वैयावृत्य ३ स्वाध्याय ४ ध्यान ५ उत्सर्ग ६ नामकं ।

૧ પ્રાયશ્ચિત્ત, ૨ વિનય, ૩ વૈયાવૃત્ય, ૪ સ્વાધ્યાય, ૫ ધ્યાન, અને ઉત્સર્ગ એવા તેના નામ છે.

तत्र प्रायश्चित्तं निजानि पातकानि यथालग्नानि गुरूणां पुरस्तात् यत् आलोच्यते गुरुप्रदत्तं च तपः समाचर्यंते तत् प्रायश्चित्तम् । १

૧ લાગેલા પોતાના પાપ ગુરૂની આગળ આલોચે એટલે ગુરૂએ કહેલું તપ આચરે તે પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

विनयः सप्तप्रकारः ज्ञान १ दर्शन २ चारित्र ३ मनो ४ वचन ५ काय ६ विवेककल्प प्रचारिक ७ भेदैर्ज्ञातव्यः । २

૨ ૧ જ્ઞાન, ૨ દર્શન, ૩ ચારિત્ર, ૪ મન, ૫ વચન, ૬ કાયા અને ૭ વિવેકકલ્પપ્રચારિક એવા સાત ભેદવાલો વિનય જાણવો.

वैयावृत्यं आचार्योपाध्यायतपस्विग्लानादीनां अन्नपानादिसंपादन विश्रामणादिरूपं । ३

३ આચાર્ય, ઊપાધ્યાય, તપસ્વી અને ગ્લાન-દુઃખી એવા પુરૂષોને અન્નપાન લાવી આપવા તથા વિશ્રામ આપવો એ વૈયાવૃત્ય કહેવાય છે.

स्वाध्यायः वाचना–पृच्छना–परावर्त्तना–नुप्रेक्षा धर्मकथालक्षणः पंचभेदः । ४

૪ વાંચના, ૨ પૃચ્છના, ૩ પરાવર્ત્તના, ૪ અનુપ્રેક્ષા અને ૫ ધર્મકથા—એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય કહેવાય છે.

ध्यानं आर्त्तरौद्रधर्मशुक्लरूपं । ५

૫ ૧ આર્ત, ૨ રૌદ્ર, ૩ ધર્મ અને શુકલ—એ ચાર પ્રકારનું ધ્યાન કહેવાય છે.

तत्र आर्त्तरौद्रयोः परिहारः धर्मशुक्लयोः स्वीकारः एतौ परिहारस्वीकारौ ध्यानं कथ्यते ।

તેમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરવો તથા ધર્મ ધ્યાન અને શુકલધ્યાનનો સ્વીકાર કરવો એ ત્યાગ અને સ્વીકાર ધ્યાન કહેવાય છે.

उत्सर्गो द्रव्यभावभेदाद् द्विधा । ६

દ્રવ્ય અને ભાવ એવા બે ભેદથી ઉત્સર્ગ બે પ્રકારનો છે.

तत्र आद्यः चतुर्धा गण १ देहो २ पधि ३ भक्त ४ त्याग भेदात् ।

તેમાં પેહેલો દ્રવ્ય ઉત્સર્ગ ૧ ગણ, ૨ દેહ, ૩ ઉપાધિ અને ૪ ભક્ત તેનો ત્યાગ કરવારૂપ ચાર ભેદ વાલો છે.

भावतः पुनः क्रोधादिपरित्यागो ज्ञातव्यः ।

ક્રોધાદિકનો ત્યાગ કરવો એ ભાવથી ઉત્સર્ગ છે.

एवं षट् प्रकारं आभ्यंतरं तपः प्ररूपितं ।

એવીરીતે છ પ્રકારનું આભ્યંતર તપ નિરૂપણ કર્યું.

आभ्यंतरं कस्मात्प्रोच्यते ।

એ તપ આભ્યંતર શામાટે કહેવાય છે?

यतो मोक्षप्राप्तौ अंतरंगकारणमिदं ततः आभ्यंतरं कथ्यते ।

મોક્ષની પ્રાપ્તિમાં એ અંતરંગ કારણરૂપ છે તેથી તે અભ્યંતર તપ કહેવાય છે.

इति सप्तमं निर्जरातत्वं व्याख्यातं ।

એવી રીતે સાતમા નિર્જરાતત્વની વ્યાખ્યા કરેલી છે.

अथ अष्टमं बंधतत्वं प्ररुपयति ।

હવે આઠમું બંધ તત્વ નિરૂપણ કરે છે.

बंधो इति बंधः कर्मभिः सह जीवानां संश्लेषः यथा क्षीरनीरयोः अग्न्यःपिंडयोर्वा ।

બંધ એટલે કર્મની સાથે જીવનો સંશ્લેષ-સંપર્ક તે દુધ અને જલની જેમ અથવા અગ્નિ અને લોઢાના પિંડની જેમ જાણવો.

स चतुर्धा प्रकृति १ स्थिति २ अनुभाग ३ प्रदेश ४ भेदैर्ज्ञातव्यः ।

તે બંધ ૧ પ્રકૃતિ, ૨ સ્થિતિ, ૩ અનુભાગ અને ૪ પ્રદેશ એવા ભેદથી ચાર પ્રકારનો જાણવો.

एतान्नेव चतुरो न्नेदान् प्रक्षेपगाथया व्याख्यानयति।

એ ચાર ભેદની પ્રક્ષિપ્ત ગાથાથી વ્યાખ્યા કરે છે.

पयइ सहावो वुत्तो, ठिइ कालावहारणं ।
अणुभागो रसो णेओ, पएसो दलसंचओ।३१।

કર્મનો સ્વભાવ એ પ્રકૃતિ બંધ કહેવાય છે. કર્મના કાલનું અવધારણ–નિશ્ચય તે સ્થિતિ બંધ કહેવાય છે. કર્મનો રસ તે અનુભાગ બંધ જાણવો અને કર્મના દલ (દલીયા) નો સંચય તે પ્રદેશ બંધ કહેવાય છે. ૩૧

## अवचूरी.

पयइ इति–प्रकृतिः स्वन्नावः परिणाम इतिन्नावः ।

સ્વભાવ અર્થાત્ પરિણામ તે પ્રકૃતિબંધ કહેવાય છે.

स्थितिबंधः कालपरिमाणं ।

કાલનું પરિમાણ તે સ્થિતિબંધ કહેવાય છે.

अनुन्नागो रसः कथ्यते ।

રસ એ અનુભાગ બંધ જાણવો.

प्रदेशः पुद्गलपरिमाणरूपः ।

પુદ્ગલનું પરિમાણ એ પ્રદેશ બંધ કહેવાય છે.

एते चत्वारोऽपि नेदा मोदकदृष्टांतेन ज्ञातव्याः।

એ ચારે ભેદ મોદક (લાડુ) ના દૃષ્ટાંતથી જાણવા.

यथा कश्चिन्मोदकः तत्तद्द्रव्यसंयोगनिष्पन्नो वातं पित्तं श्लेष्माणं वा येन स्वरूपेण हंति स स्वन्नावः कथ्यते । १

૧ જેમ (વાત, પિત્ત અને કફ હરનારા) તે તે દ્રવ્યના સંયોગથી બનાવેલો લાડુ જે સ્વરૂપથી વાતને, પિત્તને શ્લેષ્મને હણે, તે સ્વરૂપનું નામ સ્વભાવબંધ કહેવાય છે.

यथा पुनः स एव मोदकः पक्षं मासं द्विमासं त्रिमासं चतुर्मासादि यावत् यत्तेनैव रूपेण तिष्ठति सा स्थितिः कथ्यते । २

૨ જેમ તેનો તે લાડુ એક પખવાડીયું, એક માસ, બે માસ, ત્રણ માસ, અને ચાર માસ વિગેરે જયાં સુધી તેના તેજ સ્વરૂપથી રહે તે સ્થિતિબંધ કહેવાય છે.

यथा पुनः स एव मोदकः कश्चिन्मधुरो नवति कश्चित्पुनः कटुर्नवति कश्चित्तीव्रोन्नवति यत् स रसः कथ्यते । ३

૩ જેમ તેનો તે લાડુ જે કોઇ મીઠો થાય છે કોઈ કડવો થાય છે અને કોઈ તીખો થાય છે તે રસબંધ કહેવાય છે.

यथा पुनः सएव मोदकः कश्चित् अल्पदलपरि-

माणनिष्पन्न; कश्चित्पुनः बहुदलनिष्पन्नः कश्चिद् बहुतरदलनिष्पन्नः एवं मोदकेषु पुद्गलपरिमाणं स्यात् स प्रदेशः । ४

૪ જેમ તે લાડુ કોઇ અલ્પ દલીયાના પ્રમાણથી બન્યો હોય છે, કોઇ ઘણાં દલીયાના પ્રમાણથી બન્યો હોય છે— અને કોઇ અતિઘણા દલિયાના પ્રમાણથી બન્યો હોય છે. એવી રીતે લાડુની અંદર જે દલિયાનું પ્રમાણ તે પ્રદેશબંધ કહેવાય છે.

एवं कर्मणां बंधोऽपि चतुः प्रकारो ज्ञातव्यः ।

એવી રીતે કર્મનો બંધ પણ ચાર પ્રકારનો જાણવો.

तथाहि ।

તે આ પ્રમાણે—

कानिचत् ज्ञानावरणीयादीनि कर्माणि ज्ञानं दर्शनं चारित्रं वा घ्नंति येन स्वभावेन स प्रकृतिबंधः प्रोच्यते ।

तान्येव पुनः कर्माणि कानिचित् जघन्यतः अंतर्मुहूर्तस्थितिकानि भवंति उत्कृष्टतश्च कानिचित् विंशति कोटाकोटिसागरोपमप्रमाणस्थितिकानि भवंति ।

કેટલાએક જ્ઞાનાવરણીય વિગેરે કર્મ જ્ઞાન, દર્શન વા ચારિત્રને જે સ્વભાવથી હણે છે, તે પ્રકૃતિબંધ કહેવાય છે.

તેના તેજ કર્મ કોઈ જઘન્યથી અંતર્મુહૂર્ત્તની સ્થિતિવાલા હોય છે અને ઊત્કૃષ્ટા કોઈ વીશ કોટાકોટી સાગરોપમની સ્થિતિ-વાલા હોય છે.

कानिचित् त्रिंशत्कोटाकोटीसागरप्रमाणस्थितिकानि नवंति कानि पुनः सप्ततिकोटाकोटीसागरप्रमाणस्थितिकानि नवंति ।

કેટલાએક કર્મ ત્રીશ કોટાકોટી સાગરોપમની સ્થિતિવાલા હોય છે અને કેટલાએક સીત્તેર કોટાકોટી સાગરોપમની સ્થિતિ-વાલા હોય છે.

एवं यावंतं कालं बद्धानि कर्माणि तिष्टंति स स्थितिबंधः कथ्यते ।

એવી રીતે જેટલો કાલ બાંધેલા કર્મ રહે તે સ્થિતિબંધ કહેવાય છે.

तेषामेव पुनः कर्मणां केषांचिन्मधुररसः स्यात् केषांचित् कटुकरसः स्यात् केषां पुनस्तीव्ररसःस्यात् स रसबंधः कथ्यते ।

તેના તેજ કર્મમાં કોઈનો મધુરરસ, કોઈનો કટુરસ અને કોઇનો તીખો રસ થાય તે રસબંધ કહેવાય છે.

तेषामेव पुनः कर्मणां तत्तत्पुद्गलपरिमाणं नवति स प्रदेशबंधः कथ्यते ।

તેના તેજ કર્મને તે તે પુદ્‌ગલનું પ્રમાણ થાય તે પ્રદેશ-બંધ કહેવાય છે.

एवमष्टमं बंधतत्वं व्याख्यातम् ।

એવી રીતે આઠમા બંધતત્વની વ્યાખ્યા કરવામાં આવી.

अथ नवमं मोक्षतत्वं व्याख्यानयति ।

હવે નવમાં મોક્ષતત્વની વ્યાખ્યા કરે છે.

संतपयपरूवणया, दव्वपमाणं च खित्तफुसणा य ।
कालो अ अंतर भाग, भावे अप्पा बहु चेव ॥ ३२ ॥

૧ સત્પદપ્રરૂપણાદ્વાર, ૨ દ્રવ્યપ્રમાણદ્વાર, ૩ ક્ષેત્રદ્વાર, ૪ સ્પર્શનાદ્વાર, ૫ કાલદ્વાર, ૬ અંતરદ્વાર, ૭ ભાગદ્વાર, ૮ ભાવદ્વાર, અને ૯ અલ્પબહુત્વદ્વાર—એ મોક્ષ તત્વના નવદ્વાર છે. ૩૨

## अवचूरी.

संतपय इति मोक्षतत्वस्य नवभेदा भवंति ।

મોક્ષ તત્વના નવ ભેદ (દ્વાર) છે.

ते च एवं ज्ञातव्याः ।

તે આ પ્રમાણે જાણવા.

सत्पद प्ररूपणा १ द्रव्यप्रमाणं २ क्षेत्रप्रमाणं ३

स्पर्शना ४ कालः ५ अंतरं ६ भागः ७ भावः ८ अल्पबहुत्वं ९ ।

૧ સત્પદપ્રરૂપણાદ્વાર, ૨ દ્રવ્યપ્રમાણદ્વાર, ૩ ક્ષેત્રપ્રમાણદ્વાર, ૪ સ્પર્શનાદ્વાર, ૫ કાલદ્વાર, ૬ અંતરદ્વાર, ૭ ભાગદ્વાર, ૮ ભાવદ્વાર અને ૯ અલ્પબહુત્વદ્વાર,—એ નવ દ્વાર (ભેદ) જાણવા.

अथ एतेषां नवानां मोक्षतत्वभेदानां स्वरूपं प्ररूपयति।

હવે એ મોક્ષ તત્વના નવ ભેદનું સ્વરૂપ કહે છે.

संतं सुद्धपयत्ता, विज्जंतं खकुसुमव्व न असंतं।
मुरकत्ति पयं तसउ, परूवणा मग्गणा ईहिं ॥ ३३ ॥

શુદ્ધપદ હોવાથી મોક્ષપદ છતું છે અને વિદ્યમાન છે, આકાશના પુષ્પની જેમ તે અછતું નથી. મોક્ષ એવું પદ તે મોક્ષપદ તેની પ્રરૂપણા ગતિ વિગેરે માર્ગણા દ્વારે થાય છે. ૩૩

## अवचूरी.

संतं सुद्ध इति—सतमिति सत् विद्यमानं मोक्ष इति पदं ।

મોક્ષ એવું પદ છતું અને વિદ્યમાન છે.

मोक्ष इति नाम कस्माद्धेतोः ।

મોક્ષ એવું નામ છતું વિદ્યમાન શા હેતુ માટે છે?

शुद्ध पदत्वात् असंयुक्तपदत्वात् एकपदत्वादित्यर्थः ।

તે શુદ્ધપદ છે એટલે સંયુક્ત નહીં તેવું પદ છે અર્થાત્ એક પદ છે તે હેતુ માટે સત્ છે.

खकुसुमवत् आकाशपुष्पवत् न असंतं न असत् अविद्यमानं ।

આકાશના પુષ્પની જેમ તે મોક્ષપદ અસત્—અવિદ્યમાન નથી.

अयं नावः सकलेऽपि जगति यस्य यस्य पदार्थस्य एकपदं नाम नवति स स पदार्थः अस्त्येव यथा घटपटलकुटादि ।

ઊપરનો ભાવાર્થ એવો છે કે અખિલ જગતમાં જે જે પદાર્થનું નામ એક પદવાળું હોય, તે તે પદાર્થ સત્—વિદ્યમાન છે. જેમ ઘડો, વસ્ત્ર, લાકડી વિગેરે એક પદવાળા પદાર્થ સત્ છે.

एवं मोक्षस्यापि मोक्षइति एकपदं नाम अतः कारणात् मोक्षोस्त्येव ।

એવી રીતે મોક્ષનું નામ પણ મોક્ષપદ એવું એકજ પદવાળું છે. તેથી મોક્ષ સત્—વિદ્યમાન છેજ.

(न) पुनः आकाशकुसुमस्य एकपदं नाम नास्ति किंतु द्विपदं नामास्ति ।

આકાશપુષ્પ—એ નામ એક પદવાળું નથી પણ બે પદવાળું નામ છે. તેથી અસત્ છે.

यत् यत् वस्तु द्विपदनाम वाच्यं भवति तत् तत् एकांतेन विद्यमानं न भवति ।

જે જે વસ્તુ બે પદવાલા નામથી વાચ્ય હોય, તે તે વસ્તુ વિદ્યમાન હોય એમ એકાંત પણ નથી.

किंतु किंचित् गोश्रृंगमहिषश्रृंगादिवत् विद्यमानं किंचित् पुनः खरश्रृंग–अश्वश्रृंग–आकाशकुसुमादिवत् अविद्यमानं ।

કેમકે કોઈ ગાયનું શીંગડું, પાડાનું શીંગડું વિગેરે વિદ્યમાન પણ છે અને કોઈ ખરનું શીંગડું, અશ્વનું શીંગડું અને આકાશપુષ્પ વિગેરે વસ્તુ અવિદ્યમાન પણ છે. ( તેથી એકાંતે કાંઈ સમજવું નહીં. )

मोक्षइति पदं पुनः एकपदत्वात् अस्त्येव ।

મોક્ષ એ પદ, એક પદવાલું નામ છે તેથી વિદ્યમાન છેજ.

अनेन अनुमानप्रमाणेन मोक्षो विद्यमानोऽस्ति इति सिध्यते ।

આ અનુમાન પ્રમાણ વડે મોક્ષ વિદ્યમાન છે એમ સિદ્ધ થાય છે.

तत्र मोक्षस्य सत्पदरूपस्य प्ररूपणा विचारणा गत्यादिमार्गणाद्वारा एव विधीयते । ३३

સત્પદ રૂપ એવા તે મોક્ષતત્વની પ્રરૂપણા—વિચારણા ગતિ વિગેરે માર્ગણાદ્વારાજ કરવામાં આવે છે. ૩૩

तां सत्पदप्ररूपणां एतास्वेव प्ररूपयति ।

એમાં તે સત્પદપ્રરૂપણા દ્વારનું નિરૂપણ કરે છે.

नरगइ पणिंदि तस भव, सन्नि अहरकाय खइअ सम्मत्ते ।
मुरकोणाहारकेवल, दंसणनाणे न सेसेसु ॥ ३४ ॥

પેલી ગતિમાર્ગણામાંથી મનુષ્યગતિ, બીજી ઇંદ્રિયમાર્ગણામાંથી પંચેંદ્રિય, ત્રીજી કાયમાર્ગણામાંથી ત્રસકાય, ચોથી ભવ માર્ગણામાંથી ભવસિદ્ધિક, પાંચમી સંજ્ઞીમાર્ગણામાંથી સંજ્ઞી, છઠી ચારિત્રમાર્ગણામાંથી યથાખ્યાત ચારિત્ર, સાતમી સમ્યક્ત્વ માર્ગણામાંથી ક્ષાયિકસમ્યક્ત્વ, આઠમી આહાર માર્ગણામાંથી અનાહાર, નવમી દર્શન માર્ગણા અને દશમી જ્ઞાનમાર્ગણામાંથી કેવલદર્શન અને કેવલજ્ઞાન, એ દશ માર્ગણામાંથી મોક્ષે જવાય છે, બાકીની માર્ગણા વિષે વર્તનારા જીવો મોક્ષે જતા નથી. ૩૪

## अवचूरी.

नरगइ इति–गतिः नरकगतिः तिर्यग्गतिः मनुष्यगतिः देवगतिः तत्र मनुष्यगतौ मोक्षो भवति न शेषगतित्रयेऽपि । १

૧ ગતિ એટલે નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, અને દેવગતિ, એ ચાર ગતિમાં મનુષ્યગતિમાં મોક્ષ થાય છે. બાકીની ત્રણ ગતિમાં મોક્ષ થતો નથી.

इंडियमार्गणास्थानं पंचधा एकेंडियादिन्नेदात् ज्ञातव्यं तत्र पंचेंडियद्वारे मोक्षो नवति एकेंडियादि चतुष्टये न नवति । २

૨ ઇંદ્રિયમાર્ગણા સ્થાન એકેંદ્રિય વિગેરે ભેદથી પાંચ પ્રકારનું જાણવું તેમાં પંચેંદ્રિયદ્વારમાં મોક્ષ થાય છે બીજા એકેંદ્રિય વિગેરે ચાર દ્વારમાં મોક્ષ થતો નથી.

कायमार्गणास्थानं षड्विधं पृथ्वीकाय–अप्काय–तेजःकाय––वायुकाय––वनस्पतिकाय––त्रसकायन्नेदै ज्ञातव्यं ।

કાયમાર્ગણાસ્થાન ૧ પૃથ્વીકાય, ૨ અપ્કાય, ૩ તેઊકાય, ૪ વાયુકાય, ૫ વનસ્પતિકાય, અને ૬ ત્રસકાય,—એવા ભેદથી છ પ્રકારનું છે.

तत्र त्रसकायवर्त्तिनो जीवा योग्यतायां मोक्षं यांति शेषपंचकायस्था जीवा मोक्षं न यांति । ३

૩ તેમાં ત્રસકાયના જીવ પોતાની યોગ્યતાએ મોક્ષે જાય છે બાકીની પાંચ કાયના જીવ મોક્ષે જતા નથી.

नवसिद्धिकमार्गणा स्थानं द्विधा । ४

૪ ભવસિદ્ધિક માર્ગણાનું સ્થાન બે પ્રકારે છે.

नवसिद्धिका अन्नवसिद्धिकाश्च ।

ભવસિદ્ધિક અને અભવસિદ્ધિક.

तत्र नवसिद्धिकाः नव्या एतद्विपरीता अन्नवसिद्धिकाः ।

તેમાં ભવસિદ્ધિક એટલે ભવ્ય જીવ અને અભવસિદ્ધિક એટલે તેથી વિપરીત અભવ્ય જીવ જાણવા.

तत्र नवसिद्धिका मोक्षं यांति अन्नवसिद्धिकास्तु न सिद्ध्यंति ।

તેમાં ભવસિદ્ધિક મોક્ષે જાય છે, અભવસિદ્ધિક મોક્ષે જતા નથી.

संज्ञिमार्गणास्थानं द्विधा संज्ञिनः असंज्ञिनश्च। ५

૫ સંજ્ઞિમાર્ગણા સ્થાન બે પ્રકારે છે. સંજ્ઞી અને અસંજ્ઞી.

तत्र संज्ञिनां मोक्षो नवति न असंज्ञिनां ।

તેમાં સંજ્ઞી જીવને મોક્ષ થાય અસંજ્ઞી જીવનો ન થાય.

चारित्रमार्गणास्थानं पंचधा । ६

૬ ચારિત્રમાર્ગણા સ્થાન પાંચ પ્રકારે છે.

सामायिकचारित्रं १ छेदोपस्थापनीयं २ परिहारविशुद्धिकं ३ सूक्ष्मसंपरायं ४ यथाख्यातचारित्रं ५ ।

૧ સામાયિક ચારિત્ર, ૨ છેદોપસ્થાપનીય ચારિત્ર, ૩ પરિહાર વિશુદ્ધિક, ૪ સૂક્ષ્મ સંપરાય અને ૫ યથાખ્યાત ચારિત્ર.

तत्र प्रथमचरमतीर्थंकरतीर्थवर्त्तिसाधूनां सामायिकं द्विधा देशसामायिकं सर्वसामायिकं ।

તેમાં છેલ્લા તીર્થંકરના સાધુઓને દેશસમાયિક અને સર્વસામાયિક એવા બે પ્રકારનું સામાયિક છે.

तत्र देशसामायिकं श्रावकाणां नवति ।

તેમાં દેશસામાયિક શ્રાવકોને હોય છે.

सर्वसामायिकं यावज्जीवं सर्वसावद्यव्यापार निषेधरूपं ।

જાવ જીવ સુધી સર્વ સાવદ્ય વ્યાપારનો નિષેધ કરવો તે સર્વ સામાયિક કહેવાય છે.

इदं सर्व तीर्थवर्त्तिसाधूनां । १

આ સામાયિક સર્વ તીર્થના સાધુઓને હોય છે.

द्वितीयं छेदोपस्थापनीयं तच्च प्रथमचरमतीर्थकरतीर्थवर्त्तिसाधूनां पूर्वपर्यायच्छेदनं पंचमहाव्रतेषु उपस्थापनरूपं । २

૨ બીજું છેદોપસ્થાપનીય ચારિત્ર છે. પેલા અને છેલા તીર્થંકરના સાધુઓને પૂર્વના પર્યાયને છેદી પાંચ મહાવ્રતમાં ઉપસ્થાપન કરવા રૂપ થાય છે.

तृतीयं परिहारविशुद्धिकं तत् नव साधूनां समुदायेऽष्टादशमासान् यावत्तपो विशेषरूपं पश्चात् जिनकल्पं प्रतिपद्यते स्थविरकल्पिकंवा । ३

૩ ત્રીજું પરિહાર વિશુદ્ધ ચારિત્ર છે. તે નવ સાધુઓના સમુદાયને અઢારમાસ સુધી તપ વિશેષ રૂપ છે. પછી તેઓને જિનકલ્પીપણું અથવા સ્થવિરકલ્પિપણું પ્રાપ્ત થાય છે.

चतुर्थं सूक्ष्मसंपरायं ईषन्मात्रसंज्वलनलो-

ल्लाणुमात्रोपशमरूपं दशमगुणस्थानवर्ति साधूनां ल्लवति । ४

४ ચોથું સૂક્ષ્મસંપરાય ચારિત્ર છે. તે જરા સંજવલના લોભના અણુમાત્ર ઊદય રૂપ છે; અને તે દશમા ગુણઠાણે રહેલા સાધુઓને હોય છે.

पंचमं यथाख्यातं सर्वमोहनीयाष्टाविंशति प्रकृतीनां षोडशकषाय नवनोकषाय मिथ्यात्वमिश्र सम्यक्त्वत्रिपुंजरूपाणां उदयल्लावाद् ल्लवति । ५

૫ પાંચમું યથાખ્યાત ચારિત્ર છે. તે સર્વ મોહનીયકર્મની અઠયાવીશ પ્રકૃતિ કે જે સોળ કષાય તથા નવ નોકષાય અને મિથ્યાત્વ મિશ્ર સમકિતના ત્રણ પુંજ રૂપ છે, તેના ઊદયથી થાય છે.

तत्र यथाख्यातचारित्रेण मोक्षो ल्लवति न शेषचतुश्चारित्रेषु ।

તેમાં યથાખ્યાત ચારિત્રવડે મોક્ષ થાય છે. બાકીના ચાર ચારિત્રમાં મોક્ષ થતો નથી.

सम्यक्त्वमार्गणास्थानं पंचधा । औपशमिकं १ सास्वादनं २ क्षायोपशमिकं ३ वेदकं ४ क्षायिकं ५।

સમ્યક્ત્વ માગણા સ્થાનના ૧ ઔપશમિક, ૨ સાસ્વાદન, ૩ ક્ષાયોપશમિક, ૪ વેદક અને ૫ ક્ષાયિક એવા પાંચ ભેદ છે.

तत्र औपशमिकं सम्यक्त्वे एवं लाल्लः स्यात् ।

તેમાં ઔપશમિક સમ્યક્ત્વમાં આ પ્રમાણે લાભ થાય છે.

ज्ञानावरणीय–दर्शनावरणीय–वेदनीय––अंतरायकर्मणां त्रिंशत्कोटाकोटीसागरोपमस्थितिप्रमाणानां एकोनत्रिंशत्कोटाकोटीसागरोपमस्थितेः क्षयात् मोहनीयकर्मणः सप्ततिकोटाकोटीसागरोपमस्थितिकस्य एकोनसप्ततिकोटाकोटीसागरोपमस्थितेः क्षयात् नामगोत्रयोर्विंशतिकोटाकोटीसागरोपमप्रमाणयोरेकोनविंशतिकोटाकोटीसागरोपमस्थितेः क्षयात् तेषां एकैक कोटाकोटीसागरोपमस्थितिमध्यप्रतिष्ठानां यथाप्रवृत्तिकरणेन निविडरागद्वेषपरिणामरूपौ दुर्भेदौ ग्रंथिदेशौ प्राप्तोजीवः अपूर्वकरणेन ग्रंथिदेशं भिनत्ति.

त्रीश કોટા કોટી સાગરોપમની સ્થિતિવાલા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય કર્મની ઓગણત્રીશ કોટાકોટી સાગરોપમની સ્થિતિનો ક્ષય થયા પછી, તથા સીત્તેર કોટાકોટી સાગરોપમની સ્થિતિવાલા મોહનીય કર્મની ઓગણોતેર કોટાકોટી સાગરોપમની સ્થિતિનો ક્ષય થયા પછી, અને વીશ કોટાકોટી સાગરોપમની સ્થિતિવાલા નામ તથા ગોત્ર કર્મની ઓગણીશ કોટાકોટી સાગરોપમની સ્થિતિનો ક્ષય થયા પછી, તેઓ દરેકની એક એક કોટાકોટી સાગરોપમની સ્થિતિની અંદર યથાપ્રવૃત્તિકરણવડે નિવિડ રાગદ્વેષના પરિણામ રૂપ દુર્ભેદ્ય એવા ગ્રંથિદેશને પ્રાપ્ત થયેલો જીવ અપૂર્ણકરણવડે તે ગ્રંથિદેશને ભેદે છે.

समयं समयं प्रति अनंतविशुद्ध्या विशुद्धमानो जीवः तत्र अंतरकरणेन मिथ्यात्वस्थितिरेककोटाकोटि सागरोपमस्थितिप्रमाणस्य स्थितिद्वयं करोति ।

સમય સમય પ્રત્યે અનંત વિશુદ્ધિથી શુદ્ધ થતો જીવ તેમાં અંતરકરણવડે મિથ્યાત્વની સ્થિતિના એક કોટાકોટી સાગરોપમની સ્થિતિ પ્રમાણુની બે સ્થિતિ કહે છે.

प्रथमा स्थितौः अंतर्मुहूर्त्तिकी द्वितिया तदूना शेषस्थितिः ।

પેલી સ્થિતિ અંતર્મુહૂર્તની છે અને બીજી બાકીની સ્થિતિ તેથી ઊણી છે.

प्रथमस्थितौ प्रतिसमयं मिथ्यात्वपुद्गलान् अनुभवन् क्षीणायां सत्यां अंतरकरणस्य आद्यसमय एव औपशमिकसम्यकूत्वं लभते जीवः ।

પ્રથમની સ્થિતિમાં પ્રત્યેક સમયે જીવ મિથ્યાત્વના પુદ્ગલને અનુભવે છે. જ્યારે તે સ્થિતિ ક્ષીણ થાય છે ત્યારે અંતરકરણના પેહેલા સમયમાંજ જીવ ઔપશમિક સમ્યકત્વ પ્રાપ્ત કરે છે.

तत् अपौद्गलिकं ज्ञेयं अंतर्मुहूर्त्तकालं यावद्भवति ।

તે ઔપશમિક સમ્યકત્વ પુદ્ગલ વગરનું અને અંતર્મુહૂર્ત્ત સુધી રહેનારૂં છે. એમ જાણવું.

या द्वितीया स्थितिः मिथ्यात्वस्य वर्त्तते तत्र पुंजत्रयं करोति शुद्धं अर्द्धविशुद्धं अशुद्धं च ।

જે મિથ્યાત્વની બીજ સ્થિતિ છે તે શુદ્ધ, અર્દ્ધ શુદ્ધ અને અશુદ્ધ એમ ત્રણ પુંજ કરે છે.

यथा कोद्रवाणां गोमयपानीयादिभिः उत्तारित मदनभावानां शुद्धपुंजं ।

જેમ છાણ પાણી વિગેરેથી જેના મીણા ઊતાર્યો હોય એવા કોદરા તે શુદ્ધ પુંજ કહેવાય છે.

अर्द्धोत्तारितः अर्द्धशुद्धपुंजः ।

જે કોદરાનો મીણો અર્ધો ઉતાર્યો હોય તે અર્દ્ધ શુદ્ધ પુંજ કહેવાય છે.

अनुत्तारितमदनानां अशुद्धः पुंजः

મીણા તદ્દન ઊતાર્યો ન હોય તે અશુદ્ધ પુંજ કહેવાય છે.

एवं मिथ्यात्वदलिकस्यापि क्षपितमिथ्यात्वानुभावस्य यः पुंजः स शुद्धः क्षायोपशमिकसम्यक्त्वरूपः कथ्यते ।

એવી રીતે મિથ્યાત્વના દલિયામાંથી મિથ્યાત્વ ભાવ ખપાવ્યો હોય એવો જે પુંજ તે ક્ષાયોપશમિક રૂપ શુદ્ધ પુંજ કહેવાય છે.

यः अर्द्धशुद्धपुंजः स मिश्रः कथ्यते ।

જે અર્દ્ધ શુદ્ધ પુંજ તે મિશ્ર કહેવાય છે.

यो ऽशुद्धपुंजस्तन्मिथ्यात्वं ।

જે અશુદ્ધ પુંજ તે મિથ્યાત્વ કહેવાય છે.

तत्र औपशमिकसम्यक्त्वकालस्य जघन्यतः एकसमयशेषे उत्कृष्टतः षमावलिकाशेषे अनंतानुबंध्युदयो भवति ।

તે ઔપશમિક સમ્યકત્વના કાલને જઘન્યથી એક સમય શેષ રહેતા અને ઊત્કૃષ્ટથી છ આવલિ શેષ રહેતાં અનંતાનુબંધીનો ઊદય થાય છે.

येन औपशमिकसम्यक्त्वं कलुषीभवति ।

જેથી ઔપશમિક સમ્યકત્વ કલુષિત થઇ જાય છે.

तदा सम्यक्त्ववमनकाले सास्वादनं भवति ।२

ત્યારે સમ્યકત્વના વમનકાલે સાસ્વાદન સમ્યકત્વ થાય છે.

पूर्वोत्तरपुंजत्रयमध्ये यदा शुद्धपुंजोदयस्तदा क्षायोपशमिकसम्यक्त्वं भवति । ३

૩ પૂર્વોત્તર ત્રણ પુંજમાં જયારે શુદ્ધ પુંજનો ઉદય થાય ત્યારે ક્ષાયોપશમિક સમ્યકત્વ થાય છે.

पुंजत्रयमध्ये क्षपणाकाले क्षपणसमये वेदक सम्यक्त्वं भवति ।४

૪ ત્રણ પુંજમાં ખપાવવાને સમયે વેદક સમ્યકત્વ થાય છે.

क्रोधमानमायालोभानां अनंतानुबंधिनां चतुर्णां क्षये मिथ्यात्वमिश्रपौद्गलिकसम्यक्त्वक्षयरूपपुंजत्रयक्षायिकं सम्यक्त्वं लभते जीवः तदपि अपौद्गलिकं । ५

५ અનંતાનુબંધી એવા ચાર ક્રોધ, માન, માયા અને લોભનો ક્ષય થતાં મિથ્યાત્વ, મિશ્ર એવા પુદ્ગલિક સમ્યકત્વના ક્ષય રૂપ ત્રણ પુંજના ક્ષાયિક સમ્યકત્વને જીવ પ્રાપ્ત કરે છે. તે સમ્યકત્વ પણ પૌદ્ગલિક નથી.

तत्र क्षायिक सम्यक्त्वे ज्ञवति मोक्षः न शेषसम्यक्त्व चतुष्टये ।

તેમાં ક્ષાયિક સમ્યકત્વમાં મોક્ષ થાય છે. બાકીના ચાર સમ્યકત્વમાં મોક્ષ થતો નથી.

अनाहार मार्गणा स्थानं द्विधा आहारक-अनाहारक ज्ञेदात् ।

તેમાં અનાહાર માર્ગણા સ્થાન આહારક અને અનાહારક એવા ભેદથી બે પ્રકારનું છે.

तत्र अनाहारकस्य मोक्षो ज्ञवति न आहारकस्यापि ।

તેમાં અનાહારકનો મોક્ષ થાય છે, આહારકનો નહીં.

ज्ञानमार्गणास्थानं पंचधा मतिज्ञान १ श्रुतज्ञान २ अवधिज्ञान ३ मनः पर्यवज्ञान ४ केवलज्ञान ५ ज्ञेदात् ।

જ્ઞાન માર્ગણાસ્થાન ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન ૪ મનઃપર્યવજ્ઞાન અને ૫ કેવલજ્ઞાન—એમ પાંચ પ્રકારે છે.

तत्र केवलज्ञाने मोक्षो ज्ञवति न शेष ज्ञानचतुष्टये ।

તેમાં કેવલજ્ઞાને મોક્ષ થાય છે, બાકીના ચાર જ્ઞાનમાં નથી.

दर्शन मार्गणास्थानं चतुर्धा चक्षुर्दर्शन १ अचक्षुर्दर्शन २ अवधिदर्शन ३ केवलदर्शन ४ भेदात् ।

દર્શનમાર્ગણાસ્થાન ૧ ચક્ષુર્દર્શન, ૨ અચક્ષુર્દર્શન, ૩ અવધિદર્શન, અને ૪ કેવલદર્શન એવા ભેદથી ચાર પ્રકારનું છે.

तत्र केवलज्ञाने मोक्षो भवति न शेषदर्शनत्रयेऽपि ।

તેમાં કેવલજ્ઞાને મોક્ષ થાય છે, બાકીના ત્રણ દર્શનમાં થતો નથી.

इति सत्पद प्ररूपणाद्वारं व्याख्यातं ।

એવી રીતે સત્પદ પ્રરૂપણા દ્વારની વ્યાખ્યા કરવામાં આવી.

---

अथातः परं द्रव्यप्रमाणं कथ्यते ।

હવે તે પછી દ્રવ્ય પ્રમાણ દ્વાર તથા ક્ષેત્ર દ્વાર કહે છે.

---

दव्वपमाणे सिद्धा, णं जीव दव्वाणि हुंति णंताणि ।
लोगस्स असंखिज्जे, भागे इक्को य सव्वेवी ॥ ३९ ॥

દ્રવ્ય પ્રમાણ દ્વારને વિષે સિદ્ધોના જીવ દ્રવ્ય અનંતા છે. ચૌદ રાજલોકના અસંખ્યાતમે ભાગે એક સિદ્ધ અને સર્વ સિદ્ધ પણ ત્યાં રહે છે.

## अवचूरी.

दव्व इति द्रव्यप्रमाण द्वारे चिंत्यमाने सिद्धानां जीवद्रव्यानि अनंतानि भवंति।

દ્રવ્ય તથા પ્રમાણ દ્વાર ચિંતવતાં તેમાં સિદ્ધના જીવ દ્રવ્ય અનંતા છે.

इति द्रव्यप्रमाण द्वारं समाप्तं।

એવી રીતે દ્રવ્ય પ્રમાણ દ્વાર સમાપ્ત થયું.

---

क्षेत्रद्वारे चिंत्यमाने लोकाकाशस्य असंख्येयतमे भागे एकः सिद्धो वर्त्तते।

ક્ષેત્રદ્વાર ચિંતવતાં લોકાકાશના અસંખ્યાતમા ભાગમાં એક સિદ્ધ રહે છે.

सर्वे वा सिद्धा लोकाकाशस्य असंख्येयतमे भागे वर्त्तते।

અથવા લોકાકાશના અસંખ્યાતમા ભાગમાં સર્વ સિદ્ધ પણ રહે છે.

परं एकसिद्धव्याप्तक्षेत्रापेक्षयासर्वसिद्धव्याप्तक्षेत्र मधिकप्रमाणं।

પણ એક સિદ્ધથી વ્યાપ્ત એવા ક્ષેત્રની અપેક્ષાએ સર્વ સિદ્ધથી વ્યાપ્ત એવું ક્ષેત્ર અધિક પ્રમાણવાલું છે.

इति क्षेत्रद्वारं समाप्तम् ।

એવી રીતે ક્ષેત્રદ્વાર સમાપ્ત થયું.

---

अथ स्पर्शनादि द्वारत्रयं कथ्यते ।

હવે સ્પર્શના, કાલ અને અંતર એ ત્રણ દ્વાર કહે છે.

---

फुसणा अहिआ कालो, इग सिद्ध पडुच्च
साइ ओणंतो ।
पडिवाया भावाओ, सिद्धाणं अंतरं नत्थि
॥ ३६ ॥

પૂર્વોક્ત ક્ષેત્રથી સિદ્ધના જીવોની સ્પર્શના અધિક છે. કાલ એક સિદ્ધ ને આશ્રીને સાદિ ( આદિ સહિત ) અને અનંત હોય છે. સિદ્ધપણામાંથી ફરી પડવાનો અભાવ છે તેથી સિદ્ધના જીવોને અંતર—આંતરૂં નથી. ( એ સ્પર્શના, કાલ અને અંતર દ્વાર જાણવા. ) ૩૬

## अवचूरी.

फुसणा इति क्षेत्रात् स्पर्शना अधिका ।

પ્રથમ કહેલ ક્ષેત્રદ્વારથી સ્પર્શનાદ્વાર અધિક છે.

यथा एकस्मिन् आकाशप्रदेशे स्थितस्य पर-माणोः सप्त आकाश प्रदेशस्य स्पर्शना जवंति ।

જેમ એક આકાશ પ્રદેશમાં રહેલા પુદ્ગલ પરમાણુને સાત આકાશ પ્રદેશની સ્પર્શના થાય છે.

एवं सिद्धानामपि क्षेत्रात् स्पर्शना अधिका जवति ।

એવી રીતે ક્ષેત્રદ્વારથી સિદ્ધના જીવોને પણ સ્પર્શના અધિક થાય છે.

एवं स्पर्शनाद्वारं व्याख्यातं ।

એવી રીતે સ્પર્શનાદ્વારની વ્યાખ્યા કરવામાં આવી.

अथ कालद्वारं व्याख्यायते ।

હવે કાલ દ્વારની વ્યાખ્યા કરે છે.

एकं सिद्धं प्रतित्य आश्रित्य कालः सादिः अ-नंतश्च वर्त्तते ।

એક સિદ્ધને આશ્રીને કાલ આદિસહિત અને અનંત છે.

सर्व सिद्धानाश्रित्य कालः अनादिः अनंतः ।

સર્વ સિદ્ધોને આશ્રીને કાલ અનાદિ અને અનંત છે.

यत्र ये केचन सिद्धाः यदा सिद्धा स्तदा तेषां आदिः तदनु प्रतिपाताजावात् अंतो न जवति ।

કારણ, જ્યાં જે કોઈ સિદ્ધના જીવ જ્યારે સિદ્ધ થાય ત્યારે

ते कालथी तेमनी आदि छे, ते पछी तेमने पाछा पडवानो अभाव छे तेथी अंत पण नथी.

एवं कालद्वारं व्याख्यातं।

એવી રીતે કાલદ્વારની વ્યાખ્યા કરવામાં આવી.

अथ अंतरद्वारं कथ्यते।

હવે અંતરદ્વાર કહે છે.

अप्रतिपातस्य अन्नावात् सिद्धानां अंतरं नास्ति।

તેમને ફરી પડવાનું નથી તેથી સિદ્ધના જીવને અંતર નથી.

यतः अंतरं तदुच्यते यत् तन्नावं प्राप्य पुनरन्यत्र गत्वा पुनरपि स एव न्नावः प्राप्यते।

તે ભાવને પામી પુન: બીજે સ્થલે જઈ ફરીવાર પાછો તેજ ભાવ પ્રાપ્ત કરે તે અંતરદ્વાર કહેવાય છે.

एवं विधं अंतरं सिद्धानां नास्ति।

એવા પ્રકારનું અંતર સિદ્ધના જીવોને નથી.

प्रतिपातान्नावात्।

કારણ કે, તેમને પાછા પડવાનો અભાવ છે.

एवं अंतरद्वारं समाप्तम्।

એવી રીતે અંતરદ્વાર સમાપ્ત થયું.

अथ भागादिद्वारद्वयं लिख्यते।

હવે ભાગદ્વાર તથા ભાવદ્વાર કહે છે.

सव्वजियाणमणंते, भागे ते तेसिं दंसणं नाणं।
खइएभावे परिणा,मि एअ पुण होइ जीवत्तं ॥ ३७ ॥

સર્વ સંસારી જીવોને અનંતમે ભાગે તે સિદ્ધના જીવ છે. (એ ભાગદ્વાર જાણવું.) તે સિદ્ધના જીવોના કેવલદર્શન અને કેવલજ્ઞાન તે ક્ષાયિક ભાવે વર્ત્તે છે અને જીવિતપણું પારિણામિક ભાવને વિષે વર્તે છે. ૩૭

## अवचूरी.

सव्वजियाण इति सर्वजीवानां अनंततमे भागे वर्त्तंते सर्वेऽपि द्वारसिद्धाः।

ઊપરના સર્વ દ્વારના સિદ્ધનાજીવ (સંસારી) સર્વ જીવના અનંતમા ભાગે છે.

एवं भागद्वारं समाप्तं।

એવી રીતે ભાગદ્વાર સમાપ્ત થયું.

अथ भावद्वारं लिख्यते।

હવે ભાવદ્વાર કહે છે.

तेषु सिद्धेषु केवलज्ञानं केवलदर्शनं च क्षायिके भावे वर्त्तते ।

તે સિદ્ધના જીવોમાં કેવલજ્ઞાન અને કેવલદર્શન ક્ષાયિક ભાવે પ્રવર્ત્તે છે.

पारिणामिके भावे जीवितव्यं वर्त्तते ।

અને જીવિતપણું પારિણામિક ભાવમાં વર્ત્તે છે.

एवं भावद्वारं समाप्तं ।

એવી રીતે ભાવદ્વાર સમાપ્ત થયું.

अथ अल्पबहुत्वद्वारं लिख्यते ।

હવે અલ્પબહુત્વ નામે નવમું દ્વાર કહે છે.

थोवा नपुंससिद्धा, त्थी नर सिद्धा कमेण संखगुणा ।
इअ मुक्ख तत्त मेअं, नव तत्ता लेसओ भणिआ ॥ ३८ ॥

નપુંસક સિદ્ધ સર્વથી થોડા છે. તે નપુંસકથી સ્ત્રી પુરૂષ-અનુક્રમે સંખ્યાત ગુણા સિદ્ધ થયેલા જાણવા. એ નવમું મોક્ષતત્વ કહ્યું એવી રીતે જીવાદિ નવતત્વ સંક્ષેપથી કહ્યા. ૩૮

## अवचूरी.

थोवा इति–मोक्षगमनभवे नपुंसकत्वं अनुभय ये सिद्धाः ते स्तोकाः

જેઓ મોક્ષે જવાના ભવમાં નપુંસકપણું અનુભવી સિદ્ધ થયેલા છે તેવા જીવ થોડા છે.

जन्म नपुंसकानां चारित्रमपि न भवति कुतो मोक्षगमनं ।

જન્મથી નપુંસક એવા પુરૂષોને ચારિત્ર પણ નહોય તો મોક્ષે જવું કયાંથી હોય?

एते नपुंसका ये पश्चात् वर्द्धितादि विशेषेण कृतास्ते ज्ञेयाः ।

આ નપુંસક જે પછવાડેથી વધરાવળ વિગેરેના રોગથી નપુંસક થઈ ગયા હોય તે જાણવા.

नपुंसकसिद्धेभ्यः स्त्रीवेदमनुभूय ये सिद्धास्ते संख्यातगुणाः ।

સ્ત્રીવેદને અનુભવી જે સિદ્ધ થયેલા છે તે નપુંસક સિદ્ધથી સંખ્યાતગુણા છે.

स्त्रीसिद्धेभ्योऽपि ये पुरुषवेदमनुभूय सिद्धास्ते संख्यातगुणाः ।

જે પુરૂષવેદને અનુભવી સિદ્ધ થયેલા છે તે સ્ત્રી સિદ્ધથી સંખ્યાતગુણા છે.

इति अल्पबहुत्वद्वारं समाप्तम् ।

એવી રીતે અલ્પબહુત્વ નામે નવમું દ્વાર સમાપ્ત થયું.

एतावता ग्रंथेन संतपयपरूपणयेत्यादि गाथा सकलापि व्याख्याता ज्ञेया ।

આટલા ગ્રંથથી "संतपय परूपण" ઇત્યાદિ સર્વ ગાથાની વ્યાખ્યા કરવામાં આવી.

इति मोक्षतत्वमेतद् ज्ञातव्यम् ।

એવી રીતે આ મોક્ષતત્વ જાણવું.

मोक्षतत्वज्ञणनेन नवतत्त्वानि लेशतो ज्ञणितानि ज्ञातव्यानि ।

એ મોક્ષતત્વના પઠનથી સંક્ષેપથી નવતત્વોનું પઠન થયું એમ જાણવું.

अथ नवतत्वपरिज्ञान फलमाह ।

હવે નવતત્વ જાણવાનું ફલ કહે છે.

जीवाइनवपयत्थे, जो जाणइ तस्स होइ स-
म्मत्तं ।
भावेण सद्दहंतो, आयाणमाणेवि, सम्मत्तं
॥ ३९ ॥

જે પ્રાણી જીવાદિ નવ પદાર્થોને જાણે છે, તેને સમ્યકત્વ હોય છે. જો તે નવ પદાર્થ ઊપર શ્રદ્ધારાખે તો કદિ તે નવ પદાર્થના જ્ઞાનથી રહિત હોય તોપણ તેને સમ્યકત્વ થાય છે. ૩૯

## अवचूरी.

जीवइ—इति जीवादि नव पदार्थान् यो जानाति श्रद्धत्ते च तस्य भवति सम्यक्त्वं ।

જે જીવાદિ નવ પદાર્થોને જાણે અને તેપર શ્રદ્ધા રાખે તેને સમ્યકત્વ થાય છે.

भावेन " तमेव सच्चं नीसंकं जं जिणेहिं पवेईयं " इत्यादि शुभात्मपरिणामरूपेण श्रद्धाति कोऽर्थः श्रद्धानं कुर्वंति ।

ભાવે કરીને એટલે " જે જિન ભગવંતે કહ્યું છે તેજ સત્ય અને નિઃશંક છે " ઈત્યાદિ આત્માનો શુભ પરિણામ; તે વડે શ્રદ્ધા રાખે—અર્થાત્ તે ઉપર આસ્તાબુદ્ધિ રાખે.

जीवादिपदार्थज्ञानरहितेऽपि जीवे सम्यक्त्वं भवति ।

તે જીવ કદિ જીવાદિ પદાર્થના જ્ઞાનથી રહિત હોય તોપણ તેને સમ્યકત્વ થાય છે.

अथ सम्यक्त्वस्वरूपं कथयति ।

હવે સમ્યકત્વનું સ્વરૂપ કહે છે.

सव्वाइजिणेसर भा, सिआइं वयणाइ नन्नहा
हुंति ।
इह बुद्धि जस्स मणे, सम्मत्तं निच्चलं तस्स
॥ ४० ॥

તીર્થંકરોએ કહેલા સર્વ વચન અન્યથા ન હોય, એવી બુદ્ધિ જેના મનમાં હોય તેનું સમ્યકત્વ નિશ્ચલ છે. ૪૦

अवचूरी.

सव्वाइ इति सर्वाणि जिनेश्वरत्नाषितानि वचनानि न अन्यथा त्नवंति ।

જિનેશ્વર ભગવંને કહેલા સર્વ વચનો અન્યથા ન હોય.

इति बुद्धिर्यस्य मनसि सम्यक्त्वं निश्चलं तस्य त्नवति ।

એવી બુદ્ધિ જેના મનમાં છે, તેનું સમ્યકત્વ નિશ્ચલ છે.

अथ सम्यक्त्व फलमाह

હવે સમ્યકત્વનું ફલ કહે છે.

अंतो मुहुत्त मित्तं, पि फासिअं हुज्ज जेहिं
सम्मत्तं ।

तेसिं अवड्ढपुग्गल परिअट्टो चेव संसारो

॥ ४१ ॥

એક અંતર્મુહુર્ત્ત માત્ર એટલે નવ સમયથીમાંડીને એક સમયે ન્યુન બે ઘડી કાલ માત્ર પણ જેમણે સમ્યકત્વ ફરસ્યું હોય, તેના જીવોને નિશ્ચયે કરી અર્ધપુદ્ગલપરાવર્તન એવો. સંસાર બાકી રહે છે. ૪૧

## अवचूरी.

अंतोमुहुत्त–इति अंतर्मुहूर्त्तमपि कालं यैः सम्यक्त्वं स्पृष्टं भवति ।

જેમણે અંતમુહૂર્ત કાલ માત્ર પણ સમકિતને ફરસ્યું છે.

तेषां अपार्द्धः अर्द्धपुद्गलपरावर्त्तरूपः संसारो भवति ।

તેવા જીવોને અર્દ્ધ રહિત એવુંઅર્ધપુદ્ગલપરાવર્તન રૂપ સંસાર ( બાકી ) હોય છે.

आशातना बहुलानामपिनअधिकसंसारः स्यात्॥

ઘણી આશાતના કરતાં હોય પણ તેમને અધિક સંસાર હોતો નથી.

शुद्ध सम्यक्त्वाराधनेन केचन तेनैव भवेन सिध्यंति केचन तृतीयसप्ताष्टभवान्नातिक्रामंति किंतु सिद्धत्वं शीघ्रं प्राप्नुवन्ति ।

પરંતુ શુદ્ધ સમ્યકત્વનું આરાધન કરવા વડે કોઇ તેજ ભવે. સિદ્ધ થાય છે. અને કોઈ ત્રીજા, સાતમા અને આઠમા ભવનું

ઉલ્લંઘન કરતાં નથી અર્થાત્ ત્રીજે, સાતમે અને આઠમે ભવે તરતજ સિદ્ધ થાય છે.

अथ पुद्गलपरावर्त्तस्वरूपमाह ।

उस्सप्पिणी अणंता, पुग्गलपरिअट्टओ मुणेअव्वो ।
तेणंताती अद्धा, अणागयद्धा अणंतगुणा ॥ ४२ ॥

અનંતી ઉત્સર્પિણી તથા અનંતી અવસર્પિણી જાય તેટલો કાલ એક પુદ્ગલ પરાવર્તન જાણવો, તેવા અનંત ગુણા પુદ્ગલ પરાવર્તન અતીત કાલે ગયા અને અનંતગણા અનાગત (ભવિષ્ય) કાલે જશે. ૪૨.

( अवचूरी नास्ति. )

अथ सिद्धानां पंचदश भेदान् कथयति ।

હવે સિદ્ધ જીવોના પંદર ભેદ કહે છે.

जिण अजिण तित्थ तित्था, गिहि अन्न सलिंगथी नर नपुंसा ।

पत्तेय सयंबुद्धा, बुद्धबोहिय सिद्धणिक्काय ॥४३॥

૧ તીર્થંકરસિદ્ધ, ૨ અતીર્થંકરસિદ્ધ, ૩ તીર્થસિદ્ધ, ૪ અતીર્થસિદ્ધ, ૫ ગૃહસ્થસિદ્ધ, ૬ અન્યલિંગસિદ્ધ, ૭ સ્વલિંગસિદ્ધ, ૮ સ્ત્રીસિદ્ધ, ૯ પુરૂષસિદ્ધ, ૧૦ નપુંસકસિદ્ધ, ૧૧ પ્રત્યેકબુદ્ધસિદ્ધ, ૧૨ સ્વયંબુદ્ધસિદ્ધ, ૧૩ બુદ્ધબોધિતસિદ્ધ, ૧૪ એકસિદ્ધ અને ૧૫ અનેકસિદ્ધ,—એ સિદ્ધના પંદર ભેદ જાણવા. ૪૩

## अवचूरी.

जिण—इति तीर्थंकराः संतो ये सिद्धाः ते तीर्थंकरसिद्धाः ।

તીર્થંકર થઈ જે સિદ્ધ થાય તે તીર્થંકર સિદ્ધ કહેવાય છે.

अतीर्थकर सिद्धाः सामान्यकेवलिनः ।

જે સામાન્ય કેવલી તે અતીર્થંકર સિદ્ધ કહેવાય છે.

अतीर्थसिद्धाः भगवती मरुदेव्यादिवत् ।

જે તીર્થમાં સિદ્ધ ન થાય તે અતીર્થસિદ્ધ કહેવાય છે. જેવા કે ભગવતી મરૂદેવી વિગેરે.

स्वलिंगे रजोहरणादिरूपे व्यवस्थिताः संतो ये सिद्धा स्ते स्वलिंगसिद्धाः ।

રજોહરણ વિગેરે પોતાના લિંગ (ચિન્હ) માં રહી જે સિદ્ધ થયેલા છે તે સ્વલિંગસિદ્ધ કહેવાય છે.

तदा अन्यलिंगे पारिव्राजकादिसंबंधिनि वल्कलचीर्यादिवत् ह्यन्यलिंगेसिद्धाः ते अन्यलिंगसिद्धाः ।

---

* તીર્થસિદ્ધ તે ગણધર પ્રમુખ જાણવા.

અન્ય—બીજા પરિવ્રાજક—સંન્યાસી વિગેરેના લિંગમાં એટલે વલ્કલચીરી વિગેરેની જેમ, દ્રવ્યલિંગે સિદ્ધ તે અન્યલિંગ સિદ્ધ કહેવાય છે.

यथा अन्यलिंगिनां न्नावतः सम्यक्त्वादिप्रतिपन्नानां केवलज्ञानं प्रतिपद्यंते तदान्यलिंगत्वंद्दष्टव्यं अन्यथा यदि दीर्घमायुष्कमात्मनः पश्यंति ज्ञानेन ततः साधुलिंगमेव प्रतिपद्यंते ।

જ્યારે અન્યલિંગી ભાવથી સમ્યક્ત્વ વિગેરેને પ્રાપ્ત કરી કેવલજ્ઞાનને પામે છે ત્યારે તેમનામાં અન્યલિંગપણું જાણવું; નહીં તો જો તેઓ પોતાનું દીર્ઘ આયુષ્ય જ્ઞાનથી જુવે તો તે પછી સાધુ લિંગનેજ પ્રાપ્ત કરે છે.

तथा स्त्रिया लिंगं स्त्रीलिंगं वेदः शरीर निवृत्ति वेदे सति सिद्धान्नावात् तस्मिन् स्त्रीलिंगे वर्त्तमानाः संतो ये सिद्धाः प्रत्येकबुद्धवर्जिताः केचित् स्त्रीलिंग सिद्धाः ।

સ્ત્રીનું લિંગ તે સ્ત્રીલિંગ અર્થાત્ સ્ત્રીવેદ; કારણ કે, શરીરનિવૃત્તિ રૂપ વેદ વિદ્યમાન છતાં સિદ્ધ થઈ શકાતું નથી. તેવા સ્ત્રી લિંગમાં વર્તતા જે સિદ્ધ થાય તે સ્ત્રીલિંગ સિદ્ધ કહેવાય છે. પ્રત્યેક બુદ્ધ શિવાયના કેટલાકએક સ્ત્રીલિંગ સિદ્ધ થયેલા છે.

तथा पुरुषलिंगे शरीरनिवृत्तिरुपे व्यवस्थिताः संतो ये सिद्धाः ते पुरुषलिंगासिद्धाः ।

શરીર નિવૃત્તિ રૂપ પુરૂષલિંગ (વેદ) માં રહેતાં જે સિદ્ધ થયા તે પુરૂષલિંગ સિદ્ધ કહેવાય છે.

तथा नपुंसकलिंगे वर्त्तमानाः संतो ये सिद्धास्ते नपुंसक लिंगसिद्धाः ।

નપુંસક લિંગમાં રહેતાં જે સિદ્ધ થયા તે નપુંસક લિંગ સિદ્ધ કહેવાય છે.

गृहस्थाःसंतोयेसिद्धातेगृहस्थसिद्धाःभरतादयः।

ગૃહસ્થ થઈ જે સિદ્ધ થયેલા તે ગૃહસ્થસિદ્ધ કહેવાય છે. જેમા કે ભરત વિગેરે.

प्रत्येकं किंचिद् वृषभादिकंअनित्यतादिभावना कारणं वस्तु बुध्वा बुध्ववंतःपरमार्थमिति प्रत्येकबुद्धाः संतो ये सिद्धाः ते प्रत्येकबुद्धाः ।

પ્રત્યેક એટલે કાંઈક ધર્મ પ્રમુખ કે જે અનિત્ય વિગેરે ભાવનાનું કારણ રૂપ વસ્તુ જાણી પરમાર્થ જાણનારા તે પ્રત્યેક બુદ્ધ; તેવા પ્રત્યેક બુદ્ધ થઇ જે સિદ્ધ થયેલા તે પ્રત્યેક બુદ્ધ સિદ્ધ કહેવાય છે.

तथा एकैकसमये एकैका वसंतो ये सिद्धास्ते एकसिद्धाः ।

એક એક સમયે એક એક રહેતા જે સિદ્ધ થયેલા તે એક-સિદ્ધ કહેવાય છે.

एकसमयेऋषभादिअष्टशतोत्तराःसेधनादनेकसिद्धाः।

એક સમયે રૂષભદેવ પ્રમુખ એકસો ને આઠ સિદ્ધ થયેલા તે અનેક સિદ્ધ કહેવાય છે.

बुद्धा आचार्याः तैर्बोधिता ये सिद्धाः ते बुद्ध-
बोधित सिद्धाः ।

બુદ્ધ એટલે આચાર્ય તેમણે બોધ પમાડતાં જે સિદ્ધ થયેલા તે બુદ્ધ બોધિતસિદ્ધ કહેવાય છે.

इति पंचदशभेदाः

એવી રીતે સિદ્ધનાં પંદર ભેદ છે.

इति नवतत्वाचूरी समाप्ता ।

એવી રીતે નવતત્વ બોધની અવચૂરી સમાપ્ત થઈ.

श्री नवतत्वबोधः अवचूरी सहितः

* સ્વયંબુદ્ધ સિદ્ધતે કપિલાદિ પ્રમુખ જાણવા.